CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૫૫
તા.૧૦-૦૭-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ અષાઢ વદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૨ સૂર્યાસ્ત : ૦૭:૨૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૫.૮ | વડોદરા | ૩૫.૨ |
| અમદાવાદ | ૩૬.૦ | સુરત | ૩૨.૬ |
| ગાંધીનગર | ૩૬.૦ | નલિયા | ૩૩.૪ |

ચાંદી : ૩૮૧૦૦ સોનું : ૨૯૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કૃષિ સંબંધિત ચર્ચા માટે આજે નીતિ આયોગની બેઠક

## તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના ચીફ સેક્રેટરી ઉપસ્થિત : જુદા જુદા રાજ્યોમાં ખેડૂતો દ્વારા કિંમતોને લઈને ઉગ્ર આંદોલન અને દેખાવો વચ્ચે બેઠક : કૃષિ સેક્ટરના સુધારા અને વિકાસના મુદ્દાઓ પર ચર્ચા કરાશે

નવી દિલ્હી

કિંમતોને લઈને ખેડૂતોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે ત્યારે જુદા જુદા વિષયો ઉપર ચર્ચા કરવા તથા ખેડૂતોમાં પ્રવર્તી રહેલા અસંતોષને દૂર કરવાના ઈરાદા સાથે કેન્દ્ર સરકાર આવતીકાલે અતિ મહત્વપૂર્ણ બેઠક યોજનાર છે. ખેડૂતો અને કૃષિ સાથે સંબંધિત વિષય ઉપર ચર્ચા કરવામાં આવશે. નીતિ આયોગ દ્વારા આ બેઠક યોજવામાં આવનાર છે. ખેડૂત સાથે સંબંધિત તકલીફોને દૂર કરવા કેન્દ્રીય સહાયતાના મુદ્દે પણ ચર્ચા થશે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ચીફ સેક્રેટરી આ બેઠકમાં ભાગ લેશે અને કૃષિ સેક્ટરમાં સુધારા તથા અન્ય વિકાસના મુદ્દા ઉપર આમા ચર્ચા કરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ નાણા અને કૃષિ મંત્રાલય વચ્ચે ચર્ચા થઈ ચુકી છે. ખેડૂતો દ્વારા દેશના જુદા જુદા ભાગોમા હાલમાં દેખાવો કરવામાં આવી ચુક્યા છે. નાણા અને કૃષિ મંત્રાલય તતા વડાપ્રધાનની ઓફિસ વચ્ચે કૃષિ પરિસ્થિતિના સંદર્ભમાં અનેક વખત ચર્ચા થઈ છે. ગયા મહિનામાં મધ્યપ્રદેશના મંદસોર જિલ્લામાં પોલીસ ગોળીબારમાં છ ખેડૂતો માર્યા ગયા હતા. નીતિ આયોગની આ બેઠકમાં સર્વાંગી મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ચીફ સેક્રેટરી અને અન્ય અધિકારીઓની આ બેઠકને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નીતિ આયોગના સભ્ય વિવેક ડેબરોય દ્વારા એક રજૂઆત પણ કરવામાં આવશે. તેઓ સરકારની યોજનાઓના સંદર્ભમાં પણ માહિતી આપશે. શ્રેણીબદ્ધ મુદ્દાઓ આમા છવાશે. જેમાં ઓછા રોકડ લેવડદેવડનો મુદ્દો પણ છવાશે. કારોબારને કેવીરીતે સરળ કરી શકાય તે મુદ્દો પણ છવાશે. ચીફ સેક્રેટરીઓની રાષ્ટ્રીય પરિષદમાં નાણા સચિવો અને આયોજન સેક્રેટરીઓ પોતાની રજૂઆત કરનાર છે.

પાંચ રાજ્યોમાં કૃષિ લોન માફીની જાહેરાત હાલમાં જ કરવામાં આવી હતી જેમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, કર્ણાટક, તેલંગાણા અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. આ લોન માફીનો આંકડો બે લાખ કરોડનો છે. નાણામંત્રી જેટલી કહી ચુક્યા છે કે, કેન્દ્ર સરકાર રાજ્યો દ્વારા કોઈ લોન માફીમાં ભાગ લેશે નહીં. રાજ્યોને જ જવાબદારી ઉપાડવી પડશે. જેટલી એમ પણ કહી ચુક્યા છે કે, કેન્દ્ર સરકાર જીડીપીના ૩.૨ ટકાના આ વર્ષ માટેના ફિસ્કલ ડેફિસિટના ટાર્ગટને વળગી રહેશે. સુત્રોનું કહેવું છે કે, કેન્દ્ર તરફથી રાહત પેકેજના મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ શકે છે. આ મામલે અનૌપચારિક ચર્ચાઓ પહેલા પણ થઈ ચુકી છે. પાક માટે લઘુત્તમ સમર્થન મૂલ્ય ઉપર બોનસ સહિતના પેકેજ ઉપર ચર્ચા થશે. સાથે સાથે પાકની ચોક્કસ ખરીદીના મુદ્દે ચર્ચા થશે. નાણામંત્રાલય દ્વારા કેટલીક રજૂઆતો પહેલા પણ થઈ ચુકી છે. કૃષિ સુધારા ઉપર ધ્યાન આપવામાં આવશે. યુનિફાઈડ ફાર્મ માર્કેટની રચના કરવાનો મુદ્દો મુખ્યરીતે છવાશે. કૃષિ મંત્રાલય દ્વારા ખેડૂતોની મદદ કરવા માટે લેવામાં આવેલા પગલાની રજૂઆત કરી શકે છે.

## વિચાર વૈભવ...

કેટલાક લોકો પોતાને બધી જ બાબતોમાં નિષ્ણાંત- હોશિયાર- પ્રવીણ માનતા હોય છે અને એની પાસે આવનાર કોઈને પણ, કોઈ ને કોઈ ક્રિયામાંથી 'દોષ' બતાવીને એને નાનો ચીતરવા પ્રયત્નશીલ રહેતા હોય છે. અર્થાત્ એમના સ્વભાવમાં 'દષ્ટિદોષ' જ હોય છે.. સંત સ્વભાવ કોઈના દોષ જોતો નથી. કોઈમાં શું સારું છે એની જ નોંધ લે છે.

સંત હઝરત અલી ત્રણે ટાઈમ, નિયમિત શાંતિથી સ્વછતાથી મનથી નમાજ પઢતા. તેમની નમાજનો ખુબ જ પ્રભાવ હતો. કેટલાક રૂઢિચુસ્ત અનુયાયીઓ તો તેમને નમાજ પઢતા જોઈને જ ભાવવિભોર થઈ જતા...

એકવાર, હઝરત અલીની નમાજ પૂર્ણ થઈ. આસપાસ પવિત્રતા હતી. ત્યાં એક બંદગીદારે પૂછ્યું, 'બાબા મારી નમાજમાં ક્યાં - કેટલીવાર- કેવી ભૂલ થાય છે એ મને કૃપા કરીને કહો!'

સંત હઝરતે કહ્યું, 'જો ભાઈ! મને કોઈની ભૂલ- ચૂક જોવાની બિલકુલ આદત નથી અને નમાજ જેવી ઈબાદતમાં ભૂલ તો હોય જ ક્યાંથી? આમ છતાં હું નમાજ પઢતો હોઉં ત્યારે ધ્યાનથી જોજે અને તારી ભૂલ સમજાય તો, સમજીને સુધારી લેજે!'

સુરેશ પ્રા.ભટ્ટ

## મહારેલીમાં એકલાખથી વધુ વેપારીઓ જોડાશે

# જીએસટીના વિરોધમાં બુધવારે અમદાવાદમાં મહારેલી

## અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર સહિત રાજયથી વેપારીઓ મહારેલીમાં જોડાશે : કેન્દ્ર સરકાર પર દબાણ

અમદાવાદ

સુરતમાં જીએસટીના પ્રચંડ વિરોધ બાદ હવે વિરોધ આંદાલનનો ગરમાવો અમદાવાદ સુધી પહોંચ્યો છે. અમદાવાદમાં પણ અચોક્કસ મુદતની હડતાળ બાદ જીએસટીનો વિરોધ વધુ ગરમાયો છે. અમદાવાદ શહેરમાં તા.૧૨મી જૂલાઈએ કાપડ ઉદ્યોગના વેપારીઓ-કારીગરોની એક વિશાળ રેલી નીકળશે અને સેલ્સટેક્સ ઓથોરીટી સહિતના સત્તાવાળાઓને આવેદનપત્ર આપી જીએસટીનો જોરદાર વિરોધ વ્યકત કરશે. તા.૧૨મી રેલીમાં રાજયભરમાંથી કાપડબજારના વેપારીઓ, કારીગરો અને આગેવાનો ભાગ લેવા આવશે. અંદાજે એક લાખથી વધુ લોકો કાપડબજારના વેપારીઓની રેલીમાં જોડાય તેવી શકયતા છે. સુરતમાં કાપડબજારના વેપારીઓ પર જીએસટીઓના વિરોધ પ્રદર્શન દરમ્યાન પોલીસ દ્વારા નિર્દયતા પૂર્વક લાઠીચાર્જ કરવાની ઘટના બાદ રાજયભરના કાપડબજારના વેપારીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. અમદાવાદમાં પણ જીએસટી સામે વિરોધનો જોરદાર વંટોળ ફુંકાયો છે. જીએસટીના વિરોધમાં કાપડબજારના વેપારીઓએ અચોક્કસ મુદતની હડતાળનો નિર્ણય લઈ શહેરના તમામ કાપડબજારો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે અને હવે વિરોધને રાજયવ્યાપી બનાવવાની દિશામાં કાપડબજારના નેતાઓ અને આગેવાનો લાગી ગયા છે. રોજ નવી રણનીતિ અને વ્યૂહરચના સાથે જીએસટીનો વિરોધ કરવા બેઠકોના દોર ચાલી રહ્યા છે. શહેરના ન્યુ કલોથ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, નૂતન કલોથ માર્કેટ, પાંચકુવા સિંધી માર્કેટ, શ્રીરામ માર્કેટ, મસ્કતી માર્કેટ, હરીઓમ માર્કેટ, સુગ્નોમલ માર્કેટ, સફલ- ૧,૨ અને ૩ માર્કેટ સહિતના કાપડબજારોમાં બંધના લીધે સન્નાટાનો માહોલ છવાશે અને કાપડબજારનું કામકાજ ઠપ્પ થઈ જશે. કાપડબજારના અગ્રણીઓનું કહેવું છે કે, કાપડબજારના વેપારીઓના વિરોધ અને ઉગ્ર માંગણી છતાં રાજય સરકારે હજુ સુધી સમાધાનકારી વલણના પ્રયાસ સુધ્ધાં કર્યા નથી, જેને લઈ વેપારીઓમાં ઉગ્ર આક્રોશ છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણીના એક દિવસ પહેલા સંબોધન

# રાષ્ટ્રપતિ ચૂંટણી : નરેન્દ્ર મોદી એનડીએના સાંસદોને સંબોધશે

## એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોવિંદ ૧૧મીએ ગુજરાત પહોંચશે : રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ઉત્સુકતા

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાનના એક દિવસ પહેલા એટલે કે ૧૬મી જુલાઈના દિવસે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ના સાંસદોની બેઠકને સંબોધશે. એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રામનાથ કોવિંદ પણ આ બેઠકમાં હાજરી આપશે. ભાજપના નજીકના સુત્રોએ આ અંગેની માહિતી આજે આપી હતી. કોવિંદ જુદા જુદા રાજ્યોમાં પ્રવાસ કરીને સાંસદો અને ધારાસભ્યો સાથે વાતચીત કરી ચુક્યા છે. રાષ્ટ્રપતિ પદની દાવેદારીને ટેકો આપી રહેલા સાંસદો અને ધારાસભ્યોને મળી ચુક્યા છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાનના એક દિવસ પહેલા એનડીએ સાંસદ સાથે કોવિંદ પણ વાતચીત કરનાર છે. સંસદનું મોનસુન સત્ર ૧૭મી જુલાઈના દિવસથી શરૂ થઈ રહ્યું છે. રાષ્ટ્રપતિની ચૂંટણીના દિવસે જ સંસદનું સત્ર શરૂ થઈ રહ્યું છે. બંને ગૃહને પ્રથમ દિવસે જ વર્તમાન સભ્યોના અવસાનના કારણે શ્રદ્ધાંજલિ બાદ મોકૂફ કરી દેવામાં આવશે. ભાજપ સંસદીય પાર્ટીની કારોબારીની બેઠક ૧૬મી જુલાઈના દિવસે મળનાર છે. એનડીએ નેતાઓની ત્યારબાદ બેઠક યોજાશે. સુત્રોએ કહ્યું છે કે, સર્વપક્ષીય બેઠક એજ દિવસે યોજવામાં આવશે. મધ્યપ્રદેશમાં રહેલા કોવિંદ આવતીકાલે છત્તીસગઢ જશે. તેમની સાથે નાણામંત્રી અરુણ જેટલી અને ભાજપના જનરલ સેક્રેટરી અરુણ સિંહ પણ રહેશે. તેઓ ૧૧મી જુલાઈના દિવસે ગુજરાત આવશે. તે દિવસે તેમની સાથે ભાજપના પ્રમુખ અમિત શાહ રહેશે. તેમની સાથે ભાજપના જનરલ સેક્રેટરી ભુપેન્દ્ર યાદવ પણ રહેશે. ૧૨મી જુલાઈના દિવસે કોવિંદ ઝારખંડ જશે. ૧૩મી જુલાઈના દિવસે હિમાચલ અને રાજસ્થાન જશે. ભાજપના સુત્રોનું કહેવું છે કે, કોવિંદ વિપક્ષના ઉમેદવાર મીરાકુમાર સામે તેમની સ્પર્ધામાં બે તૃતીયાંશથી વધુ મત મેળવી લેશે અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીતી જશે. ટોચના બંધારણીય હોદ્દા માટેની ચૂંટણી લઈને દેશમાં રાજકીય ગરમી છે. ૧૬મી જુલાઈના દિવસે મળનારી બેઠકને લઈને ભાજપના સાંસદો અને સભ્યોમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે. કારણ કે વડાપ્રધાન મોદી સંબોધન કરનાર છે.

## શેરબજારમાં મુખ્ય ૭ પરિબળોની અસર રહેશે : ઉતારચઢાવ દેખાશે

મુંબઈ

શેરબજારમાં આવતીકાલથી શરૂ થયા નવા કારોબારી સેશનમાં કુલ સાત મુખ્ય પરિબળોની સીધી અસર જોવા મળશે. આ સાત પરિબળો માર્કેટની દિશા નક્કી કરનાર છે. જે સાત પરિબળોની અસર થનાર છે તેમાં આવતીકાલથી જારી કરવામાં આવનાર કંપનીઓના તેના જુનના ત્રિમાસિક ગાળાના પરિણામો, માઈક્રો ઈકોનોમિક આંકડા અને મોનસુનની પ્રગતિ, જીએસટી અમલીકરણ, ટેકનિકલ આઉટલુક અને યુએસ જોબ ડેટાની સીધી અસર જોવા મળી શકે છે. ભારતીય હવામાન વિભાગે ગુરૂવારના દિવસે આગાહી કરતા કહ્યુ હતુ કે પહેલી જુનથી પાચમી જુલાઈ વચ્ચેના ગાળામાં ભારતમાં સિચાઈ સિઝન વરસાદનો આંકડો ૨૦૬.૭ મીમીના નોર્મલ વરસાદની સામે ૨૧૭.૩ મીમી રહ્યો છે. જુન- સપ્ટેમ્બર સાઉથ વેસ્ટ મોનસુન દેશના કૃષિ સેક્ટર માટે ખુબ ઉપયોગી રહે છે. કારણ કે આ ગાળા દરમિયાન ખેતીમાં પ્રવૃતિ વધારે જોવા મળે છે.

# ધાનેરામાં યુવકને જીવલેણ માર મારનાર તબીબ સહિત ચાર સામે ફરીયાદ

## યુવક અમદાવાદ સિવિલમાં ગંભીર હાલતમાં જીવન - મરણ વચ્ચે ઝોલા ખાય છે



તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાની એક ખાનગી હોસ્પિટલમાં એક યુવકને જીવલેણ માર મારી ગંભીર ઈજા પહોંચાડનાર તબીબ સહિત ચાર શખ્સો સામે યુવકની પત્નીએ ગતરોજ ધાનેરા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. જોકે હાલમાં યુવકની હાલત ગંભીર હોવાનુ તેમજ તે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જીવન - મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

ધાનેરા ખાતે રહેતા ભાવેશભાઈ રતીલાલ જોષી ગત તારીખ ૧/૭/૨૦૧૭ ના રોજ પોતાના ઘરે હતા. ત્યારે રાતે ૮ વાગ્યાના સુમારે ધાનેરાની મંગળ હોસ્પિટલના તબીબ ડો.મુકેશ મંગળની પત્ની સંગીતાબેને ઘરે ફોન કરી અમદાવાદ ગાડી લઈને જવાનું છે તેમ કહી તેમને હોસ્પિટલ બોલાવ્યા હતા. પરંતુ ભાવેશભાઈ ભાઈએ વરસાદનુ વાતાવરણ હોવાથી હું અમદાવાદ આવી શકુ તેમ નથી તેવુ જણાવતાં સંગીતાબેને તેમની હોસ્પિટલમાંથી માણસને ભાવેશભાઈના ઘરે લેવા માટે મોકલ્યા હતા. બાદમાં ભાવેશભાઈને હોસ્પિટલમાં લઈ જઈ તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. ત્યારે બીજીતરફ મોડે સુધી ભાવેશભાઈનો કોઈ સંપર્ક ન થતા તેમના નાના ભાઈ જીગરભાઈ હોસ્પિટલ તપાસ કરવા માટે ગયા હતા. જયાં ભાવેશભાઈ લોહીલુહાણ હાલતમાં પડ્યા હોઈ તે વિશે પુછપરછ કરતાં હોસ્પિટલના માણસોએ તેમને માર મારી ઘરે તગડી મુક્યા હતા. આથી જીગરભાઈએ ઘરે

અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### અંકુશરેખા પાસે પાકિસ્તાની ચોકીને જવાનોએ ફૂંકી મારી

નવીદિલ્હી

જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લા સાથે જોડાયેલી અંકુશરેખાની બીજી તરફ પાકિસ્તાની ચોકીને ભારતીય સેનાએ આજે ફૂંકી મારી હતી. પાકિસ્તાન તરફથી ક્રોસ બોર્ડર ગોળીબારમાં એક આર્મી જવાન અને તેમના પત્નિના મોત બાદ ભારતીય સેનાએ આજે આ કાર્યવાહી કરી હતી. અંકુશરેખા નજીક ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાને ફૂંકી મારી હતી. આમા બે પાકિસ્તાની જવાનના મોત થયા હતા. સાથે સાથે પાંચ નાગરિકોના પણ મોત થયા છે. પૂંચના એસએસપી પાંડે રાજીવ ઓમપ્રકાશે માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાનની સેનાની ચોકીને ભારતીય જવાનોએ નષ્ટ કરી નાંખી છે જેમાં બે પાકિસ્તાની જવાન પણ માર્યા ગયા છે. આ જવાન ૨૭ ફ્રન્ટીયર ફોર્સના સભ્યો હતો જેમને પૂંચ જિલ્લાના ચક્કાદાબાદ અને ખારી કારમારાની સામે સરહદની પેલેપારે તૈનાત કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ કહ્યું છે કે, ઓપરેશન દરમિયાન બે પાકિસ્તાની બંકરોને પણ નષ્ટ કરી દેવામાં આવ્યા હતા. અલબત્ત આ ઘટનામાં સેના તરફથી કોઈ નિવેદન કરવામાં આવ્યું નથી. ૨૩મી મેના દિવસે સેનાએ ત્રાસવાદીઓની ઘુસણખોરીને રોકવા પાકિસ્તાની ચોકીને આ રીતે જ ફૂંકી મારી હતી. યુદ્ધવિરામના ભંગના ભાગરૂપે આજે પણ પાકિસ્તાને ભારતીય સેનાની ચોકીઓ ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. અંકુશરેખા પર નાગરિક વિસ્તારમાં પણ ગોળીબાર કરાયો હતો.

# પાલનપુરની કોલેજ સામેથી ચક્કુની અણીએ યુવતીનું અપહરણ

## અપહૃત યુવતી પર પાટણમાં દુષ્કૃત્યની કોશિષ કરાતાં ચકચાર

પાલનપુર

પાલનપુરની કોલેજમાં અભ્યાસ કરતી એક છાત્રાને તેના કોલેજીયન મિત્રએ અગાઉ સ્ટુડીયોમાં લઈ જઈ સાથે ફોટા પડાવ્યા હતા. જેના આધારે તેણીને બ્લેકમેલ કરવાની ધમકી આપી ખરાબ માંગણીઓ કરતો હતો. દરમિયાન ગુરૂવારે આ કોલેજીયન મિત્રે પાલનપુરની કોલેજ આગળથી પીડિત છાત્રાનું ચપ્પાની અણીએ અપહરણ કરી પાટણ લઈ જઈ દુષ્કૃત્ય ગુજારવાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પાલનપુર કોલેજની છાત્રાને તેના સહપાઠી મિત્રે ચપ્પાની અણીએ અપહરણ કરી પાટણ લઈ જઈ એક મહિલાના ઘરમાં ગોંધી રાખી દુષ્કર્મ ગુજારવાનો પ્રયાસ કર્યો હતો. જયાંથી અન્ય ચાર શખ્સોની મદદથી યુવતીને પાલનપુર લાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી છોડી મુકી હતી. આ અંગે યુવતીએ મદદગારી કરનારી પાટણની મહિલા સહિત પાંચ સામે ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં ચકચાર મચાવનાર અને શાળા-કોલેજમાં અભ્યાસ કરતી છાત્રાઓ માટે લાલ બત્તી સમી ઘટનાની ભીતરી વિગતો જોઈએ તો, માધુપુરા રોડ વિસ્તારમાં રહેતી કલ્પના (નામ બદલ્યું છે) પાલનપુરની કોલેજમાં અભ્યાસ કરે છે. જેની સાથે તેના પાલનપુર તાલુકાના વગદા ગામના વિનયજી મેરૂજી ઠાકોરે મિત્રતા કેળવી હતી. અને તેણીને સ્ટુડીયોમાં લઈ જઈ સાથે ફોટો પડાવ્યો હતો. જે ફોટાના આધારે યુવતીને બદનામ કરવાની ધમકી આપી ખરાબ માંગણીઓ કરતો હતો. આથી તેનાથી કંટાળી કલ્પના ગત તા. ૫-૭-૨૦૧૭ના રોજ આત્મહત્યા કરવા માટે ઘરેથી નીકળી હતી. જેની જાણ તેણે વિનયને ફોન કરી કરતાં કોલેજ આગળ બોલાવી હતી. જયાંથી વિનયે ચપ્પાની અણીએ તેણીનું રિક્ષામાં અપહરણ કર્યુ હતુ. અને પાટણ લઈ જઈ ઉવર્સીબેન રાવલના મકાનમાં પુરી દઈ દુષ્કર્મ ગુજારવાની કોશિષ કરી હતી. દરમિયાન ઉવર્સીબેને ફોન કરતાં વગદા ગામના મેરૂજી ધુળાજી ઠાકોર, ભુપતજી ધુળાજી ઠાકોર અને પલાજી ધુળાજી ઠાકોર પાટણ ગયા હતા. જયાંથી કલ્પનાને પાલનપુર લાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી છોડી મુકી હતી. આ અંગે પીડિત છાત્રએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તમામની સામે ગૂનો નોંધી પી.આઈ. જે.ડી. મેવાડાએ વધુ તપાસ હાથ ધરી છે.

# હેરિટેજ સિટી : આખરે બે બિન ગુજરાતીની મહેનત રંગ લાવી

## ૧૯૯૭માં પ્રથમવાર પૂર્વ કમિશનર કેશવવર્માએ હેરિટેજ સેલની રચના કરી દેબાશિષ નાયકને જવાબદારી સોંપી

અમદાવાદ

અમદાવાદ શહેરને પોલેન્ડના કારકો ખાતે મળેલી હેરિટેજ કમિટીની બેઠકમાં શનિવારે ભારતીય સમયાનુસાર રાત્રે ૯.૪૫ કલાકે વિશ્વકક્ષાના હેરિટેજ સીટીનો દરજ્જો આપવામાં આવ્યો તે સમયે આજથી ૨૦ વર્ષ અગાઉ આ મામલે શરૂઆત કરનારા બે બિન ગુજરાતી અધિકારીઓની મહેનત અંગે રંગ લાવી છે.આ અંગેની વિગત એવી છે કે,વર્ષ-૧૯૯૭-૯૮માં અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનર તરીકે પૂર્વ મ્યુનિસિપલ કમિશનર કેશવ વર્મા કાર્યરત હતા.તેમણે અમદાવાદ શહેરની ઐતિહાસિક ઓળખ જાણી લીધી હોય એમ એ સમયે હેરિટેજ સેલની રચના કરી હતી.ઉપરાંત આ હેરિટેજ સેલના વડા તરીકે બીજા બિન ગુજરાતી અધિકારી એવા દેબાશિષ નાયકની નિમણૂંક કરી હતી.એ સમયે મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા હેરિટેજ સેલ કામગીરી કરી શકે એ માટે રૂપિયા ૨૫ લાખના બજેટની પણ ફાળવણી કરી હતી.અમદાવાદ શહેરની ભૂગોળ પણ ન જાણતા એવા દેબાશિષ નાયકની કેશવ વર્માએ નિમણૂંક કરી તે સમયે દેબાશિષની નિમણૂંક સામે એક મોટો વિવાદ સર્જાવા પામ્યો હતો.આમ છતાં દેબાશિષ નાયકે પૂર્વ મ્યુનિસિપલ કમિશનર કેશવવર્માના માનસિક સપોર્ટની મદદથી અમદાવાદના કોટ વિસ્તારમાં આવેલા ખાડિયા વિસ્તારની દેસાઈની પોળના મકાનને પોતાનુ નિવાસ સ્થાન બનાવી અમદાવાદના ઐતિહાસિક વારસાને જાણવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.આ દરમિયાન પૂર્વ આરોગ્ય મંત્રી અને ખાડિયાના ધારાસભ્ય સ્વ.અશોક ભટ્ટ,સ્વ.આસુતોષ ભટ્ટ અને અન્યોએ ખાડિયા ઈતિહાસ સમિતિની રચના કરી હતી.જેમાં ખાડિયામાં આવેલી દેસાઈની પોળ,ધોબીની પોળથી લઈને અનેક પોળોના ગૌરવવંતા ઈતિહાસને સંપાદીત કરવાની જવાબદારી આસુતોષ ભટ્ટને સોંપવામાં આવી હતી.એ સમયે મ્યુનિસિપલ કમિશનર કેશવવર્માને ખબર પડી કે,સુભાષચંદ્ર બોઝ ખાડિયાની ધોબીની પોળમાં રહેતા હતા.

## માંગણી અયોગ્ય, કાપડ ઉદ્યોગ પર લાગેલો GST પાછો નહી ખેંચાય : નીતિન પટેલ

સુરત

સુરતમાં ટેક્સટાઈલ વેપારીઓની હડતાળને નીતિન પટેલે ગેરવાજબી ગણાવી છે. નીતિન પટેલે ટેક્સટાઈલ વેપારીઓની માંગણી અયોગ્ય ગણાવી છે. તેમણે કહ્યું કે સરકાર ટેક્સટાઈલ ઉદ્યોગ પર લાગેલા જીએસટીને પાછો નહી ખેંચે. સુરતમાં છેલ્લા ૬ દિવસથી ટેક્સટાઈલ વેપારીઓ જીએસટીનો વિરોધ કરી રહ્યા છે. જીએસટીના ટેક્સટાઈલ વેપારીઓના વિરોધને રાજયના નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે ગેરવાજબી ગણાવ્યો છે. નીતિન પટેલે કહ્યું કે કપડા વેપારીઓનો કોઈપણ પ્રકારના જીએસટી ટેક્સ જોઈતો નથીની માંગણી અયોગ્ય છે. નીતિન પટેલે વધુમાં કહ્યું કે કેન્દ્રીય જીએસટી કાઉન્સિલે વિવિધ ઉદ્યોગો પર ટેક્સ નક્કી કર્યો છે. જેનો ટેક્સટાઈલ ઉદ્યોગના વેપારીઓએ સ્વીકાર કરવો પડશે. સરકાર ટેક્સટાઈલ ક્ષેત્રમાં લાગેલા જીએસટી પાછો નહી ખેંચે.

CMYK

**સૂર્યોદય - ૬.૦૦ સૂર્યાસ્ત - ૭.૨૮**

## તિથિદર્શન

અષાઢ વદ-૧ સોમવાર ૨૦૭૩

| | | |
|---|---|---|
| ૪ | ૩ લ.સુ.મં. | ૨બુ. |
| ૫ રા. | | ૧ શુ. |
| ૬ ગુ. | | ૧૨ |
| ૭ | ૯ | ૧૧ કે. |
| ૮શ. | | ૧૦ ચં. |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ અષાઢ વદ :એકમ સોમવાર નક્ષત્ર : ઉત્તરષાઢા સાંજે ૭.૦૯ પછી શ્રવણ યોગ: ધૃતી કરણ: તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### લક્ષ્મીં તો ય તરંગ ભંગ ચપલા, વિદ્યુત ચલં જીવિતમ્

'ધન- સંપત્તિ- ભૌતિક સુખો વગેરે પાણી- સમુદ્રમાં ઊઠતાં તરંગ- મોજાંની જેમ તરત જ વેરાઈ જાય, શમી જાય છે, તેમ લક્ષ્મી પણ ચંચળ હોઈ તરત જ હાથમાંથી સરી જાય છે. જીવન પણ વીજળીના ચમકારા જેવું ક્ષણિક અને ચંચળ છે. અર્થાત્ ધન- સંપત્તિ- જીવન બધું જ ક્ષણભંગુર છે.'

આજકાલ આપણા માનવંતા પ્રધાનશ્રી સચિવો બધા જ કોઈ ને કોઈ કૌભાંડ અને કેગના સાણસામાં સપડાયા છે. આવા લોકો ઉચ્ચ પદે બિરાજમાન હોય એટલે ધર્મ- શાસ્ત્રો અને સંસારવ્યવહારમાં તો વિદ્વાન- પંડિત તો હોય જ. આમ છતાં એ લોકો જીવન, સંપત્તિ, ભૌતિક સુખોની ક્ષણભંગુરતા- ચંચળતા સમજતા કેમ નહીં હોય? જેલ અને ફાંસીના માંચડે બેઠેલાઓને ખબર કેમ નહીં પડતી હોય કે કૌભાંડ- ખાયકીની ખીચડી સાથે ચાલવાની નથી, ભૌતિક સુખો ક્ષણિક જ છે, બાકી તો જેલમાં જ રિબાવાનું છે.. જીવનનો હેતુ- લક્ષ્ય અને ધ્યેય જે નથી સમજતા એ લોકો જીવન વેડફી નાખે છે. સાચી દિશામાં યોગ્ય દૃષ્ટિથી જો જીવન જોઈ સમજી શકે તો જ જીવન સફળ થાય.

## ખેલ મહાકુંભ-૨૦૧૭માં ભાગ લેવા માટે તા.૧૦ ઓગષ્ટ૦ સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકાશે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા રમત ગમત અધિકારીશ્રી મુકેશભાઇ ઘોયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે રમત ગમત યુવા અને સાંસ્કૃતિ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજીત અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ-૨૦૧૭માં ભાગ લેવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન તા.૩૦/૬/૨૦૧૭ થી તા.૧૦/૮/૨૦૧૭ સુધી ખેલ મહાકુંભની વેબસાઇટ www.khelmahakumbh.rog કરી શકાશે. અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૭ તથા ઓપન એજ (સિનિયર) કેટેગરીમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે શાળાઓમાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત છે. કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ તેમની કોલેજ મારફત રજીસ્ટ્રેશન કરી શકશે. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાની ગામની સ્કુલ/હાઈસ્કુલમાંથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ઓન લાઇન રજીસ્ટ્રેશન કરવા માટે વેબસાઇટ www.khelmahakumbh.rog અને khelmahakumbh-૨૦૧૭ એન્ડ્રોઇડ અને આઇ.ઓ.એસ. મોબાઇલ એપથી ઓનલાઈન રજીસ્ટ્રેશન થઇ શકશે. ખેલ મહાકુંભ-૨૦૧૭માં ભાગ લેવા વધુ માહિતીની જાણકારી માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, પાલનપુરનો સંપર્ક કરવા જણાવાયું છે.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

મહાન ક્રિકેટર સુનિલ ગાવસ્કરનો જન્મ દીવસ છે. એમનો જન્મ૧૦-૭-૧૯૪૯ ના રોજ થયો હતો. માત્ર ઓગણીસ વર્ષની વયે બોમ્બે યુનિવર્સિટીની ક્રિકેટ ટીમમાંથી મુંબઈની રણજીત ટીમમાં પ્રવેશનાર અને ચાર જ ફર્સ્ટ કલાસ ક્રિકેટ મેચ રમીને પસંદગી સમિતીના ધુરંધર નિર્ણાયકોને પ્રભાવિત કરી ૧૯૭૧ માં ૨૧ વર્ષની વયે ભારતીય ટીમમાં સ્થાન પામનાર એ આપણા આશાસ્પદ અને યશસ્વી ખેલાડી છે.

અત્યાર સુધીમાં ૧૧૨ ટેસ્ટ મેચ રમી ચૂકેલા ગાવસ્કરે ૯૭ કેચ અને ૯,૧૯૨ રન પોતાના નામે નોધાવી દીધા છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઇ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ :** મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન :** આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઇ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઇ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ :** આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા :** વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા :** સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક :** આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઇ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન :** આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર :** આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ :** આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન :** કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઇ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## આંતરરાષ્ટ્રીય નશીલા પદાર્થ વિરોધી દિનની ઉજવણી

પાલનપુર

નશાબંધી અને આબકારીખાતું પાલનપુર તથા નશાબંધી મંડળ ગુ- જરાત સંચાલીત નવજીવન વ્યસનમુક્તિ અને પુનઃવસન કેન્દ્ર પાલનપુર તથા નહેરુ યુવા કેન્દ્ર પાલનપુરના સંયુક્ત ઉપક્રમે ૨૬ મી જુન આંતરાષ્ટ્રીય નશીલા પદાર્થ વિરોધી દિનની ઉજવણી આદર્શ નિવાસી શાળા પાલનપુર ખાતે કરવામાં આવી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વ્યસનો અને આજનું યુવાધન વિષય ઉપર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી. સ્પર્ધામાં ભાગ લીધેલ સ્પર્ધકોને ઈનામો આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને વ્યસનોથી થતા નુકશાનોની જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નવજીવન આઈ.આર.સી.એ પાલનપુરના દિનેશપુરી ગૌસ્વામી તથા કે.આર.ગઢવી તથા જિલ્લા નશાબંધી નિયોજક ગણેશભાઈ પટેલ તથા નહેરુ યુવા કેન્દ્રના અમીચંદભાઈ શ્રીમાળી તથા રમેશભાઈ પાલાણી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય તથા સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય-ડીસામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી



ડીસા

પ્રાચીન સમયથી ચાલી આવતી ગુરૂ- શિષ્યની પરંપરાનું પર્વ એટલે ગુરૂપૂર્ણિમા. આ પર્વની ઉજવણી શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય- ડીસા તા. ૮/૭/૨૦૧૭ ને શનિવાર ના રોજ કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત કાર્યક્રમના અધ્યક્ષ જગદીશભાઈ પરમાર દ્વારા દિપ પ્રાગટ્ય કરી શરૂઆત કરી હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કુમકુમ તિલક, અક્ષત અને મોં મીઠું કરાવીને ગુરૂ પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થી ભાઈ- બહેનોએ ગુરૂપૂર્ણિમાનું મહત્વ વિશે સુંદર વક્તવ્ય રજુ કરેલા. જયારે ગુરુજીનાં સુંદર ભજનો દ્વારા બધાને મંત્ર-મુગ્ધ કરી નાખ્યા હતા. શાળાના આચાર્ય જગદીશભાઈ કે. પરમાર દ્વારા સુંદર દષ્ટાંતો દ્વારા જીવનમાં ગુરુનું મહત્વ અને ગુરુ દ્વારા ધ્યેય પ્રાપ્ત થઈ શકે તે વિશે સુંદર માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફગણ અને દરેક વિદ્યાર્થી ભાઈ- બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક કાશીરામભાઈ રાજગોર તથા રાહુલભાઈ જોશીએ કર્યું હતું. જયારે આભારવિધિ અશોકભાઈ પ્રજાપતિએ કરી હતી.

## લવાણા પે.કે. શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

પ્રતિ. લવાણા

લાખણી તાલુકાના લવાણા ગામની પ્રા.શાળામાં તારીખ ૮/૭/૨૦૧૭ શનિવારના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થના સભામાં શાળાના આચાર્ય દશરથભાઈ વાઘેલાએ ગુરૂનું મહત્વ તેમજ ગુરૂ પૂજનની પરંપરા વિશે પ્રેરક પ્રવચન કર્યું હતું. પ્રા.શાળાના ઉ.શિ દિપીકાબેન પટેલે 'વિચાર તેવું વર્તન' પુસ્તકમાંથી પ્રેરક પ્રસંગ રજૂ કર્યો હતો. શાળાના બાળકોએ શાળાના ગુરૂજીઓનું પૂજન કર્યું હતું. પ્રા.શાળામાં અભ્યાસ કરી ચૂકેલ આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ - બહેનોએ પણ શાળાની મુલાકાતે આવ્યા હતા. અને ગુરૂજીઓનું પૂજન કર્યુ હતું. શાળાના પૂર્વ વિદ્યાર્થી ભાઈ - બહેનોએ શાળા જીવનના સંસ્મરણો વોગાળ્યા હતો.

## ડીસાની આદર્શ પ્રા.શાળામાં ગુરૂવંદન - છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો



ડીસા

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સંસ્કાર મંડળ ડીસા સંચાલિત શ્રીમતી એમ.યુ.પેથાણી આદર્શ પ્રા.શાળા ડીસામાં ભારત વિકાસ પરિષદની ડીસા શાખા દ્વારા તા.૭/૭/૨૦૧૭ ને શુક્રવારના રોજ સવારના સુમંગલમય પ્રભાતે સંગીતના સુમધુર સુરાવલીઓ સાથે ગુરૂવંદન - છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો હતો. ગુરૂ પૂર્ણિમાને અનુલક્ષીને ડીસામાં ભારત વિકાસ પરિષદ દ્વારા અલગ અલગ શાળાઓમાં જઈને શાળાના શ્રેષ્ઠ શિક્ષક, વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ને સર્ટીફિકેટ શાલ આપી બિરદાવવામાં આવે છે. ગત શુક્રવારના રોજ ડીસાની આદર્શ શાળામાં પણ આવો જ એક સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ભા.વિ.પ.ની ડીસા શાખાના મહાનુભાવોને પુષ્પગુચ્છ અને પુસ્તક આપી આવકાર્યા હતા. સંગીત શિક્ષકો દ્વારા સુંદર ભજન ગવાયા બાદ ડીસામાં ભારત વિકાસ પરિષદ શાખાની કામગીરી અને રૂપરેખા નાથાલાલ બ્રહ્મક્ષત્રિયે આપી હતી. ત્યારબાદ શાળાના મ.શિ.હર્ષિલાબેન પ્રજાપતિને ચાલુ વર્ષના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ કરીને શાલ, સર્ટીફિકેટ આપી નવાજ્યા હતા. વધુમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે દિવ્યરાજ અને શ્રેષ્ઠ વિદ્યાર્થીની તરીકે અર્ચનાને પસંદ કરીને પ્રોત્સાહન રૂપે સર્ટીફિકેટ આપીને શુભ આશિષ આપ્યા હતા. આ પ્રસંગે ગુરૂનું મહત્વ એ અંતર્ગત સરસ માહિતી શાળાના શિક્ષક મથુરભાઈએ આપી હતી. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદ ડીસા શાખાના મંત્રી જયેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ પારસભાઈ ત્રિવેદી, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય સહિત શાળાના વ્યવસ્થાપક ચેતનભાઈ જોષી, પ્રધાનાચાર્ય હસુમતિબેન સાયતા, સુપરવાઈઝર જીગરભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ નાયી સહિત સમગ્ર સ્ટાફગણ હાજર રહ્યો હતો. છેલ્લે પ્રસાદી રૂપે ખારેક આપીને શાંતિમંત્ર બોલાવીને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંકલ્પો પારસભાઈ ત્રિવેદીએ લેવડાવ્યા હતા. જયારે આભાર વિધિ શાંતિભાઈએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરમાનંદ શર્માએ ર્ફ્યુ હતું. દરેક સ્ટાફમિત્રોનો સહકાર સારો રહ્યો હતો.

## સાચા આનંદની શોધ

ચાણક્યએ કહ્યું છે કે, આનંદ એ દૈવી ઓષધ છે દરેકે તેમાં રોજ સ્નાન કરવું જોઈએ પણ આનંદની સાચી સંકલ્પના હજી આપણે સમજી શકતા નથી. માટે જ આનંદની શોધ માટે વલખાં મારીએ છીએ. જંગલમાં રહેતુ હરણ કસ્તુરીની શોધમાં આમતેમ ભટકતુ રહે છે. બેબાકળુ બની જંગલો ઝાડીઓ ડુંગરા કંદરાઓમાં ભટકતુ રહે છે. પરંતુ ક્યાંય તેને કસ્તુરી મળતી નથી.આમ જ તે મૃગજળ પાછળ દોટ મુકે છે રણમાં ક્યાંય ક્યાંય સુધી તે દોડ્યા જ કરે છે. ભટક્યા જ કરે છે. પણ તે તેને મળતુ નથી.એ જળ એની તરસ છીપાવતા નથી.

હરણ જે કસ્તુરી મેળવવા માટે ભટકે છે, તે તેની અંદરજ છુપાયેલી છે તેનામાં જ સમાયેલી છે એ વાત એને સમજાઈ જાય તો તેને કસ્તુરીની શોધમાં ભટકવું ન પડે.

આપણે પણ આ હરખની માફક જ ખુશી મેળવવા માટે બે ઘડીનો આનંદ મેળવવા માટે બહાર ભટકીએ છીએ. કોઈ વ્યક્તિ રડવા માટે કે દુઃખદ માટે કે નિરાશા, હતાશા માટે ઝંખતો હોય એવું જોયુ છે? ગરીબ હોય કે ધનવાન, બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય અથવા સ્ત્રી હોય કે પુરૂષ હોય દરેકને આનંદ જોઈએ છે. આનંદની પ્રાપ્તી એ આપણી જરૂરીયાત છે. પરંતુ આપણે પણ હરણની માફક આનંદના ઝરણાંને બહાર શોધીએ છીએ. બાહ્ય જગત અને એની સાથે જોડાયેલી ભૌતિક સુખ સુવિધાઓમાં આપણે આનંદને શોધયા કરીએ છીએ, સવારથી સાંજ મથ્યા કરીએ છીએ.



### મનદર્પણ
મંજુ પ્રજાપતિ

બાળક જન્મે છે ત્યારથી ધીરે ધીરે એનો વિકાસ થાય છે બાળકમાંથી એ યુવાન બને છે. અને ત્યાર બાદ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરે છે. મૃત્યુ પર્વત વ્યક્તિના જન્મથી માંડીને ઘણા બધા ફેરફારો થાય છે. શરીરના તો ખરાંજ પણ મનના પણ એટલા જ આ ફેરફારોની સાથે સાથે તેના આનંદ, મેળવવાના માધ્યમો પણ બદલાય છે. બાળક પહેલા રમકડાં, જુદી જુદી રમતો, ખાવાની ચીજ વસ્તુઓથી આનંદ મેળવે છે. ધીમે ધીમે તે યુવાન થાય છે તો એની જરૂરીયાતો બદલાઈ જાય છે. તેની ભુખ બદલાય છે. શારીરીક, માનસીક, આર્થિક વગેરે ભુખ બસ એને સંતોષવા માટે મથ્યા જ કરે છે. પ્રથમ બાળક સ્વરૂપે હોય ત્યારે માતાના ખોળામાં તેને આખી દુનિયાનો બધોજ આનંદ મળી જાય છે. પણ થોડુક મોટુ થાય પછી એટલે કે શિશુમાંથી પુષ્પ બનતા તેને ભાઈબંધો અને બહેનપણીઓ સાથે આનંદ મેળવે છે. પછી તેના ઘરના સભ્યોમાં કે માની ગોદમાં આનંદ નથી મળતો. તે વધારે ને વધારે બહાર ભટકે છે. પોતાની ઈન્દ્રીયોની તૃપ્તી માટે વિષય રૂપી અજવાળામાં ફસાઈને જ્યાં ત્યાં ભટક્યા કરે છે. તેને જ તે આનંદ માનવા લાગે છે. પણ તે ક્ષણીક સુખ પુરૂ થતા પાછો હતો ત્યાંનો ત્યાં આવી જાય છે. પરણ્યાની પહેલી રાત્રે પત્ની મળ્યાનો આનંદ, પતિ પત્નીના જીવનમાં બાળકનું આગમન થાય એટલો તેનો આનંદ પણ આ બધા આનંદ થોડા સમયમાં ઉતરી જાય છે પાછો માનવી નવા આનંદની શોધમાં ભટકવા લાગે છે.

આર્થિક ભૌતીક સુખ સગવડ મેળવવા પાછળની દોટ, સમાજમાં પ્રતિષ્ઠા, આબરૂ, મેળવવા માણસ તનતોડ મહેનત કરે છે. આ બધુજ મધ્યમાં આનંદ મેળવવા માટે છે. માણસ તેનું સમગ્ર જીવન આનંદ મેળવવામાં ખર્ચી નાખે છે. આખી જીંદગી મથ્યા કરે છે પણ આનંદ સ્થિર તેના જીવનમાં રહેતો નથી. શા માટે? કારણ કે માનવી સાચા આનંદને જાણતો નથી! ભૌતિક સુખ સગવડ, માન મરતબો આપણને આનંદ આપે છે પણ તે આનંદ ક્ષણીક હોય છે એનાથી આપણને સંતોષ નથી થતો કારણ કે એ સાચો આનંદ નથી માટે.

આપણે આપણા શરીરમાં જે આત્મા બેઠેલો છે એજ આનંદનું બીજ છે. એને ઓળખી જઈએ એટલે એ બીજ ક્યારે વટવૃક્ષ બની ખીલી જાય અને જીવન આનંદ આનંદ થઈ જાય એનો ખ્યાલ રહેતો નથી. સંતો, મહાપુરૂષો પાસે નહોતા, પૂરતાં કપડાં, સંતો, મોટા મહેલો, બગીચા કે ધનનાં ઢગલા તેમ-છતાં એ સદા આનંદી અને નિરોગી રહેતા હતા શા માટે? કારણ કે તેઓ આત્માના સાચા આનંદને ઓળખી ચુક્યા હતાં. આનંદમાં રહેનાર વ્યક્તિને કોઈ રોગ થતા નથી. મનમાં ઉદ્વેગ, શેષ, નિરાશા, ઈર્ષા ભરેલાં હશે તો એ બધા વિષ રોગોના ઢગલાને નોતરશે અને જો મન આનંદમાં હશે, નિજાનંદમાં હશે તો બધા રોગોને દૂર ભગાડી મુકશે. આનંદ એ તો દૈવી ઔષધ છે. આપણે સતત મનને ખુશ કરવા માટે આંધળી દોટ મુકીએ છીએ પણ વિચાર કરીએ તો સત્ય સમજાય છે કે સાચો આનંદ આપણા આત્મામાં જ છુપાયેલો છે.

મંજુ પ્રજાપતિ

## શ્રી નવજીવન બી.એડ્. કોલેજ, ડીસામાં ગુરૂ પૂર્ણિમા દિવસની ઉજવણી

ડીસા

શ્રી નવજીવન બી.એડ્. કોલેજ, ડીસા ખાતે તા. ૦૮/૦૭/૨૦૧૭ને શનિવારે ગુરૂ પૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂને સત્કારવાનો સમય એટલે ગુરૂ પૂર્ણિમા. આ કાર્યક્રમમાં કોલેજના ટ્રસ્ટી શ્રી, આચાર્ય શ્રી, અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહી તાલિમાર્થીઓને આશીર્વચનઆપ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી, ત્યારબાદ ગુરૂજીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતું.તાલિમાર્થી ભાઈઓ અને બહેનોએ ભજન, ગુરૂગીત અને પ્રવચન રજૂ કરી ગુરૂજીઓના આશીર્વચન મેળવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલિમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતું.

## થરા માધવપાર્કમાં પૂ.માતૃશ્રીના સ્મરણાર્થે સુંદર કાંડનો પાઠ યોજાયો



યશપાલસિંહ વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા ન્યૂઝ પેપર એજન્ટ જગદીશભાઈ સોનારામ દવેના સ્વ. માતૃશ્રી મથુરાબેન દવેની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે માધવ પાર્ક સોસાયટી ખાતે સુંદરકાંડ- થરા ગૃપ દ્વારા સુંદર કાંડના પાઠ યોજાયા. જેમાં સ્વ.માતૃશ્રી મથુરાબેનને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. અરવિંદભાઈ ઠક્કર (લાટી), નિરંજનભાઈ ઠક્કર તથા ભાવિક ભક્તો મિત્રવૃંદ ઉપસ્થિત રહ્યા હતા. સુંદરકાંડ ગૃપના અરવિંદભાઈ ઠક્કર, રીંકુબેન ઠક્કર, ભરતભાઈ હાલાણી, અંજુબેન ઠક્કર તથા સભ્યો સંગીતમય શૈલીાં સુંદરકાંડના પાઠમાં ભક્તોને તરબતર કર્યા હતા.

## ડીસા આદર્શ હાઈસ્કુલમાં ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો



ડીસા

ગત તા. ૦૮/૦૭/૨૦૧૭ ને શનિવારના રો શ્રી ડી.એન.જે. આદર્શ હાઈસ્કુલ, ડીસામાં ''ગુરૂ- પૂર્ણિમા'' નિમિત્તે ''ગુરૂવંદન-છાત્ર અભિનંદન'' કાર્યક્રમ ઉજવાઈ ગયો. ભારત વિકાસ પરિષદના ટ્રસ્ટી ડૉ.અજયભાઈ જોષી, ઉપપ્રમુખ નાથાભાઈ બ્રહ્મક્ષત્રિય, પૂર્વમંત્રી હરેશભાઈ ઠક્કર, મંત્રી જયેશભાઈ દેસાઈ તથા આર.એસ.એસ.ની શાખા શ્રી વિવેકાનંદ કેન્દ્રના બનાસકાંઠા સંગઠનની જવાબદારી સંભાળતા વિષ્ણુભાઈ દેસાઈ, શાળાના પ્રધાનાચાર્યા શ્રીમતી ડી.સી. સોની, સુપરવાઈઝર જે.ડી. રાઠવા તથા શાળાનો સમગ્ર સ્ટાફ તથા શાળાના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાના સુપરવાઈઝર જે.ડી.રાઠવાનું સાલ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા અને શાળાના બે વિદ્યાર્થીઓ ઠક્કર કશ્યપ જયંતિભાઈ અને શાહ યાત્રી પિયુષકુમારનું ભેટ આપી સન્માન કર્યું. કાર્યક્રમના અંતમા શાળાના શિક પી.ડી. ચાવડાએ સર્વેનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો.

## થરા પે.કેન્દ્ર શાળા નં.- ૨ ના એચ.ટાટ આચાર્ય બદલાયા : સી.શિક્ષકને ચાર્જ સોંપાયો

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગરની સદી વટાવી ચૂકેલી જિલ્લા પંચાયત સંચાલિત થરા પે.કેન્દ્ર પ્રાથમિક શાળા નં.૨ સરકારના પ્રવર્તમાન નિયમાનુસાર એચ.ટાટ આચાર્ય તરીકે તા. ૧૦/૯/૨૦૧૨ ના રોજ ચેહરાભાઈ એન. ગુર્જરની નિમણુંક થયેલ. ચેહરાભાઈ ગુર્જર ૧૯૯૨ માં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા ને તાઃ ૨૭/૩/૨૦૦૬ ના બદલી થઈ થરા પે.કેન્દ્ર શાળા નં. ૨ માં મુકાયા હતા. સરકારનો એચ. ટાટ આચાર્ય ભરતીના નિયમ મુજબ પરીક્ષા આપતાં તેઓ આ શાળામાં જ મુકાયા હતા.

આ શાળામાં અભ્યાસિક સાથે સહ અભ્યાસિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લીધે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સારી લોકચાહના ધરાવે છે. તેમણે પોતાની મરજીથી બદલીની માંગણી કરતાં ને એચ.ટાટ આચાર્ય તરીકે લગભગ પાંચ વર્ષની સેવાને ધ્યાનમાં રાખી તેમની બદલી ભાવનગર (કાંકરેજ) પ્રાથમિક શાળામાં કરવામાં આવતાં તેમણે તા.૬/૭/૨૦૧૭ ના રોજ આચાર્ય તરીકે છૂટા થઈ ભાવનગર પ્રા.શાળામાં હાજર થયેલ. થરા પે.કેન્દ્ર શાળા નં.૨ ના આચાર્યનો ચાર્જ સિનિયર શિક્ષક પ્રહલાદભાઈ એલ. આચાર્યને સોંપવામાં આવ્યો હતો. તેમણે સ્ટાફના સારા સહકારથી જ થરા નગરમાં આ શાળાએ નામના મેળવી છે. તેવું જણાવતાં કહ્યું હતું કે સત્વરે કોમ્પ્યુટર જ્ઞાનથી સજ્જ એચ.ટાટ આચાર્યની નિમણુંક સરકાર દ્વારા થાય તેવી આશા રાખું છું.

# જિલ્લાના વિકાસના પ્રશ્નો વર્ષોથી પડતર : પ્રજા ત્રાહીમામ

### ભાજપ સરકાર લોકોને ગુમરાહ કરે છે. : ડામરાજી રાજગોર

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કોંગેસ મહામંત્રી / પ્રવકતા ડામરાજી કે.રાજગોરે એક અખબાર જોગ નિવેદનમાં જણાવ્યું છે કે સતત વિકાસની ગુલબાંગો પુકારતી પ્રજાને મુર્ખ બનાવતી ભાજપની ગુજરાત સરકાર વહીવટમાં સદંતર નિષ્ફળ ગઈ છે. ધાનેરા તાલુકામાં ધાનેરા શહેર અને તાલુકાનો મુખ્ય પ્રવેશ માર્ગથી પ્રજાનો વિકાસ અટકી ગયો છે. એવો ધાનેરાનો રેલ્વે ઓવરબ્રિજ બનતો નથી પહેલા આ કામ કેન્દ્ર સરકારના કારણે અટકી ગયું છે. એવા બોગસ કારણો આપી પ્રજાને છેતરતી આ સરકારને હવે તો ખ્યાલ હશે જે કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોવા છતાં ધાનેરાનો અતિજરૂરી રેલ્વે ઓવરબ્રિજ બનતો નથી. ધાનેરા તાલુકામાં ટેટોડા પાસે બે વર્ષ પહેલા અતિવૃષ્ટિમાં તુટેલ પુલ બનતો નથી અને પ્રજા હેરાન પરેશાન છે. મોટામેડા પાસેની રેલ્વે ફાટક ઉપર બ્રિજ ધાનેરાની અનિવાર્ય જરૂરીયાત છે. છતાં પ્રજાની માગણી સરકાર ધ્યાને લેતી નથી દાંતીવાડા યુનિવર્સિટી જે કોંગ્રેસની દેન હતી તે ભાજપ રાજમાં રફેદફે થઈ ગઈ છે અને વિકાસની વાતો ખોટા વચનો મોટી મોટી જાહેરાતોમાં પ્રજાના પૈસે ભાજપ પક્ષનો પ્રચાર કરતી આ સરકાર વહીવટમાં સદતર નિષ્ફળ ગઈ છે. ખેડૂતોની સ્થિતિ દયાજનક છે. ખાતર બિયારણ મોંઘા થયા. પોષણક્ષમ ભાવો મળતા નથી અને ખેડૂત પાયમાલ થઈ ગયો છે. ભષ્ટાચારે રાજયમાં માઝા મુકી છે. કાયદો વ્યવસ્થા કથળી ગઈ છે. બેરોજગારી અને બેકારીથી પ્રજા તંગ આવી ગઈ છે. શિક્ષણનું વેપારી કરણ થઈ ગયું છે. ભાષણોથી પ્રજાને છેતરવામાં આવે છે. એવા સમયે ધાનેરાની પ્રજાની માંગ છે કે અમારા ધાનેરા વિધાનસભા વિસ્તારના વિકાસના સળગતા પ્રશ્નો ઉપર લક્ષ આપવામાં નહી આવે તો ના છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

# વડગામ તાલુકા ભાજપ દ્વારા ગુરૂપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકા ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે. રાણાની અધ્યક્ષતામાં ગતરોજ રવિવારે ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરાઈ હતી. સૌપ્રથમ યાત્રાધામ મગરવાડા તિર્થસ્થાને ગાદિપતિ યતિવર્યશ્રી વિજયસોમ મ.સા.ની પૂજા અર્ચના કરી, ફુલહાર, શાલ વડે વિશિષ્ટ સન્માન કરાયું હતું. ત્યારબાદ વડગામ આનંદ આશ્રમના મહંત સત્ય નારાયણપુરીને સાલ અર્પણ

અનુસંધાન પાના નં.૬

# ભીલડી આદર્શ વિદ્યાલયમાં ગુરૂ પુર્ણિમાની ઉજવણી


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડી આદર્શ વિદ્યાલયના આચાર્ય જીવરામભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ આદર્શ વિદ્યાલયના પટાંગણમાં "ગુરૂ વંદના" કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શાળાના ટ્રસ્ટી અને બનાસકાંઠાના ડીરેક્ટર બાબુભાઈ વી.પાનકુટાના પ્રમુખ સ્થાને યોજાયેલ "ગુરૂ વંદના" કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા "ગુરૂ પૂર્ણિમા વિશે સંબોધન કરવામાં આવ્યું હતું અને શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા તેમના શિક્ષકોનું ગુરૂ પુજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક ભાઈ બહેનોને કુમકુમ તિલક કરી ગુરૂ પુજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પાંચ વર્ષની બાલિકાએ સંસ્કૃતમાં શ્લોક બોલી બધાને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે રઘુરામભાઈ રાજગોર (નેતા) મહેન્દ્રભાઈ જોષી (અર્બન મંડળીના મેનેજર), સુરેશ ડી.સીલ્વા, પત્રકાર કંચનજી ઠાકોર વિગેરે હાજર રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં ફરી અસહ્ય બફારાનું સામ્રાજય : પ્રજા ત્રસ્ત


ભરત સુંદેશા

### ભારે ઉકળાટથી લોકો પરસેવે રેબજેબ

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં વરસાદે વિરામ લીધા બાદ છેલ્લા ચાર-પાંચ દિવસથી આકાશમાં આચ્છાદિત વાદળો વચ્ચે ગરમી અને બફારાનો પ્રકોપ અસહ્ય બન્યો છે. દિવસ રાત ભારે ઉકળાટ વર્તાતા લોકો પરસેવે રેબજેબ થઈ રહ્યા છે.

અષાઢ મહિનાની શરૂઆત થતાં જ બનાસકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થયુ હતું. તેમાંય બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં બે થી આઠ ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો.

જેના કારણે ઠેરઠેર પાણીનો ભરાવો થવા પામ્યો હતો. બાદમાં વરસાદે વિરામ લેતાં ખેડૂતોએ વાવણી શરૂ કરી દીધી છે. તો બીજી તરફ આકાશ સ્વચ્છ થતાં સૂર્યનારાયણ ફરીથી તેમનો પ્રકોપ વર્તાવવા લાગ્યા છે. બપોરે ઉનાળાની જેમ બળબળતા તાપનો અનુભવ થઈ રહ્યો છે. દિવસ રાત લોકોને અસહ્ય ઉકળાટનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી લોકોને પંખાની સાથે કુલર એસીનો સહારો લેવો પડી રહ્યો છે. જો કે હજુ પણ આગામી ત્રણ ચાર દિવસ સુધી ઉકળાટ યથાવત રહે તેવી હવામાન વિભાગ દ્વારા શક્યતા વ્યક્ત કરાઈ છે.

# કાંકરેજ તાલુકામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાયો



તા.પ્રતિનિધિ થરા

ચૂંટણી પંચ દ્વારા આગામી વિધાનસભા -૨૦૧૭ ની ચૂંટણી પહેલા રાજયમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં તા. ૧/૭/૨૦૧૭ થી ૩૧/૭/૨૦૧૭ દરમ્યાન દર રવિવારે મતદાર પોતાના વોર્ડ વાઈઝ એટલે કે જ્યાં મતદાન કરતા હોય તે સ્થળે પોતાના ૧૮ વર્ષ પૂર્ણ થયા હોય તેવાં સંતાનોના નામ ઉમેરવા, મતદાર યાદીમાં સુધારા- વધારા કરાવવા. જેમાં મરણ કે સ્થળાંતર થયેલા નામ રદ કરાવવા, ફોટામાં ફેરફાર, નામ એક ભાગમાંથી બીજા ભાગમાં લઈ જવા વગેરે સુધારા દર રવિવારે સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી કરાવી શકાશે. કાંકરેજ તાલુકામાં થરા- તાણા વિસ્તારમાં ગઈકાલે સેક્ટર ઓફિસર ધીરુભાઈ આર. પ્રજાપતિના માર્ગદર્શન સતત મુલાકાતમાં કાર્યક્રમ યોજાયો. થરા પાલિકાના થરા શ્રી ઓગડ વિદ્યામંદિરના મતદાન મથકોના સુધારણા કાર્યક્રમની મુલાકાત લેતાં બીએલઓ પ્રકાશભાઈ એચ. ચૌધરી, આસીફ ઈકબાલભાઈ મોરવાડીયા પ્રવિણભાઈ ધાંધોસની કામગીરીની સમીક્ષા કરી હતી. આગામી તા. ૧૬/૭/૨૦૧૭ અને ૨૩/૭/૨૦૧૭ આ રીતે મતદારો પોતાના મતદાન મથકે જઈ મતદાર યાદીમાં સુધારા- વધારા કરાવી શકશે.જેમાં જન્મ તારીખનો દાખલો (એલ.સી.) લાઈટ બિલની નકલ. પાસપોસ્ટ સાઈઝનો ફોટો સાથે લઈ જવાનો રહેશે.

# ભા.વિ.પ ડીસા શાખા દ્વારા નક્ષત્ર હાઈટ્સ પાલનપુરમાં વૃક્ષારોપણ કરાયું


ભરત સુંદેશા

ડીસા

ભારત વિકાસ પરિષદ, ડીસા શાખા દ્વારા પરિષદના સ્થાપના દિન.૧૦ જુલાઈ નિમિત્તે પાલનપુરમાં વિકાસ પામી રહેલા એફોર્ટેબલ હાઈસીસ, નક્ષત્ર હાઈટ્સના વિશાળ કોમન પ્લોટમાં તથા દિવાલોને લગતાં લગભગ ૧૦૦ થી વધારે મોટા રોપાઓ લગાવીને વૃક્ષારોપણ કરીને પર્યાવરણની જાળવણી માટે સરાહનીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડીસા શાખાના પ્રમુખ ડો.ભૂપેશભાઈ ત્રિવેદી, મંત્રી જયેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ પારસભાઈ શાહ, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય તથા પ્રકલ્પ સંયોજક ડો.તુષારભાઈ શાહ, સંનિષ્ઠ શિક્ષક તાહીરઅલી વિજાપુરીયા, સામાજિક કાર્યકર અને જૈન શ્રેષ્ઠી યજ્ઞેશભાઈ શાહ, જિજ્ઞેશભાઈ બ્રહ્મક્ષત્રિય એન્જીનીયર વિપુલભાઈ મોદી, વિષ્ણુભાઈ ખત્રી તથા અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહીને પર્યાવરણને જાળવવા માટેના આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વરસડા પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

તા.પ્રતિનિધિ વડગામ

ગત તા.૮/૭/૨૦૧૭ ને શનિવારના રોજ વરસડા પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમાની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સર્વે ગુરુજીઓનું કુમકુમ તિલક કરી પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુને લગતા ભજનો રજૂ કરવામાં આવ્યા હતા. તથા વકતૃત્વ સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. જેમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ગુરુ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય દક્ષાબેને પણ ગુરુના મહત્વ વિશે પોતાના

અનુસંધાન પાના નં.૬

# ડીસા તાલુકામાં ગુરૂપુર્ણિમાની આનંદ ઉત્સાહભેર ઉજવણી


ભરત સુંદેશા

ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે શિવજી, મા ભગવતીના દર્શન કરી અને રામસણ, રવિયાણા અને પાથાંવાડા મુકામે સંતશ્રી મહાત્માઓના આશિર્વાદ મેળવવા લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ગુરુ દ્વારા સમાજ ને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે તેવી પરમકૃપાળુને પ્રાર્થના કરી હતી. ગુરુપૂર્ણિમાના આ અવસરે રાજકીય આગ્રણીઓમાં બહાદુરસિંહ ડી. વાઘેલા જ્યારે રામપુરા મઠમાં ખેતાજી માળી, સુમેરસિંહ વાઘેલા, નરેશભાઈ ટાંક, ગીરીશભાઈ દેસાઈ સહિત રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માલગઢમાં ગુરૂ પૂર્ણિમાએ તરૂરોપણ મહાયજ્ઞનું અનોખુ આયોજન કરાયું

### ગુરૂપૂર્ણિમાના દિને ગુરૂને શિષ્યો દ્વારા વૃક્ષારોપણ કરી અપાઈ અનોખી શ્રદ્ધાંજલિ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

માલગઢ ખાતે ગાયત્રી પરિવાર દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર કેન્દ્ર દ્વારા ગુરૂપૂર્ણિમાના દિને ગુરૂને અનોખી શ્રદ્ધાંજલિ આપવા માટે તરૂરોપણ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાયત્રી પરિવાર દ્વારા મોટી ઢાણીના હનુમાન મંદિરના પ્રાંગણમાં ગુરુપૂર્ણિમાના દિવસે અનોખુ આયોજન કરતા આ પંથકમાં સૌપ્રથમવાર તરૂરોપણ મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો. હરિદ્વારના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેલા વડોદરાના કિરીટભાઈ પટેલ દ્વારા વેદાંત મંત્રોચ્ચાર સાથે તરૂદેવ-વરુણદેવ સૂર્યદેવની વિશેષ આહુતિ આ મહાયજ્ઞમાં યાજકના રૂપમાં બેઠેલ ગ્રામજનો હસ્તે અર્પિત કરાવવામાં આવી હતી અને ત્યારબાદ તરૂદેવનું રોપણ કરવામાં

અનુસંધાન પાના નં.૬

# છાપી દુધ મંડળીના નવનિયુક્ત ચેરમેનનું સન્માન કરાયું


સુરેશ અગ્રવાલ

પ્રતિનિધી છાપી

વડગામ તાલુકાના છાપી ગામે કાર્યરત ધી દુધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન તરીકે અભેરાજભાઈ એમ.મુજી તેમજ વા.ચેરમેન તરીકે રાંમજીભાઈ આર.પટેલની સર્વાનુમતે નિમણુંક શુક્રવારે કરવામાં આવી હતી. આ નિમણુંકને લઈ છાપી ગ્રામ પંચાયતના સરપંચ ભરતભાઈ જી.પટેલ દ્વારા બંને નવ નિયુક્ત ચેરમેન, વા.ચેરમેનનું ગ્રામ પંચાયતમાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

નવનિયુકત ચેરમેન આ અગાઉ મંડળીમાં મંત્રી તરીકે પણ ઉમદા સેવા આપી હતી. આ પ્રસંગે ફજલુ રહેમાન, ટાઈગર, વિજયભાઈ પટેલ, હરેશભાઈ ચૌધરી, હર્ષદભાઈ પટેલ, લક્ષ્મણભાઈ પટેલ, હબીબભાઈ મનસુરી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ ભાજપ દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો


કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

ગુરૂપૂર્ણિમાના પાવન પર્વ નીમીતે કાંકરેજ તાલુકાના સંતશ્રી સદારામ બાપુનું ગુરૂ પૂજન ગુરૂવંદના કરવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત સરકારના કેબીનેટ દિલીપજી ઠાકોર ખાસ ગુરૂવંદના કાર્યક્રમમાં ભાગ લેવા આવ્યા હતા. જેમાં સંતશ્રી સદારામબાપુના આર્શીવચન લીધા હતા. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, પ્રદેશ કિશાન મોરચા ઉપાધ્યક્ષ ક્રિર્તીસિંહ વાઘેલા, તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પલીયાતર મહામંત્રી કિશોર બી.પ્રજાપતિ, ઈસુભા વાઘેલા, શાંન્તુભા ડાભી (કેબીનેટ) કાંકરેજ તાલુકાના સહકારી આગેવાન અણદાભાઈ પટેલ રસીકજી ઠાકોર વસંતજી ઘાઘોસ વગેરે સાથે જોડાયા હતા.

ત્યારબાદ થળી મઠમાં જગદીશપુરી બાપુનું પુજન કરેલ ત્યાંથી કુવારવા આશ્રમમાં જઈ ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત થરા વાળીનાથ મંદિરમાં જઈ ધનશ્યામપુરી બાપુની પણ પૂજા કરેલ સમગ્ર તાલુકાના દેવ સ્થાનમાં જઈ ગુરૂ વંદના કાર્યક્રમ યોજાયો હતો.

# મતદારયાદીમાં નામ નોંધણી અને જરૂરી સુધારા માટે ખાસ સંક્ષિપ્ત સુધારણા હાથ ધરાઇ

### પાલનપુર ખાતે કલેકટરના અધ્યક્ષસ્થાને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

પાલનપુર

ગુજરાત રાજયની આગામી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાને રાખીને તા.૧-૧-૨૦૧૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ભારતના ચૂંટણીપંચની સુચના અનુસાર હાથ ધરવામાં આવી છે. જેમાં મતદારયાદીમાં નામ નોંધણી અને જરૂરી સુધારા-વધારા કરાવી શકાશે. મતદારયાદીમાં ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા નાગરિકોના નામ દાખલ કરવાની ઝુંબેશની મિડીયાને માહિતી આપવા માટે પાલનપુર ખાતે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

જેમાં કલેકટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યું હતુ કે ૧૮ વર્ષની ઉંમરની લાયકાત ધરાવતા યુવાનો અને મહિલાઓના નામ મતદારયાદીમાં નોંધાય તેની ઝુંબેશ સ્વરૂપે તા.૧/૦૭/૨૦૧૭ થી ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેમણે કહ્યું કે તા.૯/૦૭/૧૭ (રવિવાર), તા.૧૬/૦૭/૧૭ (રવિવાર) અને તા.૨૩/૦૭/૧૭ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ તમામ મતદાન મથકોએ ખાસ કેમ્પ યોજી નામ દાખલ કરવા માટે ફોર્મ નં.૬, મતદારયાદીમાં નામ સુધારા વધારા માટે ફોર્મ ન.૮ અને સરનામામાં સુધારા માટે ફોર્મ નં.૮ ક ભરીને જરૂરી વિગતો સુધરાવી શકાશે. એક કરતાં વધુ જગ્યાએ નામ ચાલતુ હોય અને કમી કરાવવાનું હોય તો ફોર્મ નં.૭ ભરીને કમી કરાવી શકાશે. કલેકટરશ્રી રાણાએ કહ્યું કે મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન કોઈપણ લાયક મતદારનું નામ મતદારયાદીમાં નોંધાયા સિવાય બાકી ન રહી જાય તથા તંદુરસ્ત મતદારયાદીની રચના થાય તે માટે વહીવટીતંત્ર કટીબધ્ધ છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકામાં ગુરૂપુર્ણિમાની આનંદ ઉત્સાહભેર ઉજવણી


યશપાલસિંહ વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષ, જળ, જમીન, હવા, અગ્નિ, પશુ પક્ષીથી માંડીને તમામનું મહત્વ દર્શાવાયું છે. જેમાં માનવ જીવને સાચી દિશા બતાવનાર અલગારી માનવ જીવ 'ગુરૂ' નું મહત્વ અષાઢ સુદ પુનમના બતાવી જીવનમાં સાચો ગુરુ મળી જાય તો જીવન ધન્ય બને. ગુરૂ ગોવિંદ દોનો ખડે કિસ કો લાગુ પાય બલીહારી ગુરૂ આપ કી જીને દિખાયો ગોવિંદ.. ગુરૂના સાચા દર્શન, આશીષ દ્રષ્ટી જ ભગવાનના સ્વરૂપને બતાવી શકે છે. ગઈકાલે કાંકરેજ તાલુકામાં ગુરૂપુર્ણિમાની ઠેર ઠેર ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. ઝાઝાવડા વાળીનાથ મંદિર, થરા દેવ દરબાર જાગીરમઢ, કુંવારવા ભુરાનંદજી આશ્રમ, શિરવાડા આશ્રમ, સંતશ્રી સદારામ બાપુ ટોટાણા, પૂ. માતાશ્રી આનંદમયી દેવી, મહાકાળી મંદિર થરા, થળી મઠ સહિત ભાવિક ભકતો પોતાની આસ્થા શ્રદ્ધાવાળા સ્થળે જઈ ગુરુપુજન, મહીમા ગાતા જોવા મળ્યા હતા. ચાંગા, ઉણ, ગોગ મહારાજના સ્થાનકનો પણ સમાવેશ થયેલ.

# પાટણના પૂર્વ સાંસદે વડગામ વિધાનસભા ક્ષેત્રની મુલાકાત લીધી


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગુજરાત પ્રદેશ કોંગ્રસના અગ્રણી, પાટણના પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોરે શનિવારે વડગામ વિધાનસભા વિભાગના ગામોની મુલાકાત લઈ અગ્રણીઓને જાગતા રહેવા અનુરોધ કર્યો હતો. શનિવાર સવારે ચાંગા ગામે તા. કોંગ્રેસ પ્રમુખ યાસીનખાન કે. ખોખરના પિતા સ્વ. કાલેખાન આઈ. ખોખરને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ છાપી- બસુ-

## તંત્રી સ્થાનેથી ...

### તું તારા શરીરથી કોઈનેય પણ પીડા ન આપ.

# કેન્દ્ર સરકારની ટીકા કર્યા વિના કોંગ્રેસ પોતાના પક્ષને મજબુત બનાવે

સરકાર જે તે યોજના બહાર પાડે છે તેનો કોંગ્રેસ હંમેશા વિરોધ કરતો આવ્યું છે. ગત ૧ લી જુલાઈએ જીએસટીનો સમારોહ રાજધાનીમાં સંસદ ખાતે યોજાયો હતો તે સમારંભને કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધીએ તમાશો ગણાવેલ. વડાપ્રધાન મોદી અમેરિકન પ્રમુખ ટ્રમ્પને મળ્યા અને એચ વન - બી વિઝા બાબતની કોઈ ચર્ચા ન કરી તે બાબતે રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીએ નબળા વડાપ્રધાન ગણાવ્યા મહત્વની વાત એ છે કે રાહુલ ગાંધી પોતાના પક્ષને મજબુત કરવા માટેના કોઈ પ્રયાસો કરતા નથી. અને સત્તાધારી પક્ષની કાર્યપધ્ધતિનો વિરોધ કર્યા કરે છે એનો અર્થ એ જ કે રાહુલ ગાંધીની રાજકીય પ્રતિભા તદ્દન ખાડે ગઈ હોય તેવું લાગે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નબળા નેતા નથી અને નબળાઈ કોણામાં છે. તે તો રાષ્ટ્રની સમગ્ર જનતા જાણી ચૂકી છે. હાર્યો જુગારી બમણું રમે.. તેવી સ્થિતિ કોંગ્રેસની થઈ છે.

રાહુલ ગાંધી વિદેશોમાં વેકેશન ગાળના ગાળતા મોદી સરકાર વિરૂધ્ધમાં જે ટ્વિટ કરે છે તે તદ્દન પાયા વિનાની માની શકાય. રાહુલ ગાંધી માત્ર પક્ષને મજબુત કરવાના પ્રયાસો કરે તો પણ ઘણું છે પરંતુ હવે પક્ષમાં કોઈ સક્ષમ નેતા ફાનસ લઈને શોધવા નિકળીએ તો પણ હાથ લાગે તેમ નથી. ત્યારે હવે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ગમે તે ઘડીએ પ્રમુખ પદેથી રાજીનામું આપી દેશે. અને પક્ષનો તમામ કારભાર કદાચ રાહુલ ગાંધીને સોંપી દે તો કહી શકાય નહિં. જો કે પક્ષનું સુકાન સંભાળવું અને બેઠકો જીતવી સામાન્ય બાબત નથી.

આશ્ચર્યની બાબત એ છે કે જીએસટીના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે અમિતાભ બચ્ચને કામ શરૂ કરતાં મુંબઈ કોંગ્રેસના સંજય નિરૂપમે અમિતાભનો વિરોધ કર્યો. સંસદના હોલમાં જીએસટીનું વિમોચન કરવાનું નક્કી થયું ત્યારે કોંગ્રેસના ગુલામનબી આઝાદે રાષ્ટ્રને યાદ અપાવી કે હોલમાં ભારતની આઝાદીનો પ્રસંગ મધ્યરાત્રિએ ઉજવાયો હતો તે હોલમાં જીએસટીનો સમારંભ યોજવો જોઈતો ન હતો.

આજે ૭૦ વર્ષ બાદ જીએસટી દ્વારા દેશને આર્થિક બાબતમાં એક સૂત્રથી બાંધવામાં આવેલ છે. આ બાબતે ગુલાબનબીને પૂછી શકાય કે શું જીએસટી કોઈ અપવિત્ર કાનૂન હતો કે તેનું સંસદ ભવનમાં વિમોચન ન થઈ શકે? ખુદ સંસદે એ ખરડો પસાર કર્યો હતો. હકીકત એવી છે કે કોંગ્રેસ પાસે વિરોધ કરવા યોગ્ય મુદ્દા રહ્યા નથી. એટલે ગમે તે રીતે વિરોધ કર્યા કરે છે. પંજાબમાં કોંગ્રેસી મુખ્યમંત્રી કરતાન અમરન્દસિંહે જીએસટીના ભારોભાર વખાણ કરી તેને આવકાર આપ્યો છે. જીએસટીનો વિરોધ કરનારાઓ વિરોધ કરી કરીને ક્યાં સુધી વિરોધ કરશે? અને વિરોધ કરવાથી કોંગ્રેસનું કંઈ જ પ્રાપ્ત થવાનું નથી એ વાત ચોક્કસ છે.

વળી લાલુપ્રસાદ યાદવ વારંવાર વિપક્ષોએ એક બનવાની અપીલ કરતા રહે છે. પરંતુ આજકાલ મહા ગઠબંધનોમાં પણ તિરાડ પડવા લાગી છે અને એક સમય એવો આવશે કે વિરોધ કરનારા પરિબળોને પ્રજા જ જાકારો આપશે!

જો કોંગ્રેસને સત્તા હાંસિલ કરવી હશે તો ધીર ગંભીર બની ખૂબ જ મહેનત કરવી પડશે. અને એ માટે સમયની રાહ જોવી પડશે. જીએસટીના સમારંભમાં કોંગ્રેસના નેતાઓ કે અન્ય મહારથી હાજર ન રહ્યા તેથી કોંગ્રેસની જ પ્રતિષ્ઠા ખરડાઈ કહી શકાય. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર તો ઉગાડે છોગે કહે છે કે કોંગ્રેસમાં જે બખડજંતર ચાલે છે તે માટે કોંગ્રેસ જ જવાબદાર છે.

# અમદાવાદના ડ્રાઈવ-ઈન રોડ ખાતે આર્મીના જવાનોના હસ્તેકીરન ફીટનેશ સ્ટુડીયોનો પ્રારંભ



અમદાવાદ

અમદાવાદના ડ્રાઈવ-ઈન રોડ ખાતે કીરન પટેલ અને રમાકાંત વિશ્વ કર્મા દ્રારાકીરન ફીટનેશ સ્ટુડીયોનો આર્મીના જવાનો અને મીસ ઈન્ડિયા ફિટનેશ અંકીતા સિંઘના હસ્તે શુભારંભ કરવામાં આવ્યું હતું.આ ફીટનેશ સ્ટુડીયો ખાતે જીમ,એરોબિક્સ, ઝુમ્બા,કીક બોક્સીંગ, ટીઆરએક્સ, ફંક્શનલ ટ્રેઈનીંગ, યોગા અને પર્સનલ ટ્રેઈનીંગ આપવામાં આવશે. મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ સ્ટીમબાથ પણ રાખવામા આવ્યું છે. કીરન ફીટનેશ સ્ટુડીયો, પહેલો માળ, માઈલસ્ટોન, રીલાયન્સ મોલની સામે, ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ ખાતે આવેલ છે.“આ ફીટનેશ સ્ટુડીયો થકી અમારો ધ્યેય લોકો ને તેમની હેલ્થ પ્રત્યે જાગૃત કરવાનો છે. હું છેલ્લા ૯ વર્ષોથી લોકોને આ વિશેની તાલીમ આપું છુંઅને મે મારી ટેક્નિક્સથી ડાયાબીટીશ,બ્લડ પ્રેશર, સર્વાઈકલ પેઈન જેવા અનેક રોગો કીરનથી દૂર કર્યા છે. અમારા ત્યાના ટ્રેઈનર ખૂબજ વધારે ટેક્નિકલ જ્ઞાનની સાથે આંતરરાષ્ટ્રીય સ્તર ના ફીટનેશ સર્ટીફીકેટધરાવે છે.”

“આ ફીટનેશ સ્ટુડીયોમાં બધાજસાધનો યુએસએથી મંગાવામાં આવ્યાં છે. અમે લોકોને એ રીતે સાધનોની માહીતી આપીશું કે તેઓ પોતાની મેળે એનો ઉપયોગ કરી શકે અને તેના ઉપયોગના પૂરેપૂરા ફાયદા તેમને જણાવવામાં આવશે.

# Tasty જ નહી, આરોગ્ય માટે પણ ખૂબ લાભકારી છે દાળ-ભાત

ભારત દેશના ઘણા ઘરોમાં નિયમિત રૂપથી દાળ ભાત બને છે. ઘણા લોકોને દાળ-ભાત ખાવું પસંદ હોય છે. અને આ ખાવામાં પણ ખૂબ હળવા હોય છે. આ પોષક તત્વોથી ભરપૂર હોય છે. જેનાથી આરોગ્યને ઘણા ફાયદો મળે છે. રોગી થતા ડાકટર દાળ-ભાત ખાવાની સલાહ જ આપે છે. આવો જાણીએ તેનાથી શરીરને મળતા ફાયદા વિશે

**૧. એનર્જી** ભાતમાં ખૂબ કાર્બોહાઈડ્રેટ હોય છે . જેનાથી શરીરને ઉર્જા મળે છે. ભાતની સાથે પ્રોટીનથી ભરેલી દાળ ખાવાથી શરીરને એનર્જી મળે છે. અને ઘણા ફાયદા હોય છે.

**૨. વજન કંટ્રોલ**

વજન વધવાના ડરથી ઘણા લોકો ભાત ખાવું બંદ કરી નાખે છે. પણ આ સહી નહી. દાળની સાથે ભાત ખાવાથી વજન ઓછું હોય છે. દાળથી વધારે મોડે સુધી પેટ ભરેલું રહે છે અને ખૂબ સમય સુધી કઈ પણ ખાવાની ઈચ્છા નહી હોય. દાળની સાથે સફેદની જગ્યા બ્રાઉન રાઈસ ખાવાથી વધારે ફાયદો હોય છે. તેનાથી વજન કંટ્રોમાં રહે છે.

**૩. પ્રોટીન** જે લોકો પૂરી રીતે શાકાહારી હોય છે તેને દાળ-ભાતનો જરૂર સેવન કરવું જોઈએ. આ બન્નેમાં જુદા-જુદા રીતના પ્રોટીન હોય છે જે દરઓજ સેવન કરવાથી શરીરને ભરપૂર માત્રામાં પ્રોટીન મળી જાય છે.

**૪. ફાઈબર** શરીરને સ્વસ્થ રાખવા માટે ફાઈબરની ખોબ જરૂરત હોય છે. તેથી દાળ-ભાતનોપ સેવન જરૂર કરવું જોઈએ. તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે કે બ્લડ શુગર કંટ્રોલમાં રાખે છે.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# સદગુરૂ હાથ પકડી લે પછી તો પુછવું જ શું...!

**સંવેદના**
**પ્રવિણ એમ. નાઈ**

“પ્રવિણભાઈ નાયી કથામાં આવવું... આદેશ..આનંદ મૂર્તિજી.” મોબાઈલમાં વોટશોપના મેસેજમાં આ મુજબ લખ્યું હતું. અતિશય હર્ષ થયો.આટલા ઉચ્ચ કોટીના ગુરૂદેવ મને મેસેજ કરીને જાણ કરી. મારા માટે તો અહોભાગ્ય નહી તો બીજું શું...! આ અગાઉ દિલીપભાઈ સોની મારા ઘરે સાણંદ આશ્રમમાં શ્રીમદ ભાગવત કથા અને મૂર્તિ પ્રતિષ્ઠાની પત્રિકા આપવા આવેલા. અને રોજબરોજ જ્યંતીભાઈ ઓઢાવાળા, જ્યેશભાઈ ઠક્કર, ભગવાનભાઈ બંધુ, નાથાભાઈ ખત્રી અને કનુભાઈ આચાર્યની નિકટમાં રહેવાનું થતું હોવાથી ભાગવત કથાની જાણ તો હતી જ.મેં પણ રખેવાળમાં ‘સંવેદના’ કોલમમાં આ વિશેનો લેખ પણ આપ્યો હતો. એટલે મનમાં ઊંડે ઊંડે એવું તો થતું જ હતું કે સાણંદ આશ્રમે જવું.અને જેટલું રહેવાય તેટલું ત્યાં રહેવું. પણ મોબાઈલમાં “ગુરૂદેવનો મેસેજ” વાંચતાં તો હ્દય જાણે ધબકવાની સાથે સાથે બોલતું હોય કે, હવે સાણંદ જવાની ઝડપ કરો..તા.૧૮ મી ફેબ્રુઆરી થી તા.૨૫ મી ફેબ્રઆરી ૨૦૧૭ સુધી સાણંદ આશ્રમમાં ભવ્ય પ્રોગ્રામ ચાલવાનો હોવાથી શાળામાંથી રજા ક્યારે લેવી એ વિચારતો હતો.ત્યારે એક વિચાર સ્ફૂર્યો..કે જ્યોત સે જ્યોત જગાઓ અંતર્ગત આ વખતે અવધૂત યોગી શંકરનાથના જીવન આધારીત પુસ્તકનું વિમોચન કરવાનું હોય તે વખતે જઈએ.એટલે ત્રિવેણી સંગમ જેવું થાય. ભાગવત કથાનો લાભ મળે, પુસ્તક વિમોચનમાં હાજરી અપાય અને ગુરૂદેવના દર્શન થાય એવું વિચારીને તા.૧૮ ના રોજ કનુભાઈ આચાર્યને ફોન કર્યો. સાહેબને મેં કહ્યુ કે જય ગુરૂદેવ આપણે આ ભાગવતકથામાં પુસ્તક વિમોચન ક્યારે કરાવવું છે.? ત્યારે તેમને કહ્યુ કે મારે ભગવાનભાઈ બંધુ જોડે વાત થઈ છે.એટલે તા.૨૦ ને સોમવારે પુસ્તકનું વિમોચન કરવું.અને હા પુસ્તક બનાવવામાં તમારો પણ ફાળો હોવાથી આ દિવસે તમે પણ હાજર રહેજો.ગુરૂજી પણ તમને યાદ કરે છે.અને મેં હા પાડી દીધી કે હું ચોક્કસ સોમવારે ૯ કલાકે સાણંદમાં કથા સ્થળે પહોંચી જઈશ. રવિવારે ડીસાથી પ્રસ્થાન કર્યું રાત સંબંધીને ત્યાં રહ્યો.બીજા દિવસે સવારે ૮:૩૦ કલાકે કથાના સ્થળે પહોચી ગયો.મારા ધર્મપત્ની અને મારો બાબો પણ સાથે, આ બંનેને લઈને કથા મંડપમાં છેક આગળ ગયો. ધીમે ધીમે શ્રોતાઓ આવી રહ્યા હતા. સ્ત્રીઓના વિભાગમાં બેઠો. ઘડીક બેઠો પણ મન મારૂ જાણે ગુરૂદેવને શોધતું હોય તેવું લાગ્યું એટલે ફરીથી હું કથાના મુખ્ય દરવાજે આવ્યો.ઘડીક ઊભો રહ્યો, પાણી પીધું. પુસ્તક અને કેસેટના કાઉન્ટર બાજુ એકાદ રાઉન્ડ માર્યા.મને એમ કે, ગુરૂજી આ દરવાજેથી અંદર પ્રવેશ કરશે અને હું દર્શન કરી લઈશ.મુખ્ય દરવાજા ઉપર એક કાકા ચંપલની ગોઠવણી કરાવતા હતા.બહેનોએ તેમના વિભાગમાં અને ભાઈઓએ ભાઈઓના વિભાગમાં લાઈનમાં ચંપલ-બુટની ગોઠવણી થતી હતી. ખૂબજ ઉમદા કામ થતું હતું. ધીમેથી એમની પાસે ગયો.જઈને કહ્યું કે, જય ગુરૂદેવ સામેથી પણ જવાબ આવ્યો, જય ગુરૂદેવ.પછી મે ધીરેથી કહ્યું કે, ગુરૂજી, અહીથીં જ અંદર કથામાં પ્રવેશ કરે છે કે બીજો રસ્તો છે ? ત્યારે તેમને મને કહ્યું કે ગુરૂજી તો પાછળના દરવાજેથી કથા સ્થળે વ્યાસપીઠ ઉપર જાય છે.મેં અંદરો અંદર નક્કી કરી લીધું કે, તો અહીં ઉભા રહેવામાં કંઈ સાર નથી.પેલા કાકાએ કહ્યું કે હજું વિસેક મિનિટ લાગશે, ગુરૂજીને આવતાં.મનમાં નક્કી કરી લીધું કે, ગુરૂદેવની નિકટ જઈને દર્શન કરવાં.એવુ વિચારતો કથા મંડપની પાછળના દરવાજે ગયો.ગુરૂજી જે દરવાજેથી પ્રવેશ કરવાના હતાં, ત્યાં ગુલાબની મધમધતી પાંખડીઓ પાથરેલી હતી. વાતાવરણ મનમોહક હતું. સર્વત્ર સુગંધ પ્રસરી ગઈ હતી. સંગીતની સુમધુર સૂરાવલી કાનના પડદે અથડાઈ રહી હતી. સ્વાગત માટે બે ચાર ગુરૂભાઈઓ ઉભા જ હતા.હું તે દરવાજે મારા બુટ સાઈડમાં ગોઠવીને ઉભો રહ્યો. ગુરૂ ભાઈઓથી થોડોક અપરિચિત હોવાથી જય ગુરૂદેવ તો કહ્યું.પણ વધારે કંઈ નહી. ગુરૂદેવની હવે આવવાની તૈયારી જ હતી. એટલામાં

દૂરથી ગાડી દેખાણી બધા સાવધ થઈ ગયા. ગાડી દરવાજાની નજીક આવીને ઉભી રહી. હજુ કાચ બંધ હતો.જે ગાડીમાં ગુરૂદેવ બેઠા હતા તે જયેશભાઈની ગાડી હતી. જયેશભાઈ એટલે મારા પરમ સ્નેહી. મારા ઉપર બંનેની નજર પડી કે તુરંત બન્નેનું હાસ્ય રેલાઈ ગયું કાચ વાળો દરવાજો ખોલ્યો. ગુરૂદેવ અને પાછળની સીટ ઉપર બેઠેલ નંદુબા ધીમેથી નીચે ઉતર્યા જેવા ગુરૂદેવ નીચે ઉતર્યા કે એમના પગે સ્પર્શ કરીને આદેશ.. જય ગુરૂદેવ મે કહ્યું,

જાણે ગુરૂદેવ ક્યારનીય જાણે વાટ જોઈ રહ્યા હોય તેમ ખૂબ જ પ્રેમાળથી કહ્યું, આવી ગયા પ્રવીણભાઈ..એટલુ કહીને મારો જમણો હાથ એમના હાથોમાં લઈને દિવ્ય દષ્ટિથી નવચેતના આપતા હોય તેવું લાગ્યું. થોડીક ક્ષણો સુધી મારો હાથ એમના જ હાથોમાં રહ્યો. આવી સુમંગલમય ઘડીને ક્યા શબ્દોથી વર્ણવું ! કોઈકના ભાગ્યમાં હોય ત્યારે જ આવી પળ આવતી હોય છે.ઈશ્વરની પ્રેરણાથી જ આવા સદ્‌ગુરૂ સાથે ભેટો થાય છે.આવા સદગુરૂ મારો હાથ પકડી લે પછી તો પુછવું જ શું ..!

ગુરૂદેવ તમારા હાથોમાં મારો હાથ..પછી ચિંતા શેની.

કથાનો સમય થઈ ગયો હોવાથી મારી સામે આહલાદક હાસ્ય કરીને વ્યાસપીઠ બાજુ જવા પગ ઉપાડયા.હું જાણે ક્ષણ ભર ભાન ભૂલી ગયો હોઉ તેવું થયું. આંખોમાંથી આંસુ વહી ગયાં.રૂદન અંદરો અંદર ભરાઈ ગયું.ક્ષણ ભર જાણે શું થયું. સદગુરૂ જાણે...

**અને અંતમાં...**

આજના પવિત્ર દિવસે સમસ્ત વિશ્વમાં રહેલા દિવ્યપુરુષની અંદર રહેલી સકારાત્ક ઊર્જા આપણામાં આવે અને આપ બધા પરોપકારી, દયાળું, નિષ્ઠાવાન અને કર્તવ્યશીલ બનીએ.

**પ્રવિણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

# દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. તથા આચાર્યશ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં અનેકવિધ યાદગાર શાસન પ્રભાવનાઓ

ડીસા

જગજયવંતશ્રી જીરાવાલા તીર્થની ઐતિહાસિક પ્રતિષ્ઠા-અંજનશલાકા પૂર્ણ કરી કાંકરોલીમાં દીક્ષા, મોખુંદામાં અંજનશલાકા પ્રતિષ્ઠા, દયાલશાકિલ્લા તીર્થમાં ભવ્ય પ્રતિષ્ઠા, ખમનોર પ્રતિષ્ઠા-દીક્ષા- શ્રી જીતેન્દ્રસૂરીજી ગુરુમંદિરમાં પ્રતિષ્ઠા. ઉદયપુર-કેશરીયાજી- ડુંગરપુર ક્ષેત્રસ્પર્શના કરી ગુજરાતમાં આગમન- શ્રી શંખેશ્વર તીર્થમાં નવનિર્મિત શ્રી સુખધામવિહારમાં શ્રી ગુણરશ્મિ આરાધના ભવનનું ઉદઘાટન રમેશ મુથા આદિ તથા નિર્માતા સંઘવી બાબુલાલ અચલાજીના હાથે થયું.

★ તા. ૭ એપ્રિલના રાસ્કા જૈનમ્ જયતિ શાસનમ્ તીર્થમાં બાગરા નિવાસી શ્રીમતી શણગારીબાઈ શંકરલાલજી ત્રોણી પરિવારે આગામી તા. ૧૪ ડિસેમ્બર ૨૦૧૭ થી ૪ જાન્યુઆરી ૨૦૧૮ સુધીનું શ્રી શંખેશ્વરથી શ્રી સિદ્ધાચલ તીર્થમુહુર્ત ગ્રહણ કર્યું.

★ તા-૧૭-૧૮-૧૯, એપ્રિલ પદ્મભૂષણ આચાર્યશ્રી રતનસુંદરસૂરિજી જોડે ૩૫ વર્ષ બાદ મુલાકાત થઈ. મુમુક્ષુ અક્ષયની દીક્ષા થઈ.

★ તા.૨૨ એપ્રિલના રોજ ‘‘ગેટ વે ઓફ સુરત નીલકંઠ-અમરોલીમાં’’ પ્રતીષ્ઠાચાર્ય ઉભય ઉપકારી સૂરિભગવંતોનું ભવ્ય સામૈયું થયું. સૂરિપ્રેમ સ્વર્ગારોહણ શતાબ્દિ નિમિત્તે ૧ વર્ષ પ્રયંત ‘દાલ- રોટી’ બે દ્રવ્ય ના ત્યાગ પૂર્ણ સાંકળી એકાસણા લખાવતા રીતસર પડાપડી થઈ. સુરતમાં ઠેરઠેર સંઘોમાં પ્રેરણા કરતા લોકો ઉત્સાહથી જોડાયા.

★ તા.૨૫ એપ્રિલના વાસ્તુ-લક્જુરીયામાં પૂજ્યશ્રી ભુવનભાનુસૂરિ મહારાજાની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુંવાદ કરાયા. ઉપાશ્રયની પ્રેરણા કરતા દાન દાતા જોડાયા. તા. ૮ જૂનના રોજ સંઘ સ્થાપના થઈ. આશ્રી ફુલચંદ્રસૂરિજી, શ્રી શ્રમણચંદ્ર-શ્રીચંદ્ર-પ્રશમચંદ્રસૂરિજી, શ્રી રશ્મિરત્ન- રશ્મિરાજસૂરિજી આદિની હાજરી હતી.

★ તા. ૨૭-૨૮-૨૯ એપ્રિલ મુનિશ્રી ભવ્યરત્નવિજયજી (શ્રી ભંવરજી દોશી દિલ્લીવાળા) આદિ મુનિ ભગવંતો, પિયુષભાઈ-તૃપ્તિબેન આદિના વર્ષીતપના પારણા થયા. કે.પી.સંઘવી બાબુલાલજીના ધર્મપત્ની તપસ્વિની રતનબેને ૨૮ માં વર્ષીતપનું પારણું કર્યું.

★ તા. ૫-૬-૭ ના રોજ શ્રી ઉમર જૈન સંઘમાં ૫ ભાઈઓ તથા ૪ બેનોની ભવ્ય દીક્ષા સંપન થઈ. સૂરિપ્રેમભુવનભાનુ સમુદાયના ૧૦૫ ગુરુભગવંતો પધાર્યા.

★ તા. ૧૪ મે ના રોજ સુરત-ભટારરોડ જૈન સંઘમાં મૂ.કલ્પનાબેનની દીક્ષા થઈ. શ્રી કરુણાદષ્ટિરેખાશ્રીજી નામ પડ્યું. પૂજ્ય દીક્ષા દાનેશ્વરીના હાથે રેકોર્ડ રૂપ ૩૭૦ મી દીક્ષા થઈ. સુરતમાં ૧૬૫ દિવસમાં ૧૧૦ મી દીક્ષા થઈ.

★ તા. ૧૫-૧૬-૧૭ ના રોજ કેપિટલ ગ્રીન વેસુમાં નવનિર્માણ શ્રી મહાવીર સ્વામી જિનાલયની અંજનશલાકા- પ્રતિષ્ઠા થઈ.

★ તા.૨૦-૨૧-૨૨ મે ના સુરત અઠવાલાઈન્સમાં આચાર્ય ગુણરત્નસૂરિજી તથા આચાર્ય રશ્મિરત્નસૂરિજીની નિશ્રામાં ત્રિદિવસીય સૂરિપ્રેમગુણોત્સવ થયો. પ્રથમ દિવસ સંગીતમય સૂરિપ્રેમ વંદનાવલીનું ગાન થયું. બીજા દિવસે ૨૫ ગુરુભગંવતોના શ્રીમુખે પ્રથમ વાર ૧૫ ભાષા અને ૯ શૈલીમાં યાદગાર ગુણાનુવાદ થયા. ત્રીજા દિવસે ૧૪ વર્ષનો અનુભવ- સૂરિપ્રેમ રજોહરણ તથા અંતિમ પટ્ટક દર્શન, તથા પૂજ્ય ગુરુદેવશ્રી ગુણરત્નસૂરિજી દ્વારા અંતિમપળોનું આંખો દેખ્યા અહેવાલ, અંતિમ નિર્યામણાનો લાભ કેવી રીતે મળ્યો એનું હુબહુ ચિત્રણ.

★ તા. ૨૨ મે ના રોજ સિદ્ધાંત મહોદધિ સૂરિપ્રેમની ૪૯ મી સ્વર્ગારોહણ તિથી નિમિત્તે સુરતના ૨૨ સંઘોમાં ગુણાનુવાદ થયા.

★ તા. ૨૩ મે થી ૧ જુન સુરતના ૯ જુદા - જુદા સંઘોમાં ૧૦ દિવસીય સૂરિપ્રેમ પ્રવચન માળા ગોઠવાઈ. અનેક મહાત્માઓએ પ્રવચન કર્યા.

★ તા. ૩ જુનના અઠવાલાઈન્સમાં પ્રથમવાર ૯ વડીદીક્ષાનો કાર્યક્રમ યોજાયો. દશેરાથી પાવનભૂમિ સુરતમાં શ્રીમતી ભુરીબેન કસ્તુરચંદ રાઠોડ પરિવારે ઉપધાન કરાવવાની ઘોષણા કરી. તા. ૭ ફેબ્રુઆરી ૨૦૧૮ ના મેવાડભવન પાલીતાણામાં નવનિર્મિત શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયની પ્રતિષ્ઠા- અંજનની જય બોલાવાઈ. અધ્યાત્મસાર, પાવન સ્પર્શ, વૈરાગ્ય કલ્પલતા ગ્રંથનું વિમોચન થયું.

★ તા.૪ જુન પૂજ્ય દીક્ષાદાનેશ્વરી ગુરુદેવશ્રી ગુણરત્નસૂરિજીના આચાર્ય પદના ૩૦ માં વર્ષ પ્રવેશ નિમિત્તે સંગીતમય ‘‘સદગુરુ શરણં મમ’’ નો ભવ્ય કાર્યક્રમ યોજાયો. ડ્યુએટ પ્રવચનની રજૂઆત થઈ. આચાર્ય રશ્મિરત્નસૂરિજી લિખિત બે નવ્યન્યાયના ગ્રંથો ૧.ચિત્રરેખા પદ્ધતિ નવ્યન્યાય પ્રવેશિકા ૨. અતિકઠીન તત્વાલોકની શૈલીમાં લખાયેલા અભાવવાદ તત્વાલોકનું વિમોચન થયું.

★ તા. ૭ જુન અઠવાલાઈન્સમાં મુનિરાજશ્રી ભવ્યરત્ન વિજયજી મ.સા.ની ત્રીજી દીક્ષા તિથિ નિમિત્તે બે હજાર ભાઈ-બેનોએ સમુહ સામાયિક કર્યું. સુંદર પ્રવચનો થયા.

★ તા.૧૧ જુન વરાછા વિસ્તારના બાળકો માટે ‘‘શ્રી જીનગુણ સંસ્કારવાટિકા’’ નો ભવ્ય શુભારંભ થયો.

★ તા.૯ જુનથી ૨૫ જુન સુધી પાલ આદિ અનેક સંઘોમાં આચાર્યશ્રી રશ્મિરત્નસૂરિજી દ્વારા નવ લાખ નવકારજપ, સમસ્ત સુરત લેવલે સમૂહસિદ્ધિતપ અને ઉપધાનના તપની પ્રેરણા કરાઈ.

★ તા. ૨૫ જુનથી ૩૦ જુન ઉમરા સંઘમાં શ્રી નવપલ્લવ મુનિસુવ્રતસ્વામી જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.

★તા. ૨ જુલાઈના શ્રી સુરત-પાલ- ઓમકારસૂરિ આરાધના ભવનમાં ૩૭૦ દીક્ષાદાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરિજી, આચાર્ય રશ્મિરત્નસૂરિજી, પં.સંયમરત્નવિજય મ.સા. મુનિ ભવ્યરત્નવિજય મ.સા. આદિ ૪૦ સાધુ ભગવંતો તથા પ્રવર્તિની સા. શ્રી પુણ્યરેખાશ્રીજી, સા. ગુણજ્ઞરેખાશ્રીજી, સા. હર્ષિતરેખાશ્રીજી આદિ અનેક સાધુ ભગવંતોનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ.

# વરૂણ ધવન સાથે અનુષ્કા શર્મા જોડી જમાવવા તૈયાર



યુવા પેઢીમાં લોકપ્રિય સ્ટાર વરૂણ ધવન અને અનુષ્કા શર્માની જોડી હવે પ્રથમ વખત ચમકાવવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. યશરાજ ફિલ્મના નવા પ્રોડક્શન સુઈ ધાગામાં બન્ને કામ કરવા જઈ રહ્યા છો. આ ફિલ્મનુ નિર્દેશન શરત કટારિયા દ્વારા કરવામાં આવનાર છે. કાટારિયા વિતેલા વર્ષોમાં દમ લગા કે હઈસા નામની ફિલ્મ બનાવી ચુકયા છે. મનીષ શર્મા આ પ્રોજેક્ટને હાથ ધરનાર છે. વરૂણે આ સંબંધમાં માહિતી આપતા કહ્યુ છે કે ગાંધીજીથી લઈને મોદી સુધી અમારા દેશના તમામ નેતા મેઈડ ઈન ઈન્ડિયાનો મંત્ર આપી રહ્યા છે ત્યારે સુઈ ધાગા સાથે જોડાઈને તે ગર્વ અનુભવ કરી રહ્યો છે. આ ફિલ્મ સાથે તે લાખો ચાહકો સુધી ખાસ પ્રકારના સંદેશાને લઈને જશે. વરૂણે કહ્યુ છે કે આ ફિલ્મ માટે યશરાજ સાથે જોડાઈને તે ભારે ખુશ છે. અનુષ્કા શર્મા પોતે પણ આ અસામાન્ય સ્ટોરીને લઈને આશાવાદી છે. આ સ્ટોરી એક આત્મનિર્ભર બનાવવા સાથે સંબંધિત છે. વરૂણ હાલમાં જુડવા-૨ ફિલ્મમાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મમાં તેની સાથે જેક્લીન અને તાપ્સી કામ કરી રહી છે. આ ઉપરાંત પણ વરૂણ પાસે કેટલીક ફિલ્મો રહેલી છે. વરૂણ અને અનુષ્કા અભિનિત ફિલ્મનુ શુટિંગ આગામી વર્ષે જાન્યુઆરીમાં કરવામાં આવે તેવી શક્યતા છે. જ્યારે આ ફિલ્મનુ શુટિંગ વહેલી તકે પૂર્ણ કરીને ફિલ્મને ગાંધી જયંતિ ૨૦૧૮ના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. વરૂણ પોતાની નવી ફિલ્મ જુડવાને લઈને હાલમાં વ્યસ્ત બનેલો છે. વિતેલા વર્ષોમાં આ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી.

# તને કોઈ તોડે છે છતાં દુ:ખ થતું નથી! પુષ્પને પુછાયેલા પ્રશ્નનો મસ્ત જવાબ

**તોડવાવાળો એટલે ખુશ હતો મને ચૂંટીને કે હું મારું દર્દ ભૂલી ગયો**




આપણને જ્યારે દુ:ખ હતી લપડાક પડે છે ત્યારે તૂટી જઈએ છીએ પણ એ વાત ભૂલી જઈએ છીએ કે દુ:ખ અને સુખ એક સિક્કાની બે બાજુ છે. દુ:ખ આવ્યું છે તો તે જશે અને ફરી સુખનો સુર્યોદય થશે થશે અને થશે જ. પરંતુ આપણે તો દુ:ખ નાની રાઈ જેવું હોય તો પણ પહાડ જેવું ગણીને નિરાશ થતા હોઈએ છીએ.

પરંતુ જે વ્યક્તિ દુ:ખના સમયે સ્થિત પ્રજ્ઞ બની જાય છે. તે ખરા અર્થમાં સમયની સાથે સરળતાથી જીવનનું એકજસ્ટ કરી શકે છે અને દુ:ખ ગમે તેવું મોટુ હોય તેને નાનું લાગે છે.

મયંક આવો જ સમજદાર યુવક હતો. કોલેજના છેલ્લા વર્ષમાં જ તેને નોકરી મળી ગઈ. તેથી ગામમાં તેની વાહ વાહ થઈ. નોકરી મળતા જ તેનું લગ્ન બજાર ગરમ બન્યું અને સગાઈ પણ તરત થઈ પણ બેનને સારું પાત્ર મળ્યું ન હોવાથી લગ્નની તારીખ નક્કી થઈ ન હતી.

આમ બે વર્ષ વીતી ગયા દરમ્યાન મયંકની કંપની અચાનક ખોટમાં ચાલવા લાગી. તેથી મયંકને છૂટો કરવામાં આવ્યો. બેકાર મયંક ફરી નોકરી શોધવા માંડ્યો. પણ સફળતા તરત ન મળી. તેમાં વળી આ વાત તેના સાસરીમાં પહોંચી તેથી નોકરી વગરના જમાઈ ન જોઈએ કહી સગાઈ ફોક કરી. સમાજમાં નામોશી ફેલાઈ. મયંક નિરાશ થયો.

બેકાર હોવાથી બાગમાં બેસવા ગયો ત્યારે માળીએ લહેરાતા રંગબેરંગી ફૂલો પૈકી થોડા ફૂલો તોડ્યા... ત્યારે તેને આશ્ચર્ય સાથે પ્રશ્ન થયો. તેથી મયંક મનોમન બોલ્યો:

‘ફુલને તોડ્યા તો તેને દુ:ખ નહીં થતું હોય?’

આ વાત પુષ્પ એ સાંભળી લીધી હોય અને મયંકને જવાબ આપતા હોય તેમ મૌન પડઘો સંભળાયો:

‘તોડવાવાળો માળી જો મને ચૂંટીને ખુશ થતો હોય તો મારે મારું દર્દ ભૂલી જવું જોઈએ..’

બસ આ સાંભળી મયંક પણ પોતાનું ક્ષુલ્લક દુ:ખ ભુલી ગયો અને બેવડી મહેનત કરી અને અન્ય એક કંપનીમાં પહેલાની કંપની કરતા ડબલ પગારથી નોકરી મળી ગઈ અને કંપનીએ રહેવા સારો ફ્લેટ પણ આપ્યો. હવે તેના સાસરા ફરી સંબંધ બાંધવા તૈયાર થયા પણ... મયંકને સુખના સંબંધીઓની જરૂર ન હતી. તેથી વિનયપૂર્વક ના પાડી અને એક અનાથ યુવતીને જીવન સંગીની બનાવી લીધી આજે મયંક ફૂલની વાતને યાદ રાખીને જીવનમાં સફળતાની સીડી ચઢતો જ જાય છે. તેની સફળતાને જોઈને પુષ્પો પણ હસતા હસતા લહેરાય છે. આપ પણ જીવનના રંજો ગમને ભૂલીને સુખને આવકારવા આતુર હો તો મને મેઘ વર્ષા-૧૪, સપ્તગિરિ સોસાયટી નં-૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર વડોદરા ૩૯૦ ૦૧૧ અથવા મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવજો હોં કે!

**સંવેદના:-**
**દરેક સગા કંઈ વહાલા નથી હોતા**
**દરેક વહાલા કંઈ સગા નથી હોતા**

**મનિષ જોષી,‘મૌન’**
**વડોદરા**

# ભારતની સૌથી મોટી ફેશન જ્વેલરી બ્રાન્ડ વોયલાએ અમદાવાદમાં ફલેગશીપ સ્ટોર લોન્ચ કર્યો



અમદાવાદ

ભારતની સૌથી મોટી ફેશન જ્વેલરી બ્રાન્ડ વોયલાએ સ્ટાર નેત્રી ત્રિવેદીની ઉપસ્થિતિમાં આજે અમદાવાદમાં તેના ફલેગશીપ સ્ટોરને લોન્ચ કર્યો હતો. વોયલા ભારતની અગ્રણી ફેશન જ્વેલરી બ્રાન્ડ છે, જે ઓફલાઈન સ્ટોર્સ તેમજ વેબસાઈટ અને એપ જેવાં ઓનલાઈન માધ્યમથી પ્રોડક્ટ્સનું વેચાણ કરે છે.વર્તમાન નાણાકીય વર્ષમાં કંપનીએ દેશભરમાં ૨૧૦થી વધુ સ્ટોર્સ ખોલ્યાં છે અને વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં ૨૫૦વધુ સ્ટોર્સ ખોલવાની યોજના છે. ઉલ્લેખનીય છે કે કંપની નવરંગપુરામાં સ્ટોર ખોલવાની સાથે-સાથે લગ્નની સિઝન માટે તેના નવીન ટ્રેન્ડ્સ પણ પ્રદર્શિત કરી રહી છે. “ગુજરાતની રંગીન કલા, પરંપરા અનેહસ્તકલા સંસ્કૃતિને લક્ષ્યમાં રાખીને અમે અમદાવાદમાં અમારો ફલેગશીપ સ્ટોર શરૂ કર્યો છે.

મહત્વપૂર્ણ છે કે વોયલા એકમાત્ર ઓનલાઈન જ્વેલરી પ્લેટફોર્મ છે, જે દેશભરમાં ૨૧૦થી વધુ ઓફલાઈન સ્ટોર્સપણ ધરાવે છે. ગ્રાહકોની જરૂરિયાતોને સમજવા માટે કંપનીના સાતત્યપૂર્ણ પ્રયાસો સાથે મજબૂત બેકએન્ડ અને શ્રેષ્ઠ પ્રોડક્ટ્સને પરિણામે વોલીની સાઈટ અને સ્ટોર્સ ઉપર ૧૩,૦૦૦થી વધુ ડિઝાઈન ઓફર કરે છે. પાંચ લાખથી વધુ ગ્રાહકોએ વોયલાને પ્રોત્સાહન આપ્યું છે અને તેને ટોચની જ્વેલરી બ્રાન્ડ બનાવી છે.માત્ર બે વર્ષમાં ૨૧૦થી વધુ સ્ટોર્લ લોન્ચ કરવાની સાથે કંપની આગામી વર્ષ સુધીમાં વધુ ૨૦૦ સ્ટોર્સ શરૂ કરવાનીયોજના ધરાવે છે, જેથી રિટેઈલ ઉપસ્થિતિમાં વધારા સાથે ગ્રાહકની વધુ નજીક પહોંચી શકાય. ગ્રાહકોને ૩૬૦ ડિગ્રીઅનુભવ ઓફર કરવાની દિશામાં આ એક નાનું કદમ બની રહેશે.આજના અત્યંત સ્પર્ધાત્મક માહોલમાં યુવાન અને ગતિશીલ બ્રાન્ડ સાથે કંપની ગ્રાહકોને વધુ વિકલ્પો, પાવર પૂરોપાડીને તેમને સાંકળવામાં સફળ રહી છે. પુરુષો માટેનું અદ્‌ભુત કલેક્શન આક્રમક વૃદ્ધિ માટે પ્રેરકબળ બન્યું છે.રણવિજય સિંઘે ડેર બાય વોયલા નામની મેન્સ લાઈનને તાજેતરમાં લોન્ચ કરી છે. આ ઉપરાંત સ્ટુડિયોવોયલા પણ લોન્ચ કરાયું છે, જેમાં પ્રિમિયમ, આર્ટિસ્ટિક હેન્ડક્રાફટેડ જ્વેલરી ઓફર કરાય છે. થોડાં મહિના પહેલાંલોન્ચ થયેલું સ્ટુડિયો વોયલા આ સેગમેન્ટમાં ગેમ ચેન્જર સાબિત થયું છે. ઉભરતા અને ખ્યાતનામ ડિઝાઈનર્સ સાથેનાજોડાણ દ્વારા ગ્રાહકોને ઉત્તમ કલેક્શન પૂરું પાડવામાં આવે છે. વધુ રચનાત્મક અને વ્યૂહાત્મક કલેક્શન પણ આગામીસમયમાં લોન્ચ કરાશે, જે બ્રાન્ડના નેતૃત્વને વધુ મજબૂત કરશે. પેન્ટાલૂન્સ અને રિલાયન્સ જેવી રિટેઈલ ચેઈન સાથે જોડાણ દ્વારા વર્ષ ૨૦૧૮ સુધીમાં ૫૦૦ સ્ટોર્સ શરૂ કરવાની પણ કંપનીની યોજના છે.






# ડિપ્રેશનની દવાથી બાળક આપઘાત માટે પ્રેરાઈ શકે છે

ડિપ્રેશન અને સ્ટ્રેસ એવી સમસ્યાં છે જે નાના બાળકથી લઈને મોટાઓને પણ થઈ શકે છે. જેથી આ બાબતે આપણે થોડુ સચેત રહેવું પડશે. બજારમાં મળતી ડિપ્રેશનની દવાઓની માનવ શરીર પર નકારત્મક અસર પડી શકે છે. ડિપ્રેશનની દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે માનવના મગજ પર પણ ગંભીર અસરો થઈ શકે છે. જો તમારૂ બાળક ડિપ્રેશનના કારણે પિડીત હોય તો તેને દવાઓથી દૂર રાખવો જોઈએ.એક અભ્યાસમાં જણવા મળ્યું હતું કે, આ પ્રકારની દવાઓ બાળકો અને કિશોરને એગ્રેસીવ બનાવી શકે છે. આ દવાઓની બાળકોના મગજ પર નકારાત્મક અસરને કારણે કેટલીક વાર બાળક આત્મહત્યા કરવા માટે પણ પ્રેરાય છે. ડેનમાર્કના શોધકર્તાએ ચેતવણી આપતા જણાવ્યું હતું કે, ડિપ્રેશન રોકવા માટેની દવાઓ બાળકો અને કિશોરોમાં આક્રમકતા અને આત્મહત્યાનું વૃતિને ભડકાવે છે. જો કે આ અભ્યાસ દરમિયાન શોધકર્તાને ડિપ્રેશનની દવાઓની આક્રમકતા અને ડિપ્રેશનનો કોઈ સીધો સંબંધ જોવા મળ્યો ન હતો.આ સંશોધનમાં એક ટીમ બનાવીને ૧૮,૫૨૬ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ડિપ્રેશનની દવાઓ પણ આપવામાં આવી હતી. શોધકર્તાએ દુનિયાના લોકોને સલાહ આપી હતી કે, ડિપ્રેશનની દવા બાળકો અને કિશોરોને બને તેટલા ઓછા પ્રમાણમાં આપવી જોઈએ, શક્ય હોય ત્યાં સુધી બાળકને આવી દવાઓથી દૂર રાખવો જોઈએ. ડિપ્રેશનનો ઈલાજ દવાઓની જગ્યાએ અન્ય વૈકલ્પિક ઈલાજો જેવા કે, વ્યાયામ અને સાઈકોથેરાપી દ્વારા કરવો જોઈએ. જેના કારણે ડિપ્રશનની દવાઓની આડ અસરને કારણે બચી શકાય અને વ્યાયામને કારણે શરીર મજબૂત બને છે.

# હોમિયોપેથી વિશે માહિતી

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

હોમિયોપેથીના પ્રણેતા ગ્રેટમાસ્ટર્સ સેમ્યુઅલ હનેમાનજીનો જન્મ આજથી ૨૫૦ વર્ષ પહેલાં જર્મનીના મિશેન ગામમાં ૧૦ એપ્રિલ ૧૭૫૫ ના રોજ થયો.

તેઓના પિતાશ્રી પોર્શલેન વાસણો (ચીનાઈ માટીના વાસણો), પ્યાલા રકાબી વિગેરે ઉપર ડીઝાઈનનું કાર્ય કરતા હતા. બચપણ બહુ જ ગરીબાઈમાં ગુંજ્યું ત્રણ ભાઈઓમાં હનેમાન ખુબ જ બુધ્ધિશાળી તેમજ હોંશિયર હતા.

દિવસના સમયમાં પિતાશ્રી સાથે પ્યાલા રકાબીના રંગકામમાં મદદ કરે અને રાત્રિ કોલેજમાં મેડીકલનું શિક્ષણ લેતા હતા. તેઓએ મેડીસીનમાં ડીગ્રી હાંસીલ કરી લીપઝીગ એલોપેથીક ફીઝીશીયન થયા.૧૭૭૯ માં એમ.ડી. થયા ત્યારબાદ રૂરલ એરીયામાં પ્રેકટીસ શરૂ કરી. વર્ષો સુધી એલોપેથીક પ્રેકટીસ કરી. ૧૭૮૧ થી ૧૭૯૬ માં પ્રેકટીસ શરૂ કરી ૧૭ વર્ષ એલોપેથીક પ્રેકટીસ તેઓ મેડીસીન સિવાય કેમેસ્ટ્રી ફીનીકસના પણ જ્ઞાતા હતા.

તેઓ અંગ્રેજી, ફ્રેન્ચ, ઈટાલીયન, ગ્રીક અને લેટીન ભાષાના જાણકાર હતા. ૧૭૮૧ માં તેઓએ જર્મન લેડી જોહાના હેનરીએટ કુશલેર સાવ લગ્ન કર્યા. ૧૧ સંતાનો થયા.

તેઓના અભ્યાસ કાળ દરમ્યાન તેમજ પ્રેકટીસ દરમ્યાન તેઓને મેડીકલની જુદી જુદી ભાષામાં લખાયેલા પુસ્તકોનો અનુવાદ કરવાનો શોખ હતા.

૧૭૮૪ માં ડૉ. વિલીયમ કુલેન્સના મટીરીયા મેડીકાનો અનુવાદ કરતા હતા ત્યારે સીકોનાબાર્ક નામની દવા લેવાથી અશક્તિ, થાક, હાથ પગની કળતર થવી, પેટમાં બળતરા થવી વિગેરે લક્ષણો નોંધ્યા. તે સમયમાં સારવારના નામે પીડાદાયક અને હિંસક ઉપાયો કરવામાં આવતા હતા. જેમાં પેટ ઉપર ડીમ દેવા, કોઈને જનાવર કરડે તો કાળું લોહી (મરેલું લોહી) પંકચર કરીને કાઢવું, સ્પોન્ડીલાઈસીસ કે મણકાંની તકલીફમાં, ગરદનને મરડવી, બાળકોને ગળું પડે ત્યારે પણ પીડાદાયક સારવાર તેમજ ઈલાજો કરવામાં આવતા હતા. ડૉ. હનેમાન પીડાદાયક સારવારથી નિરાશ થયેલા હતા તે સમયે સીકોનાબાર્ક વિશે જાણ્યું કે આ દવા તે હોમિયોપેથી ચિકિત્સા.

હોમિયોપેથી કેર એન્ડ કયુરમાં માને છે.

આજના લોકો હોમિયોપેથીથી પરીચિત થાય તે માટે દરેક તબીબી વિજ્ઞાન દર્દીના હીતમાં કામ કરે છે. સારાં રીઝલ્ટો મળે છે.અમે દરેક તબીબી વિજ્ઞાનનો આદર કરીએ છીએ.

ડૉ.સેમ્યુઅલ હનેમાન સાત દિવસ સુધી સીકોમાબાર્ક લીધું મેલેરીયા જેવા લક્ષણો ઉત્પન્ન થયા.

જે ઔષધિ સ્થુળ સ્વરૂપે એક તંદુરસ્ત માણસને મોટા ડોઝમાં આપવાથીજે લક્ષણો ઉત્પન્ન થાય એવા જ પ્રકારના લક્ષણોવાળા રોગીને એજ ઔષધિ સુક્ષ્મ સ્વરૂપે નાની માત્રામાં આપવામાં આવે તો રોગ લક્ષણોમાંથી મુકત કરી શકાય. આ સિદ્ધાંતને સીમીલીયા સીમીલીવસ કયુરેન્ચર એટલે લેટલાઈક બી ટ્રીટેડ બાયલાઈકસ આ સિદ્ધાંતને પ્રુવીંગ કહેવામાં આવે છે. ત્યારબાદ ડૉ. હનેમાને માનવજાત ઉપર અનેક દવાઓના પ્રયોગ કર્યા અને લગભગ ૨૦૦ દવાઓનો આવિષ્કાર કર્યો.

આ દવાઓ પોટેન્ટાઈઝેશન પદ્ધતિથી બનાવવામાં આવે છે જે અણુના પદ્ધતિ પ્રમાણેથાય છે. આ દવા પગથી માથા સુધીના સંપુર્ણ લક્ષણમાં કે જેને signa & symptoms કહેવામાં આવે છે.જેનો તલસ્પર્શી અભ્યાસ કરે છે.

દા.ત.માથું દુ:ખવું, તેના કારણો શોધવામાં આવે છે. પિત્ત પ્રકોપને લીધે હોય, પેટમાં દાહ થતો હોય, હાથ પગના તળીયાં બળતા હોય ત્યારે દરેક લક્ષણોનો તલસ્પર્શી અભ્યાસ કરી ટોટાલીટી ઓફ ધ સીમ્પટમ્સનો અભ્યાસ કરી દવાની પસંદગી કરવામાં આવે છે. દર્દીની સારવાર કરતી વખતે માનસિક લક્ષણો,શારિરિક લક્ષણો,


અનુસંધાન પાના નં.૬ ઉપર


# કમળો કેવી રીતે મટે ?

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

કારણ વિના કાર્ય ની ઉત્પતિ થતી નથી. કોઈ પણ રોગ થવામાં ખોરાક, રહેણી-કરણી કે માનસિક ભૂલો જવાબદાર છે જ. લોહી ઓછું થવું એ કદાચ અપચો, પોષણનો અભાવ જેવા ઘણા કારણોનો આપણે હમણાં જ ગયા લેખમાં જ વિચાર કર્યો. પરંતુ કમળો થવામાં પણ તે જ કારણો ઉપરાંત લોહી ઓછું હોય ને ગરમ ખોરાક, ગરમ દવાઓ વધુ પ્રમાણમાં લેવામાં આવે તો કમળો થાય છે.

દર્દીને સામાન્ય તાવ આવે છે ને તરતજ તાવ દબાવનારી દવા લેવામાં આવેછે ને આપણે સંતોષ માનીએ કે “તાવ તરતજ મટી ગયો હો.......” પણ ભાઈ તમે તાવને દબાવીને મરડો ને કમળોના બીજ વાવી આવ્યા છો તેની તમને ખબર જ નથી. અને કમળા ની દવાઓ માં પણ જ્યાં સુધી કડવા રસથી યુક્તશક્તિ તથા અગ્નિ જાળવી રાખીને પંચકર્મ વૈદ્યના માર્ગદર્શન થી કોમળ વિરેચન- ઝાડા કરવામાં ના આવે ત્યાં સુધી કમળો મટતો નથી અને કમળામાંથી અન્ય રોગો મરડો, મધુમેહ, ક્ષય, લીવરનો સોજો, સીરોસીસ ઓફ લીવર, જલોદર- પેટ માં પાણી ભરાઈ જવું, કીડની નબળી પડવી જેવા રોગો ઉત્પન્ન થાય છે.

જે માણસને લોહી ઓછું હોય ને પછી કમળો થાય તેમાં તેની આંખો, ચામડી, નખ તથા મોઢું હળદર જેવાં જ પીળાં થઈ જાય, તેને કોઈપણ કામ કરવાનો ઉત્સાહ રહે નહિ અને બળતરા, અપચો, અશક્તિ, અંગોની શિથિલતા તથા ખોરાક પ્રત્યેની અરુચિથી અશક્ત થાયછે.

આ કમળો શાખાશ્રીત એટલે OBSTRUCTIVE અને કોષ્ઠશાખાશ્રીત એટલે HEPATITIS એં મુખ્ય બે પ્રકાર નો કમળો થાય છે. આ ઉપરાંત કુંભ કામલા, હલીમક,એમ રોગ ની ગંભીરતાને લઈને વિશેષ પ્રકાર પડે છે.

★ **શાખાશ્રીત કમળો** - આ સ્થિતિમાં આંખ, મોઢું તથા ચામડી હળદર જેવા થાય છે. મળ સફેદ અથવા વાટેલા તલ જેવો થાય છે. કબજિયાત અને ગેસ -વાયુ થી પેટ ભારે થાય, છાતી માં ભાર લાગે, ભૂખ ઓછી થાય, ખોરાક ખાવા માટે ઈચ્છા ના થાય, તાવ રહે, અશક્તિ લાગે, પડખામાં દુ:ખાવો રહે, થાક, શ્વાસ અને હેડકી પણ થઈ આવે છે.

★ **કોષ્ઠ શાખાશ્રીત કમળો** - આ સ્થીતિમાં નખ, આંખ, મોઢું હળદર જેવા થાય, પેસાબ તથા મળ પીળા ને લોહી જેવા રંગના થાય છે. બળતરા, અરુચિ રહેછે. ચામડીનો રંગ ચોમાસાના દેડકાની ચામડી જેવો થાય છે.

જયારે લીવરમાં કોઈ પ્રકારનો અવરોધ થાય છે ત્યારે પિત આંતરડામાં પહોંચી શકતું નથી તેથી તે પિત લોહી સાથે ભળી ને ચામડી નીચે ચાલ્યું જાયછે આને શાખાશ્રીત કમળો – OBSTRUCTIVE JAUNDICE કહેછે. અહી આમદોષ, મંદાગ્ની, કફદોષ મુખ્ય કારણ છે. તેથી ભૂખ લગાડી આમનું પાચન કરનાર હરડે, સુંઠ, મરી, લીંડી પીપર, મધ, બીજોરાનો રસ એ શાખાસ્રિતની સારવાર જેમાં પાચન સુધરેને અવરોધ ખુલી જાય. .... અહી આડ વિષય થી વિચારીએ તો હૃદયમાં પણ જયારે અવરોધ OBSTRUCTION થાય છે ત્યારે લોકો બાયપાસ ઓપરેશન કરાવે છે પરંતુ મહર્ષિ ચરક ની આ દ્રષ્ટીથી વિચારવામાં આવે તો અવરોધ દુર થાય ને હૃદયનું બાયપાસ ઓપરેશન કરાવવું ના પડે.

જયારે પિત ચામડીની નીચે લોહીમાં ભળી લોહીના કણોને વધુ પ્રમાણમાં તોડે છે, ત્યારે જે કમળો થાય છે તે કોષ્ઠ શાખાશ્રીત છે. તેમાં લોહી ઘટે છે અને દર્દી જયારે વધુ પ્રમાણમાં ગરમ, તીખા ખોરાક ખાય છે ત્યારે આવું થાય છે

**ગરમાળાના ગર્ભ**- ગોળ સાથે આમળાં નો રસ કે ચૂર્ણ, શેરડી નોરસ, શેરડી ચુસવી, કુવાર પાઠા નો રસ, ગોમૂત્ર સાથે હરડે આવા અનેક ઔષધો કે જેનાથી પિત મળ દ્વારા નીકળી જાય અને શરીરમાં ઠંડક થાય, લીવરનો સોજો માટે, લોહી વધે તેથી કમળો અચૂક મટે.


**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**


# કન્જંક્ટિવાઈટિસ ઋતુ પરિવર્તનની અસર આંખો પર

**ચોમાસુ બેસી ગયું છે અને અનેક પ્રકારના સંક્રમણ પણ પગ પેસારો કરી રહ્યાં છે. કન્જંક્ટિવાઈટિસ એટલે કે આંખમાં થતી આ ઋતુની સૌથી સામાન્ય સમસ્યા પણ આ સમયમાં મોટા પાયે વકરે છે**

**સાઈકોથેરાપીસ્ટ**

શું છે કન્જંક્ટિવાઈટિસ? કન્જંક્ટિવાઈટિસ અર્થાત કન્જંક્ટિવામાં થતો સોજો. કન્જંક્ટિવા એ પાતળી સ્કિન છે જે આંખના સફેદ ભાગને કવર કરે છે. આ પારદર્શક કોશિકાઓના પડમાંથી બનેલી હોય છે. કોઈ પણ સંક્રમણ કે એલર્જીની સ્થિતિમાં આવતો આ સોજો પીડાદાયક હોય છે. ચોમાસામાં ભેજ અને પવન સાથે અનેક પ્રકારની એલર્જી અને સંક્રમણ પેદા કરનારા તત્વો આંખો સુધી પહોંચી શકે છે જેનાથી તકલીફ વધી શકે છે. કન્જંક્ટિવાઈટિસની સ્થિતિમાં અસહજતા સાથે દેખાનારા અન્ય લક્ષણો છે- - આંખમાં કંઈક ખૂંપતુ હોય એવી અનુભૂતિ - લાલાશ - આંખની અંદરના પડ પર સોજો - આંખોમાંથી પાણી આવવું - આંખમાં ખંજવાળ અને બળતરા થવી - પાંપણમાં સોજો વગેરે

અન્યોને થઈ શકે છે સંક્રમણ કન્જંક્ટિવાઈટિસ સંક્રમણકારી હોય છે અને પીડિત વ્યક્તિમાંથી સ્વસ્થ વ્યક્તિ સુધી પહોંચી શકે છે. અહીં ભ્રમ પણ એ જ હોય છે કે કોઈ પીડિતની આંખોમાં જોવા માત્રથી કન્જંક્ટિવાઈટિસ બની શકે છે કે પરંતુ વાસ્તવમાં આવું થતું નથી. સંક્રમણ એકમાંથી બીજી વ્યક્તિ સુધી ફેલાવાનું મુખ્ય કારણ હોય છે હાથ કે અન્ય સાધનો માધ્યમ બની જવું. એટલે કે સંક્રમણ હાથ અને અન્ય સાધનોથી સ્વસ્થ વ્યક્તિ સુધી પહોંચી શકે છે. તેથી ખાસ સતર્કતા આ સાધનોના ઉપયોગ દરમ્યાન રાખવાની હોય છે. આ બાબતોનો ખ્યાલ રાખો જોકે કંન્જિક્ટિ વાઈટિસના મોટા ભાગના કેસોમાં તકલીફ કેટલાક દિવસોમાં યોગ્ય ડ્રોપ્સના ઉપયોગથી ઠીક થઈ જાય છે. અનેક કેસોમાં ઓરલ દવાઓ લેવાની પણ આવશ્યકતા રહે છે. જરૂરી એ છે કે પૂરતી સાવધાની રાખવામાં આવે. જો તમે કોન્ટેક્ટ લેન્સનો ઉપયોગ કરો છો તો સતર્ક રહો અને હાઈજીનનું પૂરતુ ધ્યાન રાખો. આ ઉપરાંત અન્ય કેટલીક બાબતો જેમનું ધ્યાન રાખવું જરૂરી છે તે છે આંખોને મસળવાનું ટાળો, આંખોને મેડિકેટેડ સાધનોથી નિયમિત ધૂઓ, બહાર નીકળતી વખતે આંખોને ચશ્માથી કવર કરો, આંખો પર તીવ્ર દબાણ ન આવવા દો. આઈ ડ્રોપના ઉપયોગમાં સાવધાની રાખો આઈ ડ્રોપનો ઉપયોગ સાવધાનીપૂર્વક કરો. કન્જંક્ટિવાઈટિસના મુખ્ય કારણોમાં વાયરલ અને બેક્ટેરિયા વગેરે જેવા સંક્રમણ અને એલર્જી સામેલ છે. ખાસ કરીને ચોમાસામાં વાયરલ અને એલર્જિક બન્ને પ્રકારની સમસ્યાઓ વકરે છે. આ અત્યંત સામાન્ય સમસ્યાઓ છે પરંતુ તેમના માટે પણ સાવધાની રાખવી જરૂરી છે. જોકે આ માટે પ્લેન એન્ટીબાયોટિક અને લુબ્રિકેટિંગ આઈ ડ્રોપ્સથી લાભકારી હોઈ શકે છે પરંતુ એ સાચુ એ જ છે કે ડોક્ટરની સલાહ અનુસાર લેવા જોઈએ. સાફ-સફાઈ રાખો સ્ટેરોઈડયુક્ત ડ્રોપ્સ આ સમયે કદાપિ ઉપયોગમાં ન લેતા. હાથને એકદમ સ્વચ્છ રાખવા અને તમારી આસપાસ સફાઈ રાખવી સૌથી જરૂરી છે. આ બચાવ માટે પણ સૌથી સારો ઉપાય છે અને કન્જંક્ટિવાઈટિસ થયા પછી પણ કારગીર રીત છે. આ ઉપરાંત એ પણ જરૂરી છે કે કન્જંક્ટિવાઈટિસથી અસરગ્રસ્ત થતા પોતાનો રૂમાલ, કપડા વગેરે સાફ અને અલગ રાખો. કોમન શેયરિંગ વાળી વસ્તુઓના ઉપયોગમાં સાવધાની રાખો.

# આલોચના એક આશિર્વાદ

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

આપણા સમાજમાં સર્જક અને સર્જનનું જેટલું મહત્વ હોય છે તેટલું જ મહત્વ અલોચના અને આલોચકનું પણ હોવું જરૂરી છે !

એક ચિત્રકાર હતો, તેણે એક સુંદર અને કામણગારી યુવતિનું અદભૂત ચિત્ર બનાવ્યું, અલંકારિક દેહલાલિત્ય અને કમનીય અંગ મરોડ ધરાવતી યુવતિની આ તસ્વીર તેણે આર્ટ ગેલેરીમાં પોતાના અનેક ચિત્રોના પ્રદર્શન દરમિયાન જાહેર જનતા માટે પ્રદર્શીત કરી હતી, એમાંય આ ચિત્રની સાથે તેણે એક ખાસ સુચના પણ લખી હતી. જેમાં તેણે લખ્યું હતું કે આ ચિત્રમાં જેમને ક્યાંય પણ ખામી દેખાય ત્યાં લાલ રંગની પેનથી એક ચોકડીનું નિશાન કરવું, બીજા દિવસે આ ચિત્રકાર ફરી આર્ટ ગેલેરીમાં આવ્યો. તે ખૂબ ઉત્સુક હતો તે જાણવા માંગતો હતો કે પોતાના એ અદભૂત ચિત્રમાં લોકોને કોઈ ખામી જોવા મળી છે કે કેમ ?

ધીમા ડગલે ચિત્રકાર એ તસ્વીર પાસે ગયો. ત્યાં જઈને તેણે ચિત્ર જોયું તો તેના પગ નીચેથી ધરતી સરકી ગઈ. લોકોએ ચિત્રની શું વરવી હાલત કરી હતી ? ચિત્રકાર દંગ રહી ગયો. ચિત્રમાં ક્યાંય નવી લાલ ચોકડી કરવાની જગ્યા નહોતી બચી, એટલી સંખ્યામાં લોકોએ ચોકડીઓ કરી નાંખી હતી.આ વાત આપણને ઘણું બધું શીખવી જાય છે.કશુંક નવું સર્જન જેટલું મુશ્કેલ હોય છે. એટલું સહેલું તેમાંથી ભૂલ શોધવાનું હોય છે. આ તો માનવ પ્રકૃતિ છે, કોકની ભૂલ ચૂક શોધવામાં આપણી માનવ જાતની કાબેલિયત બેનમૂન છે.,અરે, નવાઈની વાત તો એ છે કે કશાંકમાંથી ભૂલ ગોતી કાઢવા સૌ કોઈ હોશેં તૈયાર થઈ જાય છે. એમાં તો તેમનો ઉત્સાહ પણ અદભૂત હોય છે.

આ નેગટીવ વાતમાંથી પણ જો તમે કશું હકારત્મક તત્વ શોધવા ધારો તો તેમને તેમાં પણ સફળતા મળી શકે. તેમ છે, ઉપરોક્ત વાત આપણને એક એવો સંદેશ પણ આપી જાય છે કે તમારા ટીકાકારો તો તમારા ગુરૂ છે, તમારા કામમાં રહેલી ઉણપો દર્શાવનાર વ્યક્તિનો તો તમોએ આભાર માનવો જોઈએ.

એક વાત યાદ રાખવા જેવી છે કે મિત્રો મોટે ભાગે તમારા કાર્યની સાચી ખોટી પ્રશંસા કરી તમારો ઉત્સાહ વધારવાનું કાર્ય જ કરશે, જ્યારે તમારા ટીકાકારો તો તમારી ભૂલચૂક તરફ અંગુલી નિર્દેશ કરી ભવિષ્યમાં તમે તમારા કામમાં ચોકસાઈ રાખો એ માટે એલર્ટ કરે છે. વાંકદેખા કે ટીકાકારોની આલોચના કરવાને બદલે તેમના તરફથી રજુ થતા અભિપ્રાયો ગંભીરતાપૂર્વક ધ્યાને લેવાની ટેવ પાડવી સૌ કોઈ માટે ખરેખર આશિર્વાદરૂપ બની રહે તેમ છે.

એમ પણ કહી શકાય કે જો આપણા સમાજમાં આલોચકો, સમીક્ષકો, વિશ્લેષકો, અને ટીકાકારોના હોત તો માનવ જાતની ભૂલો અને ક્ષતિઓ ક્યારેય દૂરસ્ત થઈ શકી ના હોત, કશું નવું નવું સર્જન કરતા સર્જકનું મહત્વ સ્વાભાવિક પણે જ સૌથી વિશેષ હોય પરંતુ ટીકાકારોના મહત્વને જરાય ઓછું આંકવાની ગફલત કરવા જેવી નથી.

સામાન્ય રીતે એવું બનતું હોય છે કે ટીકા ટીપ્પણ

થવાને કારણે ઘણા સંવેદનશીલ સર્જકો ખૂબ જ હતાશ બની જતા હોય છે, તેઓની સર્જન શક્તિને બ્રેક લાગી જાય છે, સર્જકો આમ પણ લાગણી અને સંવેદનાસભર હોય છે, પોતાની સર્જનશીલતા સાથે તેમનો એવો ઊંડો નાતો હોય છે કે તેના કાર્યની ટીકા થાય તો તે સહન કરવું તેમના માટે મુશ્કેલ બની જતું હોય છે.

સર્જન કાર્યમાં તેમણે પોતાનો જીવ રેડી દીધો હોય છે, આખી દુનિયાને ભૂલીને તેઓ પોતાના કાર્યમાં મસ્ત અને રત બની જાય છે, તેઓની મહેનત દાદ માંગી લે તેવી હોય છે, સર્જનશીલતાને વધુને વધુ નિખાર


અનુસંધાન પાના નં.૬ ઉપર


# સ્તન કેન્સરની અગમચેતી માટે મેમોગ્રાફી અનિવાર્ય

**આરોગ્ય સંહીતા**

કેન્સરની શરૂઆત થતાં જ વહેલામાં વહેલી તકે એ શોધવાનું મેમોગ્રાફીથી શક્ય બને છે. જો સ્તનનું કેન્સર આ રીતે જલદી પકડાય તો ૯૦ ટકા કિસ્સાઓમાં એનો સફળતાપૂર્વક ઈલાજ શક્ય બને છે. જો રોગ એકદમ શરૂઆતના તબક્કે પકડાય તો સ્તન દૂર કરવાની પણ જરૂર નથી. મેમોગ્રાફી એ સ્તનનું કેન્સર માપવાની એકદમ સાદી અને સરળ રીત છેઆજે પણ મહિલાઓને હોવી જોઈએ આટલી જાણકારી નથી. સ્તન એ સ્ત્રી શરીરનું મહત્ત્વનું અંગ છે. સ્તનના રોગોમાં બ્રેસ્ટ કેન્સર સૌથી ખતરનાક રોગ છે. જેમાં સ્ત્રીના જાનનું જોખમ કદાચ ઓછું હોય તો પણ સૌંદર્ય પૂરું પાડતા અને સ્ત્રીત્વના લક્ષણ સમા સ્તન કેન્સર થવાના ઘણાં કારણો છે. તેની છણાવટ બીજા કોઈ લેખમાં કરીશું. અહીં આપણે બ્રેસ્ટ કેન્સરને અટકાવવા માટેના સૌથી સરળ ઉપાય મેમોગ્રાફીની વિગતો વિશે ચર્ચા કરશું.

કોઈ પણ સ્ત્રીને સ્તનનું કેન્સર થઈ શકે છે. એવું નથી કે જેના કુટુંબમાં અન્ય કોઈ વ્યક્તિને પહેલાં આ રોગ થયો હોય તેને જ સ્તનનું કેન્સર થાય. અમેરિકામાં દસમાંથી એક સ્ત્રીને એટલે કે દસ ટકા સ્ત્રીઓને આ રોગ થતો માલૂમ પડયો છે. કેન્સરની શરૃઆત થતાં જ જલદીમાં જલદી એ શોધવાનું મેમોગ્રાફીથી શક્ય બને છે. જો સ્તનનું કેન્સર આ રીતે જલદી પકડાય તો ૯૦ ટકા કિસ્સાઓમાં એનો સફળતાપૂર્વકનો ઈલાજ શક્ય બને છે. જો રોગ એકદમ શરૃઆતને તબક્કે પકડાય તો સ્તન દૂર કરવાની પણ જરૃર નથી.


અનુસંધાન પાના નં.૬ ઉપર


# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

આ મનના પેલે પારના પ્રદેશની વાત છે. તેના માટે મનનું અતીક્રમણ કરવું પડે છે મન થકી જ મનની પાર જવા માટે, જેમ કાંટાનો ઉપયોગ કરી પગમાં પેઠેલા કાંટાને કાઢી શકાય તેમ મનની પેલે પારના પરમ તત્વ પરમાનંદમય સુધી પહોંચવા માટે અતિક્રમણ કરવું ખુબ જ જરૂરી છે. મનની વિરૂદ્ધ પણ જવાની જરૂર નથી. મનને તમારો પરમ મિત્ર બનાવો ! તેને પ્રેમ કરો, માત્ર તેને તેનાં સઘળાં સ્વરૂપથી વાકેફ કરો. તો મન કદાચ સમજી જાય તેવું બની શકે છે ! અથવા તો પછી સાચી સમજ, સાચું જ્ઞાન હોય છે. બંને એક સાથે ન હોઈ શકે.

ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવતાં આ જ વાત કહે છે : ‘હે અર્જુન ! આ મન તારો જ ઉદ્ધારક છે અને તે જ તારો દુશ્મન પણ છે ! પરંતુ આ મનને મિત્ર બનાવી તેનો ખપ પુરતો ઉપયોગ કરવો જોઈએ અને સાથે સાથે આત્મજાગૃતિનો પ્રકાશ તેના ઉપર પાડવામાં આવે તો અંધકારમાં ભુલું પડેલું મન પોતાને જ સારી રીતે ઓળખવા લાગે છે પછી તેપોતે જરૂર મુજબ લય વિલય પામી શકે છે.

બુદ્ધની બાબતે એક કથા ખુબ જ પ્રચલીત છે.. બુધ્ધ જયારે નિર્વાણના દ્વારે આવી પહોંચ્યા ત્યારે દરવાજાઓ ખુલી જાય છે. તેમનું સ્વાગત કરવા દેવદુતો નાચગાન કરતા હોય છે અને તેનું કારણ એટલું જ છે કે મનુષ્યની બુદ્ધ બનવાની ઘટના લાખો વર્ષોમાં ભાગ્યે જ બને છે ! દરવાજા તો ખુલે છે. દેવદરબારમાં તે દિવસ ઉમંગ ઉત્સાહનો દિવસ બની રહ્યો હોય છે. તમામ પ્રાચીન બુદ્ધો એકઠા થયા હતા અને ત્યાં મહાઆનંદ છવાયેલો હતો. પુષ્પવૃષ્ટી થઈ રહી હતી, સંગીત વાગી રહ્યું હતું. દરેકે દરેક ચીજ સજાવવામાં આવી હતી પરંતુ બુદ્ધ દ્વારમાં પ્રવેશતા નથી ! પ્રાચીન બુદ્ધો અને દેવતાઓ તેમને વિનંતી કરી રહ્યા હોય છે. પરંતુ બુદ્ધે તેને નકારતાં કહ્યું, જ્યાં સુધી મારી પાછળ આવનારા તમામ લોકો પ્રવેશ કરશે નહીં ત્યાં સુધી હું પ્રવેશ નહીં કરૂં.. બહાર જ રહીશ..!’

પોતાના સંકલ્પની ઉદઘોષણા કરતાં કરૂણાસાગર બુદ્ધે આગળ જણાવ્યું : ‘જે લાખો લોકોને અંધકારમાં રૂંધાતા અને ફાંફાં મારતા જોયા છે. લાખો જન્મોથી હું પણ એ જ રીતે ફાંફા મારતો આવ્યો છું.. હું તેમને મારો હાથ આપવા માગું છું..

અહીં આ કથાના પેરેગ્રાફમાં બુદ્ધ મનુષ્ય જીવનની અને તેના અનેક જનમોની વાત કરે છે. દરેક માણસ મન સંસાર રૂપી અંધકારમાં ફાંફા મારતો હોય છે અને જો આત્મજાગૃતિનો પ્રકાશ માત્ર ઉપલબ્ધ થાય તો પછી તેમને અન્ય કોઈની જરૂર પડતી નથી.

જેમ પ્રકાશ આવતા જ અંધકાર તત્કાલ દુર, અદ્રશ્ય થઈ જાય છે તેમ આ સજગતાના પ્રકાશમાં મન સંસાર ઓગળી અદ્રશ્ય બની જાય છે.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# દૂધી અને આદુના જ્યુસમાં છુપાયેલા છે આરોગ્ય સાથે જોડાયેલા ફાયદા

**આરોગ્ય**

મોટાભાગના પરિવારોમાં દૂધીનું શાક બનાવવામાં આવે છે, પણ દૂધી અને આદુના જ્યુસનું રોજ સેવન કરવાથી શરીરની અનેક બીમારીઓ દૂર થઈ જાય છે. આવો જાણીએ દૂધીનું જ્યુસ બનાવવાની વિધિ અને તેના ફાયદા વિશે...

ભાગદોડ વાળા જીવનમાં લોકો અનેક પ્રકારની તકલીફોથી પીડાવા લાગ્યા છે. આવામાં શરીરને ફીટ રાખવા માટે દૂધી અને આદુના જ્યુસનું સેવન કરવું જોઈએ. આ બન્ને વસ્તુઓ બધા ઘરમાં સહેલાઈથી મળી રહે છે. બધા ઘરમાં દૂધીનું શાક બનાવવામાં આવે છે, પણ દૂધી અને આદુના જ્યુસનું રોજ સેવન કરવાથી શરીરની અનેક બીમારીઓ દૂર થઈ જાય છે. આવો જાણીએ દૂધીનું જ્યુસ બનાવવાની વિધિ અને તેના ફાયદા વિશે... દૂધી અને આદુનું જ્યુસ દૂધી અને આદુને છોલીને તેના ટૂકડા કરો અને મિક્સરમાં થોડુ પાણી અને મીઠુ નાંખીને તેનું જ્યુસ બનાવી લો. તમે ઈચ્છો તો તેમાં કાળા મરી પણ નાંખી શકો છો. આ રીતે રોજ ફ્રેશ જ્યુસ બનાવીને રોજ સવારે પીવો.

**ફાયદા** -

**વજન ઘટાડે છે :** રોજ સવારે આ જ્યુસનું સેવન કરવાથી શરીરનું મેટાબોલિજ્મ વધે છે જે શરીરની ફાલતુ ચરબી ઓછુ કરીને વજન ઘટાડવામાં મદદ કરે છે.

**- એસિડીટી :**

દૂધીની તાસીર ઠંડી હોય છે. જેનાથી આ જ્યુસનું સેવન કરવાથી પેટની બળતરા ઓછી થાય છે. જે લોકોને એસિડીટીની સમસ્યા હોય એ માટે આ જ્યુસ ખૂબ લાભકારી હોય છે.

**- ડાયાબિટીસ :**

આ જ્યુસના સેવનથી શરીરમાં બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે છે. આવામાં જે લોકોને ડાયાબિટીસ હોય એમણે રોજ સવારે આ જ્યુસનું સેવન અવશ્ય કરવું જોઈએ.

**- કબજિયાત :**


અનુસંધાન પાના નં.૬ ઉપર

## હોમીયોપેથીક

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

લોકેશન, સેન્સેશન, મોડાલીટી એટલે કે કયારે વધે,કયારે ઘટે, કોઈને દર પુનમે તકલીફ થતી હોય કોઈને અમાવાસ્યામાં તકલીફ થતી હોય કોઈને વહેલી સવારે તકલીફ થાય, કોઈને એકાંતરે દિવસે થાય.

શરીરના વાઈટલ ફોર્સ કે જેને જીવની શક્તિ કહેવામાં આવે છે. તેના ઉપર આ દવાઓ કામ કરે છે અને આખા શરીરની આંતરિક શક્તિ કે જેને ઈડીયો ઓકસી અથવા રેસીસ્ટન્ટ પાવર વધારી દે છે.

**દાખલાઓ : બીટુનો**

**શરદી માટે : દુબળું બાળક વિગેરે.**

નાનાં બાળકોને પહેલેથી જ હોમીયોપેથીક દવા અપાવવી જોઈએ. બહેનો કે કન્યાઓને પણ હોમિયોપેથીક દવા આપવાથી આંતરિક શક્તિ વધે છે. તથા શરીરનો ઘસારો દુર થાય છે. દવાઓના પાવરો હોય છે ૩૦, ૨૦૦ એમ,૧૦ એમ, સીએમ અને હવે બેક મોટેન્સીની પણ દવાઓ બને છે.

વધુ વિગત આગામી લેખમાં જણાવીશું. રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શનિવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. દર રવિવારે અમદાવાદમાં અક્ષત કોમ્પલેક્ષ ગુરુકુળ મેમનગર ખાતે મળશે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

આપવા સર્જકો તેમના દિમાગને ધમરોળી નાંખતા હોય છે.

ટીકાકારો અને વિશ્લેષકોને ભલે એ ખબર ના હોય કે સર્જનશીલતા અને સર્જનકાર્ય કેટલા કઠીન હોય છે, પરંતુ તેમાંથી ખામી શોધવાની તેમની પાસે રહેલી ક્ષમતાનું મહત્વ જરાય ઓછું નથી. વાહ.. વાહ કરનારાઓ તો સેંકડો મળી રહેશે. સાચી ખામી શોધનારાઓ ભલે જજ જ હોય પરંતુ તેઓનો પણ યથોચીત આદર તો થવો જ જોઈએ એવું શું નથી લાગતું ?

કોઈ સર્જનમાંથી કશી ખામીઓ શોધવા માટે સર્વ પ્રથમ તો ટીકાકાર કે આલોચકે પણ સક્ષમતા કેળવવી પડે છે, ઘણું બધું જાણવું ને સમજવું પડતું હોય છે, જેમ કે ૫૦૦ પાનાની નવલકથાની સાચી સમીક્ષા કરવી હોય તો સમીક્ષકે પણ તેના દિમાગને વલોવી નાંખવુ પડે છે. પાંચસો પેઈજમાં શબ્દદેહ પામેલ એક નવલકથાની વિશેષતાઓ અને મર્યાદાઓને પચાસ લીટીમાં દર્શાવવાનું કાર્ય કેટલું અઘરૂં હોય છે એ જાણવા જાતે સમિક્ષક બનવું પડે .એક વખત સમિક્ષક બનીને તો જુઓ. તુરંત જ સમજાઈ જશે કે આ કામ પણ કશા સર્જનથી જરાય કમ નથી. !

કેટલાક લોકોમાં જન્મજાત જ એવી ક્ષમતા કે વૃતિ કેળવાયેલી હોય છે. જે તેમને ટીકાકાર કે સમિક્ષક બનવા પ્રેરે છે, અરે ઘણા કિસ્સાઓમાં તો તેઓ પોતે ના ઈચ્છતા હોય તો પણ તેમનાથી ટીકા ટીપ્પણ થઈ જ જાય છે હા, કેટલાક લોકો પસંદગી પૂર્વક આલોચક બનતા હોય છે ને જ્યારે તેમનો અભિપ્રાય માંગવામાં આવે ત્યારે જ તેઓ પોતાના દિમાગને કામે લગાડે છે સમીક્ષકો અને ટીકાકારો મુખ્યત્વે બે પ્રકારના હોય છે.

કેટલાક ટીકાકારો પોતાને ઠીક લાગ્યું એ સ્પષ્ટપણે કહી દે છે ને સામેની વ્યક્તિને પોતાનો અભિપ્રાય કેવો લાગશે તેની પણ પરવા નથી કરતા જ્યાં બીજા પ્રકારના ટીકાકારો સમજદારી પૂર્વક ટીકાટીપ્પણ કરતા હોય છે, ઉપરાંત સર્જકને પસંદ ના પડે તેવા નકારાત્મક અભિપ્રાય આપવામાં પૂરેપૂરી કાળજી લે છે.

આલોચકો અને ટીકાકારોનો વિચાર તમારા મગજમાં ઝબકે ત્યાં સાથો સાથ એવું પણ વિચારજો કે તમે જે કાંઈ કાર્ય કરો છો તેની ઉપર ધ્યાન રાખનારું પણ કોઈક છે જ તમે શું કરો છો એ જાણવા કેટલાય ટીકાકારોની નજર સતત તમારી ઉપર રહેતી હોય છે, કોઈક તો એવું હોય જ છે તમારૂ પરવા કરે છે, મતલબ કે તમારીથી કોઈ ભૂલચૂક થાય તો ટીકાકારોની મહેરબાનીથી આપણને તેમાં સુધારો કરવાની તક જરૂર મળે છે.

સમગ્ર ચર્ચાનો સાર માત્ર એટલો જ છે કે આપણા સમાજમાં જેટલું સર્જન અને સર્જકનું મહત્વ છે, તેટલું જ મહત્વ આલોચક, સમીક્ષક કે વિશ્લેષકનું પણ હોવું જોઈએ, જો વિવેચકો તંદુરસ્ત અભિગમ અપનાવતા રહે તો સમાજમાં સર્જનશીલતા વધુને વધુ વિકાસ પામતી રહેશે તેમ કહી શકાય.

**- મંજુ પ્રજાપતિ**

## આરોગ્ય સંહીતા

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

મેમોગ્રાફી એ સ્તનનું કેન્સર પામવાની એકદમ સાદી સરળ રીત છે. દરેક સ્ત્રીને માટે સ્તનના કેન્સરનું જોખમ રહેલું છે. પોતે સ્ત્રી હોવું અને અમુક ઉંમર વટાવેલી હોવી એ સ્તનના કેન્સરના જોખમ માટે પૂરતું છે. જે ઘરમાં બહેન કે પુત્રી આ રોગ થયેલો હોય તે ઘરમાં સ્તન કેન્સર થઈ શકે. ટૂંકમાં સ્તનનું કેન્સર કોઈ પણ સ્ત્રીને થઈ શકે છે. રોગ વહેલો પકડાય તો જિંદગી બચાવી શકાય છે અને આ માટે જ મેમોગ્રાફીની ટેક્નિક વડે સ્તન પરિક્ષણ કરાવવું જરૂરી છે.

અમેરિકાની નેશનલ કેન્સર ઈન્સ્ટિટયૂટ અને બીજી આગળ પડતી ૧૧ જેટલી સંસ્થાઓ ૪૦ની ઉંમરે પહોંચેલી અને તેથી વધુ ઉંમરની બહેનોને નિયમિત રીતે મેમોગ્રાફી કરાવવાની અને સ્તનની દાક્તરી પરીક્ષણ કરાવવાની સલાહ આપે છે.

કેન્સર એકદમ શરૂઆતનો તબક્કે પારખવા માટે મેમોગ્રાફી અને દાક્તરી પરીક્ષણનો સંયુક્ત ઉપયોગ જરૂરી છે. આ આશયથી જ અમેરિકાના અસંખ્ય હેલ્થ સેન્ટરોમાં મેમોગ્રાફી કરાવવાની સુવિધા પણ છે. સ્તન કેન્સરની ચકાસણી માટેની માર્ગદર્શિકાઃ દરેક સ્ત્રીએ મેમોગ્રાફી વિશે પૂરતી માહિતી મેળવી સમયસર આ પરીક્ષણ કરાવવું જોઈએ. ૦ ૩૫થી ૪૦ વર્ષે પહેલીવાર મેમોગ્રાફી કરાવવી. ૦ ૪૧થી ૫૦ વર્ષમાં બે કે ત્રણ વર્ષે મેમોગ્રાફી દર વર્ષે કરાવવી. તમારા લેડી ડોક્ટરે પણ

તમારા સ્તનનું પરીક્ષણ વર્ષમાં એકવાર તો કરવું જ જોઈએ. શક્ય હોય ત્યાં સુધી સ્તનનું જાત પરીક્ષણ કરતાં શીખી લેવું જોઈએ. આ માર્ગદર્શન એવી સ્ત્રીઓને માટે છે. જેમનામાં સ્તનના કેન્સરના કોઈ ચિહ્નો- ગાંઠ કે સ્તનના કેન્સરમાં કોઈ ફેરફાર જોવા મળ્યા ન હોય, જો કોઈ ચિહ્નો જોવા મળ્યા હોય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ

## આરોગ્ય

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

દૂધી અને આદુના જ્યુસમાં ખૂબ માત્રામાં ફાઈબર હોય છે. તેનાથી શરીરની પાચન શક્તિ વધે છે અને કબજિયાતની સમસ્યા દૂર થાય છે. -હૃદયની બીમારી : તેના સેવનથી શરીરમાં કોલેસ્ટ્રોલ લેવલ સંતુલિત રહે છે જેનાથી હાર્ટ એટેક આવવાનો ખતરો રહેતો નથી.

**- લીવરની બીમારી :**

દૂધીના જ્યુસથી શરીરના ઝેરી પદાર્થ બહાર નીકળે છે જેનાથી કિડની અને લીવર સાથે સંબંધિત બીમારીઓ હોવાનો ખતરો ટળી જાય છે. -બ્લડ પ્રેશર : આ જ્યુસના સેવનથી શરીરમાં બ્લડ સર્ક્યુલેશન ઝડપી થાય છે જેનાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે.

**- સ્વસ્થ ત્વચા :** તેમાં રહેલા એન્ટી-ઓક્સિડેન્ટ લોહીને સાફ રાખે છે. જેનાથી ત્વચા સ્વસ્થ રહે છે અને દાગ-ધબ્બાની સમસ્યા ઉદ્ભવતી નથી.

## માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

હવે પ્રકાશ માત્ર હોવું માત્ર પરમ આનંદમયતા જ બાકી બચે છે. તે પહેલેથી ત્યાં દરેક જગ્યાએ મોજુદ જ હોય છે. અંતઃકરણનો દીવો પ્રગટે તો જન્મોજન્મથી વધુને વધુ ગાઢ બનેલો આ અંધકાર ક્ષણવાર પણ ટકી શકતો નથી. કરોડો વર્ષોથી અરીસા ઉપર ચઢેલી મન સંસાર રૂપી ધુળ દુર થઈ જાય છે. પછી આત્મા સ્વરૂપ આરસી જે કંઈ છે તે જ બતાવશે, પ્રતિબિંબિત કરશે, તેમાં કંઈ ઉમેરશે પણ નહીં અને કંઈ બાદ પણ નહીં કરે. તો મનની મલીનતા દુર કરવા માટે સજગતારૂપી સાબુ ખુબ જરૂરી છે. પછી તો એ સવાલ નથી રહેતો કે આ મેલ કરોડો વર્ષ જુનો છે અને અસંખ્ય સ્તરો ધરાવે છે..!!

આપણું સામાન્ય જીવન ખુબ જ રેઢીયાળ અને ઘરેડપુર્ણ બની ગયું છે. તેમાં કંઈ નવું બનતું નથી.તેમાં જુની જનમોજનમની અનેક માન્યતાઓનો વિસ્તાર સમાયેલો છે અને ઉપર ચર્ચા કરી તે મુજબ એક મજબુત 'હું'નું જુનું અને ભ્રામક મનરૂપી કોચલું સર્વત્ર અને શાશ્વત એવા પરમતત્વ પરમાનંદમયતાને ઢાંકીને બેઠું છે. જો આનંદપૂર્ણ થવું હશે તો આ કોચલાની બહાર આવવું અતિ અગત્યનું બની જાય છે. આપણું ઘરેડીયું જીવન, સવારે ઉઠીને બ્રશ કરી ચા નાસ્તો કરીને નહાયા ધોયા અને રોજીંદી ક્રિયાઓ પતાવ્યા બાદ રોજના એક જ લગભગ એક જ પ્રકારના માણસો સાથે કામ કરીને દિનચર્યા પુરી કરવામાં આવે છે. રાત્રે ઉંઘી, ફરી પાછું સવારે ઉઠતાં જ આ ચક્ર ફરી ચાલુ થાય છે.

દરરોજ લગભગ એકના એક જ જેવી જડ જીવન પદ્ધતિથી દરેક માણસ ખરેખર તો કંટાળી ગયેલો માલુમ પડે છે પરંતુ હવે તેને આ કંટાળો જચી ગયો છે ! તેની હાલત ઘાંચીના બળદ જેવી અદલ થઈ ગઈ હોવા છતાં તેણે તેને લગભગ પુરેપુરી સ્વીકારી લીધી હોય અને જાણે તેના વિકલ્પ તરીકે બીજું કંઈપણ ન હોઈ શકે અથવા 'આ તો સામાન્ય અને વાસ્તવિકતાનો એક ભાગ જ છે !' તેમ માની લીધું છે માણસે. પરીણામે તે આ ઘરેડ કે ગોળાકાર ચક્રની બહાર જવામાં જાણે જોખમ હોય તેમ માની તે પોતાના આ ચક્રને સખ્તાઈથી વળગી રહે છે ! મન જાણે લગામ પકડીને બેઠું હોય તેમ એક હથ્થુ શાસન ચલાવે છે અને કુવામાંના દેડકાની જેમ પોતે શ્રેષ્ઠ અને સર્વોત્તમ હોય તેવા ભ્રમમાં રાખે છે અને તે માણસને વાસ્તવીકતા અંગેનો અનુભવ કરવાનો બિલકુલ પ્રયત્ન પણ કરવા નથી દેતું ! આને ગુલામ મનની સરમુખત્યારશાહી જ કહેવાય ને !

**ડૉ. પ્રવિણ પટેલ**

# માત્ર ૮ કલાકમાં પિંપલ્સ પર અસર દેખાડશે આ તેલ

ખીલ ચેહરાની સુંદરતા બગાડી નાખે છે. પર ઘણી વાર બધી કોશિશ કરવા છતા પણ ઘણા લોકોના ચેહરા પર ખીલ વારેઘડીએ થઈ જાય છે. એ સમયે કશુ કરતા પહેલા કે તમે ચિડચિડા થઈને ખીલને ફોડો એ પહેલા રોજમેરી ઓયલ ટ્રાઈ કરો. આ ઔષધિમાં ખીલ સામે લડવાના એવા તત્વ હોય છે જે કોઈપણ જાતના નિશાન છોડ્યા વગર જ એને ઠીક કરી નાખે છે.

**રોજમેરી ઓયલ કેવી રીતે કામ કરે છે.**

આ ઑયલમાં એંટી બેક્ટીરિયલ તત્વ હોય છે અને પ્રભાવિત સ્થાન એને લગાવાત જ બેક્ટીરિયા ખત્મ થઈ જાય છે. બેક્ટીરિયાના કારણે થતા પિંપલ્સ આનાથી સાફ થવા લાગે છે. માત્ર ૮ કલાકમાં તમને આની અસર જોવા મળશે. ચાઈનાના શોધકર્તાએ જાણ્યુ છે કે આ તેલમાં એંટીસેપ્ટિક તત્વ પણ હોય છે. ઈંફ્લેમેશનથી પ્રભાવિત ત્વચા પર અસર દેખાડે છે અને આગળ થતા ખીલથી બચાવ કરે છે.

**કેવી રીતે ઉપયોગ કરશો**

રૂના ટુકડા પર બે ત્રણ ટીપાં રોજમેરી ઑયલ નાખો અને એને સૂતા પહેલા ખીલના નિશાન પર પર લગાડો. એને દિવસ માં લગાવીને બહાર ન જવું. આવુ કરવાથી ચેહરા પર ધૂળ માટી જમશે જેથી સમસ્યા વધશે. આ તેલના ઉપયોગ કરવાના એક બીજો ઉપાય છે. તમે એને લોશનમાં મિક્સ કરી લગાવી શકો છો.

**પછી નિયમિત રૂપથી આ લોશન લગાડો.**

રોજમેરી ઑયલ ચેહરાના જ નહી પીઠ પર થતા ખીલને જેને આપણે એક્ને કહીએ છીએ એને માટે પણ સારું છે. એ માટે નહાવાના પાણીમાં ૮-૧૦ ટીપા આ તેલના મિક્સ કરી લો . થોડાક દિવસ આ તેલના ઉપયોગ કરો ફાયદા થશે.

# અસ્થમાના રોગીઓ માટે લાભકારી છે બકરીનુ દૂધ

આપણે બીમારીઓથી બચવા માટે ઘણી બધી રીત અપનાવીએ છીએ. પણ આજે અમે તમને એક ખાસ રીત બતાવવા જઈ રહ્યા છીએ જેના ઉપયોગથી તમે ખૂબ જ સહેલાઈથી તમારા શરીરને બીમારીઓથી બચાવી શકો છો. કેટલાક એવા ફળ પણ હોય છે જેને ખાવાથી બીમારીઓથી બચી શકાય છે. ૧. ક્યારેક ક્યારેક ભૂખ ન લાગવાની સમસ્યા થઈ જાય છે. જો તમને પણ ભૂખ નથી લાગતી તો સવારે ઉઠીને લીંબૂ પાણી પીવાથી આરામ મળે છે. આ ઉપરાંત જો તમે જમતા પહેલા આદુને વાટીને સંચળ સાથે ખાવામાં આવે તો ભૂખ ન લાગવાની સમસ્યા દૂર થઈ જાય છે.

૨. ક્યારેક ક્યારેક આપણા શરીરનું લોહી સારી રીતે સાફ થતુ નથી. જેને કારણે અનેક બીમારીઓ થવાનો ભય રહે છે. તેનાથી બચાઅ માટે રોજ લીંબૂ, ગાજર, કોબીજ, પાલક, ચુકંદર, સફરજન, તુલસી, લીમડો અને વેલના પાનને મિક્સ કરીને તેનુ જ્યુસ કાઢી લો. તેને પીવાથી લોહી શુદ્ધ થાય જ છે સાથે જ પેટ સાથે જોડાયેલી અનેક સમસ્યાઓ પણ દૂર થઈ જાય છે.

૩. જો તમને અસ્થમાની બીમારી છે તો રોજ લસણ, આદુ, તુલસી, બીટ, કોબીજ, ગાજરનો રસ કે ભાજીની સૂપ કે પછી મગની દાળનુ સૂપ પીવાથી તમને આરામ મળશે. આ ઉપરાંત અસ્થમાના રોગીઓ માટે બકરીનુ શુદ્ધ દૂધ પણ ખૂબ જ લાભકારી માનવામાં આવે છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

**★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.**

**★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.**

**કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.**

**★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.**

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ..........................................

**અમિત શાહ પેજપ્રમુખોને માર્ગદર્શન આપશે**

# પેજપ્રમુખના મહાસંમલેનને લઈને ભાજપની તૈયારી જારી

## અમદાવાદ મહાનગર-ઉત્તર ગુજરાતના આઠ જિલ્લામાં લાખો પેજપ્રમુખો ઉમટશે : ખાનગી વાહનોની વ્યવસ્થા

અમદાવાદ

ગાંધીનગરમાં તા.૧૧મી જૂલાઈએ અમદાવાદ મહાનગર અને ઉત્તર ગુજરાતના આઠ જિલ્લાઓના પેજ પ્રમુખોનું મહાસંમેલન મળનાર છે ત્યારે આ મહાસંમેલનને લઈ ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગરના વિશાળ રામકથા મેદાનમાં જબરદસ્ત સ્ટેજ, શમિયાણો, લાખો પેજપ્રમુખ અને કાર્યકરો માટે બેસવા સહિતની વ્યવસ્થા અને તૈયારીઓને આખરીઓપ અપાઈ રહ્યો છે. સૌથી નોંધનીય વાત એ છે કે, પેજપ્રમુખોના આ મહાસંમેલનમાં ખુદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને લઈ વિશેષ માર્ગદર્શન અને દોરવણી આપશે. અમદાવાદ મહાનગર અને ઉત્તર ગુજરાતના આઠ જિલ્લાઓમાંથી આશરે સવા લાખથી વધુ પેજપ્રમુખો અને કાર્યકરો ઉપસ્થિત રહે તેવી શકયતા છે. અમદાવાદ મહાનગર અને ઉત્તર ગુજરાતના આઠ જિલ્લાઓ માંથી પેજપ્રમુખો, અગ્રણીઓ અને કાર્યકરોને લાવવા લઈ જવા માટે એએમટીએસ બસો, ફોર વ્હીલર સહિત સેંકડો ખાનગી વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે જે તે અમદાવાદ શહેરના જે તે વોર્ડના મંત્રીઓને સૂચના આપવામાં આવી છે. નવા વાડજ વોર્ડના ભાજપના મંત્રી રમેશભાઈ ગીડવાણીએ જણાવ્યું હતું કે, અમારા વોર્ડમાંથી પેજ પ્રમુખો અને કાર્યકરોને લાવવા લઈ જવા માટે ૧૧ એએમટીએસ બસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ પ્રકારે શહેરના અન્ય વોર્ડોમાંથી પેજપ્રમુખો અને કાર્યકરોને લાવવામાં આવશે. તા.૧૧મીના પેજપ્રમુખોના મહાસંમેલનમાં ઉત્તર ગુજરાતના ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી સહિતના જિલ્લાઓમાંથી પણ પેજપ્રમુખો અને કાર્યકરો સહિતના આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં ઉમટશે.

## હેરિટેજના દરજ્જા બાદ ભવ્ય આતશબાજી મારફતે ઉજવણી

અમદાવાદ

અમદાવાદ શહેરને વિશ્વકક્ષાના ઐતિહાસિક શહેરનો દરજ્જો મળ્યો હોવાની ગત રાત્રીએ યુનેસ્કો તરફથી કરવામાં આવેલી જાહેરાતને આજે રવિવારે અમદાવાદીઓએ કાંકરિયા લેકફ્રન્ટ ખાતે કરવામાં આવેલી ભવ્ય આતશબાજી સમયે ચિયરઅપ કરીને ઉમળકાભેર વધાવી લીધી હતી.આ અંગેની વિગત એવી છે કે,વર્ષ-૨૦૧૦થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગ અને પુરાતત્વ વિભાગ દ્વારા અમદાવાદ શહેરને વિશ્વકક્ષાના હેરિટેજસીટીનો દરજ્જો મળે એ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા આમ છતાં સફળતા મળતી ન હતી.અંતે વર્ષ-૨૦૧૬માં યુનેસ્કોની ટીમ સપ્ટેમ્બર માસમાં શહેરની મુલાકાતે આવી હતી.અમદાવાદ તરફથી રજુ કરવામાં આવેલા ડોઝીયરનો સ્વીકાર કરવામાં આવ્યા બાદ ગત ૧૯ મેના રોજ ડોઝીયરમાં વિગતો અધુરી હોવાનુ કહેવામાં આવતા આ મામલે મ્યુનિસિપલ બોર્ડની મળેલી ૨૮ જુનની બેઠકમાં પણ વિપક્ષ દ્વારા આ મામલે ભારે પસ્તાળ પાડવામાં આવી હતી.

# સૂત્રો લખેલા પતંગો ચગાવી પતંગના ઉત્પાદકોનું પ્રદર્શન

અમદાવાદ

જીએસટીના વિરોધમાં આજે પતંગ ઉત્પાદકોએ પણ સાબરમતી રિવરફ્રન્ટ પર ગુજરીબજાર નજીકના ખુલ્લા આકાશમાં વિરોધસૂત્રો લખેલા વિશાળ પતંગો ચગાવી અનોખું વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત કાઈટ મેન્યુફેકચરર્સ એસોસીએશન દ્વારા જીએસટીના વિરોધમાં છેલ્લો પતંગોત્સવ ઉજવી અનોખો વિરોધ કરાયો હતો અને સરકારને પતંગ ઉદ્યોગ પરથી જીએસટી હટાવવા માંગણી કરી હતી. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ(જીએસટી)ના વિરોધમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગુજરીબજાર પાસેના પટ્ટામાં આજે વહેલી સવારથી ખૂબ મોટી સંખ્યામાં શહેર સહિત રાજયના વિવિધ સ્થળોએથી પંતગ ઉત્પાદકો અને કારીગરો ઉમટયા હતા. દોરીબજારના વેપારીઓ પણ આ વિરોધના સમર્થનમાં જોડાયા હતા. પંતગના કારીગરો અને ઉત્પાદકોએ ભેગા મળી વિશાળ અને જાતજાતના રંગબેરંગી અને તેની પર જીએસટી હટાવો, પતંગઉદ્યોગ બચાવો સહિતના વિરોધનારા અને સૂત્રો લખેલા પતંગો ચગાવી જીએસટીને લઈ અનોખો વિરોધ વ્યકત કર્યો હતો. પતંગ ચગાવતા ચગાવતા પણ પંતગ ઉત્પાદકો અને કારીગરો જીએસટીના વિરોધમાં સૂત્રોચ્ચાર કરતા હતા. ગુજરાત કાઈટ મેન્યુફેકચરર્સ એસોસીએશન દ્વારા યોજાયેલા જીએસટીના આ અનોખા વિરોધ કાર્યક્રમમાં મહિલા પતંગ ઉત્પાદકોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

### ધાનેરામાં ...

પાના નં.૧ ચાલુ

આવી પરિવારજનોને વાત કરતા ભાવેશભાઈના પત્નિ શિલ્પાબેન તેમજ માતા-પિતા સહિતના પરિવારજનો મંગળ હોસ્પિટલ પહોંચતા ભાવેશભાઈને લોહીલુહાણ હાલતમાં સરકારી હોસ્પિટલ ખસેડ્યા હોવાનુ જાણવા મળ્યુ હતું. આથી તેઓ સરકારી હોસ્પિટલમાં જતાં ત્યાં હાજર તબીબ ડો.પરમારે ભાવેશભાઈની સારવાર હાથધરી હતી. પરંતુ તેમની હાલત ગંભીર હોઈ પાલનપુર ખસેડવા જણાવ્યું હતું. આથી ભાવેશભાઈને એમ્બ્યુલન્સ મારફત પાલનપુર સિવિલમાં લઈ જતાં જ્યાં તેમની હાલત અત્યંત ગંભીર હોઈ ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ભાવેશભાઈ બેભાન અવસ્થામાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

આ અંગે ભાવેશભાઈના પત્ની શિલ્પાબેને ડો.મુકેશભાઈ મંગળભાઈ તથા હોસ્પિટલમાં કામ કરતા માવભાઈ પટેલ, કરશનભાઈ પટેલ તેમજ ડો.મુકેશભાઈના પત્ની સંગીતાબેન વિરૂધ્ધ ગતરોજ ધાનેરા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વડગામ તાલુકા...

પાના નં.૩ ચાલુ

કરી આશિર્વચન પ્રાપ્ત કર્યા હતા. બન્ને સંતોએ પૂર્વ કેબિનેટ મંત્રી સ્વ. ફકીરભાઈ વાઘેલાના કાર્યોને બિરદાવ્યા હતા અને ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકરોને અંતરથી શુભેચ્છા પાઠવી હતી. તા. ભાજપ ઉપપ્રમુખ અશ્વિનભાઈ સકસેના મંત્રી ભોપાલસિંહ ડાભી, વિસ્તારક કનુભાઈ પરમાર, જિ.પં. ડેલિગેટ મહેન્દ્રભાઈ ચૌધરી, જિ.અગ્રણી પ્રવિણભાઈ સોલંકી, તા. ભાજપ મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી, જિ.પં.પ્રભારી લાલજીભાઈ ચૌધરી, તા.બક્ષી મોરચા પ્રમુખ રમેશભાઈ વળાગાંઠ, એમડીએમ ડિરેક્ટર રાંમજીભાઈ કરેણ સહિત જિલ્લા- તાલુકાના પદાધિકારીઓ-અગ્રણીઓ, કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. તા. ભાજપ મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરીએ જયઘોષ બોલાવી વાતાવરણ ગજવ્યું હતું. વિસ્તારક કનુભાઈ પરમાર, તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

### માલગઢમાં ગુરૂ...

પાના નં.૩ ચાલુ

આવ્યું હતું. સમગ્ર ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત આ પ્રકારનો અનોખો મહાયજ્ઞ સંપન્ન થયો હતો.

આ આયોજનના આયોજકના અનુસાર ગાયત્રી પરિવારના પ્રમુખ ડૉ.પ્રણવ પંડ્યાજીના આદેશથી દેશભરમાં વૃક્ષ ગંગા અભિયાન દ્વારા ગુરૂપૂર્ણિમાથી રક્ષાબંધન સુધી ૧ કરોડ વૃક્ષ લગાડવામાં આવનાર છે. જેના ભાગરૂપે માલગઢ ગાયત્રી સંસ્કાર કેન્દ્ર દ્વારા આ તરૂ રોપણ મહાયજ્ઞનું આયોજન થયું હતું. જેમાં માલગઢમાં ૧૦૦૦ થી વધુ તરૂરોપણનો પ્રારંભ આજના મહાયજ્ઞમાં થયો હતો.

જેમાં ગાયત્રી પરિવાર માલગઢના વરિષ્ઠ પરિજનો તેમજ માલગઢ ગ્રામ પંચાયતના સરપંચ શ્રવણજી ગીગાજી માળી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી અને આ વૃક્ષગંગા અભિયાન અંતર્ગત માલગઢ ખાતે યોજાયેલ તરૂરોપણ મહાયજ્ઞમાં ભાગ લીધો હતો.

### વરસડા પ્રાથમિક...

પાના નં.૩ ચાલુ

મંતવ્યો રજૂ કર્યા હતા. આ ઉપરાંત શાળાના પ્રેરક જશીબેન તથા ભાષા શિક્ષક જિજ્ઞાબેન મેવાડા, ભાષા શિક્ષક મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા પણ ગુરુના મહિમા વર્ણવતા સુંદર ભજનો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગુરુજીઓ ગણેશભાઈ બાવળેચા, રસિકભાઈ પટેલ, મણીલાલ પરમાર, રાજેન્દ્રભાઈ પટેલ, મહિપાલસિંહ સોલંકી, અશોકભાઈ પરમાર, આશાબેન શેઠ, સૌએ ઉપસ્થિત રહી ગુરુનું મહત્વ સમજાવી માર્ગદર્શન આપ્યું હતું.

### મતદારયાદીમાં નામ ...

પાના નં.૩ ચાલુ

જિલ્લામાં મતદારયાદીની સુધારણા માટે કુલ ૨૫૫૧ બી.એલ.ઓ.ની નિમણુંક કરવામાં આવી છે તે ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજોમાં મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરીમા, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરીએ તથા અન્ય ૯૯ પદનામિત અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે ૧૯૫૦ નંબર ઉપરથી મતદારયાદી ચૂંટણી કાર્ડ સંબંધીત જાણકારી મેળવી શકાશે. અને પાલનપુર ખાતે ચૂંટણી શાખાના ટેલીફોન નં.૦૨૭૪૨-૨૬૦૭૯૧ ઉપરથી કચેરી સમય દરમ્યાન માહિતી મેળવી શકાશે. તેમણે ઉમેર્યુ કે બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્યકક્ષાએ ૭૮૩ ઈ-ગ્રામ કેન્દ્રો પરથી પણ મતદારયાદીને લગતી માહિતી મેળવી શકાશે. તેમણે કહ્યું કે મતદારયાદીના વિવિધ તબક્કાઓ પછી તા.૨૫-૯-૨૦૧૭ના રોજ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ કરવામાં આવશે. કલેકટરશ્રીએ કહ્યું કે કોઈ મતદારને ચૂંટણીકાર્ડ ફાટી ગયુ હોય, ખોવાઈ ગયું હોય કે ખરાબ થઈ ગયું હોય તો જિલ્લાકક્ષાએ મતદાર સુવિધા કેન્દ્રમાં રૂ.૩૦ ભરીને નવું ચૂંટણી કાર્ડ મેળવી શકે છે. અંગ્રેજીમાં સ્પેલીંગમાં ભૂલ હોય તો તે પણ સુધારી શકાય છે.

### થરાદ તાલુકાના...

પાના નં.૮ ચાલુ

પામી છે.પંદરેક વર્ષમાં એકાદ વખત આવતું વરસાદી પાણી ખેડુતોનો બાગાયતી ખેતીના ઝોકના કારણે વરસાદી પાણી નહી સંગ્રહવાની વૃતી અને થરાદ આજુબાજુ ૫૦૦થી વધારે એકર ખેતીની જમીન એન.એ.થવાના કારણે છેલ્લા ચાર વર્ષમાં ત્રણ વખત પ્રજા અને ખેડુતોને બેહાલ કરી ચુક્યુ છે.આમ આ ગામોમાં ઉપરનાં ગામોમાંથી આવતા પાણીના કારણે છેલ્લા ચાર વર્ષથી સર્જાતી અને કાયમી બનેલી સમસ્યાના નિરાકરણનું નક્કર આયોજન શું હોઈ શકે તે બાબતે પંથકના રાજકીય અને સહકારી અગ્રણીઓ પાસેથી નવગુજરાત સમયે જાણવાનો પ્રયાસ કર્યો હતો.

### છાપી યુ.જી.વી.સી.એલ.ના...

પાના નં.૮ ચાલુ

સામે આવતાં કોટડી લાઈનને બંધ કરવાના બદલે પસવાદળ ફીડર બંધ કરવામાં આવેલ જેથી કોટડીની લાઈન ચાલુ હોવાથી નટુભાઈ રોટ વિજકરંટનો ભોગ બન્યા હતા. આ ઘટનાને લઈ પોલીસ કાર્યવાહી પણ હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે.

### વડગામના...

પાના નં.૮ ચાલુ

કૈલાસગીરીજી, ડેરીના મંત્રી વાલજીભાઈ ચૌધરી, ડેરીના સભ્ય હરીભાઈ ગુર્જરે જળ એજ જીવન છે વિષય ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી.માહીના અગ્રણી ગમાનભાઈ વાગડોદાએ સંતો અને મહેમાનોનું સ્વાગત કર્યુ હતું.વાલકેશ્વર આશ્રમના મહંત કૈલાશગીરી બાપુના હસ્તે જળદેવતાના વધામણા કરાયા હતા.તા.ભાજપ ઉપપ્રમુખ અશ્વિનભાઈ સકસેનાએ સફળ સંચાલન કર્યુ હતું.

### બ.કાં. જિલ્લા...

પાના નં.૮ ચાલુ

એલ.એલ.બી, ડી.વાય.એડ સુધીનો ઉચ્ચ અભ્યાસ ધરાવે છે ને વ્યવસાયે એડવોકેટ છે. તેમણે આ નીમણુંક બદલ ગુજરાત સરકારના મંત્રી અને બ.કાં.જિલ્લા ભાજપ પ્રમુખ તથા દિયોદરના ધારાસભ્ય કેશાજી ચૌહાણનો અને સંગઠનના બધા હોદેદારોનો પણ ભલામણ કરવા બદલ ઋણ સ્વીકાર કર્યો છે.

### ભાભરમાંથી...

પાના નં.૮ ચાલુ

વિસ્તારમાં આવેલ ઠક્કર કાનજી મનજીના ખુલ્લા પ્લોટના પતરાના ઢાળીયામાં લાઈટના અજવાળે રાત્રે તીનપત્તીનો જુગાર રમતા હોવાની બાતમી આધારે રેઈડ પાડતા નવ ઈસમો જાહેરમાં જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.પોલીસે સ્થળ ઉપરથી રોકડ રૂા.૩૩,૬૮૦, મોબાઈલનં-૭ કિંમત રૂા.૧૫,૦૦૦ મોટરસાઈકલ નંગ-૨ તથા ફોરવિલ ગાડી નંગ-૨ તથા જુગારનું સાહિત્ય મળી કુલ રૂા.૪,૪૮,૬૮૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તમામ ઈસમો સામે જુગાર ધારાનો કેસ ભાભર પોલીસ મથકે નોધાવ્યો છે.ભાભરમાં એલ.સી.બી. પોલીસે સફળ રેઈડ કરતા ભાભર પોલીસ ઉંઘતી ઝડપાઈ હોય તેવું લાગી રહ્યું છે.

### પાટણના પૂર્વ ...

પાના નં.૩ ચાલુ

હતી. ત્યારબાદ છાપી- બસુ- જિલ્લા પંચાયત વિભાગના અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. ધારાસભ્ય મણિભાઈ જે. વાઘેલા, પ્રદેશ અગ્રણી અશ્વિનભાઈ દોલતભાઈ પરમાર (ડીસા), માર્કેટયાર્ડ ડિરેક્ટર ફત્તાભાઈ સી. કરેણ (વણસોલ), તા.પં. પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, જિ.કોં. ઉપપ્રમુખ પ્રવિણભાઈ પટેલ (ધોતા), તા.પં. પૂર્વ પ્રમુખ અબ્દુલભાઈ પલાસરા, તા.પં.પૂર્વ પ્રમુખ પી.ડી. હડિયોલ, ડી.એમ. પટેલ, પ્રદેશ યુવા મહામંત્રી કલ્પેશભાઈ ચૌધરી, પૂર્વ સરપંચ રફીખાન પઠાણ, જિલ્લા- તાલુકાના તમામ ડેલિગેટો, વિધાનસભા ઈનચાર્જ, અજીતસિંહ હડિયોલ, જિલ્લા- તાલુકા- પ્રદેશના હોદેદારો, સહકારી અગ્રણીઓ, સરપંચો ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# યાત્રાધામ બહુચરાજી ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે લોકમેળો ભરાયો



ચાણસ્મા

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે ગતરોજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે ભવ્ય લોકમેળો ભરાયો હતો. જેમાં ખુબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડી. મા બહુચરના દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. જયારે નજીકના શંખલપુર ગામે ટોડા બહુચર માતાજીના સ્થાનકે પણ ભક્તોએ પધારી દર્શન- પૂજાનો લાભ લીધો હતો. ભારત વર્ષના એકાવન અને ગુજરાતના ત્રણ શક્તિપીઠો પૈકીના એક બહુચરાજી યાત્રાધામમાં રોજબરોજ અનેક શ્રદ્ધાળુઓ મા બહુચરના પાવનકારી દર્શનનો લાભ લેવા પધારે છે અને દર પુનમે મેળો ભરાયો છે. જે મુજબ ગતરોજ અષાઢ સુદ પુનમ એટલે કે ગુરૂપૂર્ણિમા નિમિત્તે વહેલી સવારથી જ ભક્તો મા બહુચરના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. મંદિરના દર્શન પથ ઉપર તેમજ મંદિર પરિસરમાં ભક્તોનું કિડિયારું ઉભરાયું હતું અને દિવસ દરમ્યાન 'બોલ માડી બહુચર, જય જય બહુચર...' ના જયઘોષથી ગુંજતું રહ્યું હતું. મંદિરના ગર્ભગૃહમાં ભારે ભીડ જામી હતી. ગુરૂપર્ણિમા નિમિત્તે ઉત્તર ગુજરાતમાંથી અનેક સંઘો માના ધામમાં પધાર્યા હતા. સિધ્ધપુરના માઈમંડળ દ્વારા મંદિર પરિસરમાં ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું. રાત્રે માતાજીની પરંપરાગત શોભાયાત્રા રાત્રે ૯ વાગે મંદિરથી નીકળી હતી અને તીર્થધામમાં ફરી મોડી રાત્રે નીજમંદિરે પરત ફરી હતી. શોભાયાત્રામા મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. બહુચરાજીથી ર કિમી દૂર શંખલપુર સ્થિત બહુચર માતાજીના આદ્યસ્થાનક ટોડા બહુચર માતાજીના મંદિરે પણ વહેલી સવારેથી ભક્તોની દર્શન માટે ભીડ જામી હતી. અહીં મંદિર ટ્રસ્ટ દ્વારા આવનાર યાત્રિકો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી. અહીં અન્નક્ષેત્ર વર્ષોથી ચાલે છે.

# મહેસાણામાં બસમાં ચઢવા જતાં મુસાફરના મોબાઈલની તફડંચી

મહેસાણા

મહેસાણાના રાધનપુર ચાર રસ્તા પરથી ઊંઝા તરફ જતી બસમાં ચઢવા જતા મુસાફરના શર્ટના ખિસ્સામાંથી એક ગઠીયો સાત હજારની કિંમતનો મોબાઈલ તફડાવી જતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે શહેર બી. ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી. જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણાની સિધ્ધેશ્વર સોસાયટીમાં રહેતા અપૂર્વ રાજકિશોર બારોટ ગત બુધવારે મહેસાણાના રાધનપુર ચાર રસ્તા પર ઊંઝા તરફ જતી બસમાં ચઢવા જતા કોઈ અજાણ્યો ગઠીયો શર્ટના ખીસ્સામાંથી રૂા. ૭ હજારની કિંમતનો મોબાઈલ ચોરી કરી ફરાર થઈ ગયેલ. આ અંગે ગુરૂવારે અપૂર્વ બારોટે મહેસાણા શહેર બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# પાટણ તાલુકા ભાજપમાં કરાયેલ વરણી

પાટણ

પાટણ તાલુકા ભાજપ પ્રમુખ સ્નેહલભાઈ પટેલ દ્વારા ગતરોજ પાટણ તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે કિરણસિંહ ચતુરજી ઠાકોર (હમીદપુર) તથા મંત્રી તરીકે ડાહ્યાભાઈ અમથાભાઈ પટેલ (માનપુર) તથા મહિલા મોરચાના પ્રમુખ તરીકે શ્રીમતી દક્ષાબેન રમેશભાઈ પટેલ(હાજીપુર) તથા મહામંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન વિષ્ણુભાઈ દેસાઈ (બબાસણ) ની નિયુક્તિ કરવામાં આવી છે.

# હરણાહોડા ગામની પરિણિત યુવાનની બે સંતાનો સાથે કેનાલમાં મોતની છલાંગ

મહેસાણા

મહેસાણા તાલુકાના હરણાહોડા ગામના એક ઠાકોર જ્ઞાતિના યુવાને પોતાના બે માસુમ સંતાનો સાથે કોઈ અગમ્ય કારણસર ખેરવા ગામની સીમમાં આવેલ કેનાલના તળાવમાં ઝંપલાવતાં ત્રણેય જણાઓના કરૂણ મોત નિપજ્યા હતા.આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે અરેટારી ફેલાઈ ગઈ હતી. જાણવા મળ્યા મુજબ હરણાહોડા ગામના ખોડાજી ઠાકોર ઉ.વ.૩૦ નામના યુવાન પોતાની બે માસુમ પુત્રીઓ ઉ.વ.૪ અને ઉ.વ.૭ ને મોટરકારમાં લઈને મોડી સાંજે તળાવ પાસે આવ્યો હતો અને પોતાના બે માસુમ સંતાનો સાથે તળાવમાં ઝંપલાવ્યું હતું.આ બનાવની જાણ થતાં મહેસાણા ફાયર બ્રિગેડની ટીમ તરવૈયાઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે શોધખોળ કરીને રાતના અગિયાર વાગ્યાના સુમારે ઠાકોર યુવાનની લાશને બહાર કાઢી હતી.ત્યારબાદ બે માસુમ સંતાનોની લાશોને બહાર કાઢવામાં આવી હતી.આ બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બહુચરાજીની ટેલી ફિલ્મમાં ઈતિહાસ સામે ચેડા ન કરવા ચારણ સમાજની અપીલ

ચાણસ્મા

બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ- બહુચરાજી દ્વારા શક્તિપીઠ અને મા બહુચરનો મહિમા વધે તે માટે ટેલીફિલ્મ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે મામલે બહુચરાજી તાલુકા ચારણ સમાજ દ્વારા ટેલિફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડાં નહીં કરવા રજૂઆત કરવામાં આવી હતી. તીર્થધામ બહુચરાજીનો દિન- પ્રતિદિન વિકાસ થઈ રહ્યો છે. વર્ષે દહાડે લાખો શ્રદ્ધાળુઓ મા બહુચરના દર્શનાર્થે પધારે છે. મા બહુચરનો મહિમા વધે તે માટે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા મા બહુચરની પ્રાગટ્ય ગાથાને વર્ણવતી ટેલીફિલ્મ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. મા બહુચરને સમાજમાં લોકો આદ્યશક્તિ તરીકે પૂજે છે, પરંતુ ચારણ સમાજ દ્વારા બહુચર માતાજી ચારણ રાજકવિનાં દીકરી હોવાની સાથે તેના પુરાવા સહ બહુચરાજી મંદિર ટ્રસ્ટના વહીવટદારને રજૂઆત કરી હતી. આ અંગે ચારણ સમાજના અગ્રણી કાલરી ગામના દત્તાત્રેય ગઢવી (પઠાણ) એ જણાવ્યું કે, બહુચચર માતાજીએ રાજસ્થાનના રાજકવિના દીકરી છે. એ ઈતિહાસ સાથે ચેડાં કરવામાં ન આવે તેવી અમારી રજૂઆત છે. મા બહુચરની બનનાર ટેલીફિલ્મમાં ઈતિહાસને ધ્યાને લેવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. ચારણ સમાજ દ્વારા જિલ્લા કલેક્ટર મહેસાણાને પણ આ મામલે રજૂઆત કરાઈ છે.

# જુનાગઢ-ઊંઝા એસટી બસ ટ્રક સાથે અથડાતાં બે જણાના મોત

ઊંઝા

આજે વહેલી સવારે ઊંઝા એસ.ટી.ડેપો સંચાલિત જૂનાગઢ- ઊંઝા રૂટની એસ.ટી.બસને સાયલા નજીક ટ્રક સાથે ગમખ્વાર અકસ્માત થતાં બસ ડ્રાઈવર સહિત બે વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા જ્યારે બસના કંડકટર અને ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વિગત એવી છે કે, મહેસાણા એસ.ટી.વિભાગના ઊંઝા ડેપો સંચાલિત ઊંઝા-જૂનાગઢ રૂટની ગૂર્જરનગરી બસ તેના નિયત સમયે રાત્રિના જુનાગઢથી ઉપડીને ઊંઝા જઈ રહી હતી ત્યારે માર્ગમાં સાયલા પાસે વહેલી પરોઢના પોણા ચાર વાગ્યાના સુમારે એક ટ્રક સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં બસ ડ્રાઈવર વિષ્ણુભાઈ રબારી રહે.મોટી દાઉ તા.જી.મહેસાણા અને એક મુસાફર મળી બે વ્યક્તિઓના કરૂણ મોત થયા હતા.જયારે બસના કંડક્ટર આર.એસ.વ્યાસ અને ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઈજાગ્રસ્તોને તુરત સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા.ઊંઝા ડેપોના એક સંનિષ્ઠ બસ ડ્રાઈવરનું અકસ્માતમાં મોત નિપજતાં તેમના પરિવારજનો અને ડેપોના અધિકારીઓ, કામદારોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.

# વડાવલી અને ચાણસ્મા ટાઉનમાંથી જાહેરમાં જુગાર રમતા ૧૬ શકુની ઝડપાયા

ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના વડાવલી તેમજ ચાણસ્મા ટાઉનમાં જાહેરમાં જુગાર રમાય છે તેવી મળેલી બાતમીના આધારે ચાણસ્મા પોલીસે ઓચિંતો છાપો મારી ૧૬ શકુનિ ઝડપી પાડી તેમની પાસેથી અંદાજીત રૂપિયા એકલાખ પચ્ચીસ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વડાવલી ગામે ચાણસ્મા પોલીસે સતિષભાઈ હરીજનના બોરની બાજુમાં ખીજડાના ઝાડની નીચે જુગાર રમતા ઓડ રસિકભાઈ ભગાભાઈ રહે.વાલેવડા ઠાકોર ચંદુજી કુંવરજી રહે.મીઠીધારીયાલ પટેલ, વિષ્ણુભાઈ રણછોડભાઈ(મીઠીધારીયાલ), ઠાકોર કાળાજી રાણાંજી(મીઠીધારીયાલ), કુરેશી ઈસ્માલભાઈ હુસેનભાઈ (વડાવલી), બેલીમ કેસરખા આલમખા (વડાવલી), પટેલ દિનેશભાઈ કાનજીભાઈ, વાઘેલા લાલાભાઈ જેસંગભાઈ(વાલેવડા), પટેલ અમરતભાઈ દ્વારકાદાસ (વડાવલી), કુરેશી યુસુબખાન ચાંદખાન(વડાવલી) ની ધરપકડ કરી તેમની પાસેથી રોકડ રકમ રૂ.સત્તર હજાર ત્રણસો વીસ, મોબાઈલ નંગ-૧૦ કિંમત રૂ.સાત હજાર તથા વાહન નં.૩ કિંમત રૂ.૮૦ હજાર મળી કુલ રૂપિયા ૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ચાણસ્મા મામલતદાર કચેરી સામે આવેલ છાપરાઓમાં જુગાર રમતાં ઓઝા સંજયભાઈ ચંદ્રકાંતભાઈ તથા અન્ય ૬ જણાને જુગાર રમતાં ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રકમ રૂપિયા ચોત્રીસ હજાર, મોબાઈલ નં.૫ કિંમત રૂપિયા એકવીસો મળી કુલ છત્રીસ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.જયારે રેડ દરમ્યાન ઠાકોર પ્રવિણજી સવાજી અને રાજુજી ઠાકોર પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા હતા.

# પત્નીના વિયોગમાં પતિની બે પુત્રીઓ સાથે આત્મહત્યા

મહેસાણા

મહેસાણાના ખેરવા નજીક પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવીને પિતાએ તેની બે પુત્રીઓ સાથે આત્મહત્યા કરી હતી. પોલીસે કેનાલ પાસે પાર્ક કરેલી કાર કબજે કરી ત્રણેયના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

મળતી માહિતી અનુસાર મહેસાણાના ખેરવા નજીકથી નર્મદા કેનાલ પસાર થાય છે. ગઈકાલે મોડી રાત્રે સિક્યુરીટી જવાન પેટ્રોલીંગમાં હતો ત્યારે કેનાલ પાસે એક બિનવારસી કાર જોવા મળી હતી. પરંતુ કોઈ વ્યક્તિ દેખાતા નહીં તેણે તાત્કાલીક પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે આવી ગઈ હતી. અને કારનો કાચ તોડી કારના દરવાજા ખોલ્યા હતા. કારમાં તપાસ કરતાં તેમાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી અને ચિઠ્ઠીમાં યુવાને પત્નીના વિયોગમાં બંન્ને પુત્રીઓ સાથે કેનાલમાં ઝંપલાવીને આપઘાત કર્યો છે એવું લખ્યુ છે. જેના આધારે તાત્કાલીક પોલીસે તરવૈયાઓની ટીમ બનાવી કેનાલમાંથી પિતા અને તેની બંન્ને પુત્રીઓના મૃતદેહ બહાર કઢાવ્યા હતા. અને વહેલી સવારે તેના પરિવારજનોને આ અંગે જાણ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# રાધનપુર તાલુકાના ગોતરકામાં ગુરૂએ શિષ્યોને શપથ લેવડાવ્યા

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકા ગામે રવિવારે ગુરૂ પૂર્ણિમા પ્રસંગે ૬૦૦ વર્ષોથી ગૌતમ ઋષિના મહાન અવતાર શ્રી ગોદડ સ્વામીજી મહારાજના પવિત્ર તપોભૂમિ શ્રી સ્વામીજી ગુરૂગાદી આસન ધામમાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. પૂ. સ્વામીજી મહારાજની પવિત્ર નિશ્રામાં ગુરૂ પૂજન, ગુરૂ પાદુકા પુજન તેમજ સમુહ દિક્ષા જેવા પાવન પ્રસંગો યોજાયા હતા. આ પ્રસંગે સ્વામીજી મહારાજે શિષ્યોને શપથ લેવડાવ્યા હતાં, જેમાં સામાજિક સમરસતા જાળવવા, બેટી બચાવીને બેટીને શિક્ષિત કરવા. શૌચાલયનો ઉપયોગ કરવા, સ્વચ્છતા જાળવવા,




પર્યાવરણને પ્રદુષણમુક્ત કરવા માટે વૃક્ષો વાવવા, તેમજ ગૌમાતાની સેવા કરી ગૌમાતાને રાષ્ટ્રિય માતા જાહેર કરવા સહિતના શપથ લેવડાવવામાં આવ્યા હતા. પાંચ હજારથી વધુ શિષ્યોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. ભોજનના મુખ્ય દાતા દત્રાણાના મહાદેવભાઈ આહિર, સહિત અગ્રણીઓના સ્વામીજી મહારાજના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

# રાધનપુર કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ એન્ડ કોલેજમાં ભારતીય સંસ્કૃતિના મહાન પર્વ ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિન્સીપાલ ડૉ.સી.એમ. ઠક્કરે બધાંને આવકારીને ગુરૂ મહિમા દર્શાવ્યો હતો. મુખ્ય વક્તા ડૉ.ભરતભાઈ કાનાબારે પ્રાચીન ભારતીય ઋષિ પરંપરાના ગુરૂ શિષ્યના સંબંધોની વાત કરીને ગુરૂ દ્રોણ અને અર્જુન તથા એકલવ્યનો ભેદ સ્પષ્ટ કર્યો હતો. કર્ણએ ગુરૂ પાસેથી છેતરીને લીધેલી વિદ્યાનું વિનાશકારી પરિણામ દર્શાવીને આધુનિક શિક્ષણ અને સમાજ




વ્યવસ્થામાં પણ ગુરૂની સાચી ઉપયોગિતા દૃષ્ટાંતો સાથે સમજાવી હતી. ડૉ.કુંજલબેન બારોટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ડૉ.ચિરાગભાઈ રાવલ અને ડૉ.બચુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. ૩૦ વિદ્યાર્થીઓએ પ્રસંગાનુસાર પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

# સાબરકાંઠા જિલ્લા.ની વન વિરાસતના વૈભવી વૃક્ષો

## રાજયના ૫૦ હેરીટેજ વૃક્ષેમાં જિલ્લાલના ચાર વૃક્ષોને સ્થા ન રૂખડો રાજયનું મોટુ વૃક્ષ : ખોખરા ગામનો વડ ૫૫૦ વર્ષ જૂનો

વિજયનગર તાલુકાનું ચિતરીયા – પાલ ગામપઆ ગામે આવેલુ રુખડાનું વૃક્ષ ગુજરાતનું મોટુ વૃક્ષ છે. ૧૮.૫૬ મીટર ઉંચાઇ અને ૧૦.૪૫ મીટરના ઘેરાવો ધરાવતું આ વૃક્ષ ૩૦૦ વર્ષ જુનું હોવાનું અનુમાન છે. કેટલાક લોકો રૂખડાને કલ્પ વૃક્ષ તરીકે ઓળખાવે છે. આ વૃક્ષના થડ અને તેની શાખાઓને કારણે તે વિશાળ વૃક્ષમાં સ્થા ન પામ્યુ છે. બસ આ ગામે જ રાજ્યનો ૬૮મો વન મહોત્સવ યોજાવાનો છે. રાજ્યના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રુપાણી આ વન મહોત્સવને તા ૧૬મી જુલાઈના રોજ ખુલ્લો મુકશે.

વૃક્ષ, વન સંપતિ અને માનવ પ્રાકૃતિક તાણાવાણાથી જોડાયેલ છે.વૃક્ષોનો માનવજીવન પર સીધો પ્રભાવ છે. વૃક્ષો આપણા જીવનની અનેક પ્રકારે સીધી આવશ્યીકતાઓને સંતાષે છે. આપણા ધર્મ ગ્રંથો અને સંસ્કૃરતિએ વૃક્ષોને દેવ તરીકે, ઋષિ તરીકે ઉલ્લેખ્યા છે. ભારતીય સંસ્કૃોતિના પૌરાણિક ગ્રંથો જેવા કે વેદો, પુરાણો, ઉપનિષદોમાં વગેરેમાં માનવ સમાજ અને વૃક્ષો વચ?ચેના સંબંધોનો નિર્દેશ જોવા મળે છે. પૌરાણીક કાળમાં આપણા પૂર્વજોનો વસવાટ અને સહવાસ વૃક્ષો તથા વેલાઓના સાનિધ્યમમાં રહેતો હતો. આજના વૈજ્ઞાનિક યુગમાં આયુર્વેદિક, એલોપથિક, હોમીયોપેથિક તેમજ બાયો કેમિકલ દવાઓમાં વૃક્ષો, વેલાઓ, વનસ્પ તિના મૂળ, છાલ, પાન, ફૂલ અને ફળ ઉપયોગી થાય છે, તે સર્વવિદિત છે. વૃક્ષોનું મહાત્ય્ ીષ અને ઉપયોગીતા અપાર છે ત્યા રે રાજયમાં વૃક્ષોની ઉપલબ્ધિ અને તેની વિશેષતાઓને આવરી લેતુ પુસ્તેક "૫૦ હેરીટેજ ટ્રીજ ઓફ



ગુજરાત" તૈયાર કરાયું છે. તેમાં સાબરકાંઠા જિલ્લાંના ચાર વૃક્ષોનો સમાવેશ થાય છે.

રાજયના તત્કાલિન અધિક અગ્ર મુખ્યી વન સંરક્ષક શ્રી. ડૉ.એચ .એસ. સિંહ (આઇ.એફ. એસ.) ધ્વા.રા લિખિત આ પુસ્ત કમાં રાજયના ૫૦ હેરીટેજ વૃક્ષોની વિગતો આવરી લેવાઈ છે. વૃક્ષોનુ ઐતાહાસિક જોડાણ, સાંસ્કૃ તિક મહત્વઓ,આધ્યા ત્મિકક પ્રસંગોએ તેનું માહત્યના, વૃક્ષના વિશિષ્ઠા લાક્ષણિક ગુણધર્મો, સૌથી જુના વૃક્ષો, સૌથી મોટા વૃક્ષો, વૃક્ષોનો ઘેરાવો, તેની ઉંચાઇ વગેરે બાબતોને ધ્યા?ને લઈ તૈયાર કરાયેલી આ યાદીમાં સાબરકાંઠા જિલ્લા?ના ચાર વૃ?ક્ષોને તેમાં ગૌરવભેર સ્થાન મળ્યુ છે.

રાજસ્થાનની સરહદે આવેલા સાબરકાંઠા જિલ્લાનના વિજયનગર તાલુકાના ખોખરા ગામે વડના ઝાડ નીચે મહારાણા પ્રતાપની પ્રતિમાનું સ્થાઠપન કરાયું છે. રાણા પ્રતાપ વડની અંદાજે અઢી કિલોમીટર દૂર શિવ મંદિર વડ નીચે જોવા મળે છે. આ વડનીરર મીટર ઉંચાઇ છે. આ વડ ૫૫૦ વર્ષ જુનો હોવાનું મનાય છે.

સર્વત્ર ભારતમાં થતું આ વૃક્ષ, વડ વટવૃક્ષ દિર્ઘ આયુષ્યડ, શકિત અને માંગલ્ય નું પ્રતિક છે. વિશાળ, ઠંડુ, ફેલાયેલા પાંદડાથી સભર અને વડવાઈઓના અનંત વધારાના કારણે અક્ષય રીતે વધનારો વડ સર્વત્ર જોવા મળે છે. વડના બધા ભાગોનો ઔષધિ તરીકે ઉપયોગ થાય છે. પતિવ્રતા સ્ત્રીુઓ જયેષ્ઠ માસની પૂનમે અખંડ સૌભાગ્યત માટે વટવૃક્ષની પૂજા કરે છે.

વિજયનગર તાલુકાના વિરેશ્વપર મંદિર પાસે આવુ એક વૈભવી વૃક્ષ પીપળો જોવા મળે છે. ૨૪.૭ મીટર ઉંચાઇ ધરાવતા પીપળાનો ઘેરાવો ૬.૪ મીટર છે અને તેનો વિરાટ મુકુટ વૃક્ષ પ્રેમીઓને આકર્ષે છે. વૃક્ષ નીચે ગુપ્તી ઝરણાનું વહેણ હોવાનું મનાય છે.

વિરેશ્વરર નજીક પથ્થીર દેવડી વૃક્ષનું ઝુંડ જોવા મળે છે. વિરેશ્વનર ધોલવાણી ફોરેસ્ટર રેન્જ માં આ અલભ્યમ વૃક્ષોનું ઝુંડ એકદમ ખડકવાળી ભૂમિ પર ઉગેલું છે. જેને ગુપ્ત્ ઝરણા ધ્વા રા પોષણ મળે છે. ખડકવાળી ભૂમિ પર ઉગવાને લીધે તે પથ્થૂર દેવડી વૃક્ષ તરીકે ઓળખવામાં આવે છે. અન્નડથી પ્રાણીમાત્રનું પોષણ થાય છે. અન્નભ ઉત્પાલદન માટે પાણીની જરૂર છે અને જળ પ્રાપ્તિર (વરસાદ) વનોથી થાય છે. જેથી, વન ઉછેરનું કાર્ય ખાસી જહેમત માંગી લે છે, અને સાબરકાંઠા જિલ્લાછએ તે દિશામાં નેત્રદિપક કામગીરી કરી છે. સો- સો સલામ વૃક્ષના જતનકારોને

સંકલનઃ- હિમાશુ ઉપાધ્યાય

# ગામડામાં ફરજ બજાવતા ડાક સેવકો કોઈ પણ ભાડા ભથ્થા કે સરકારી લાભથી વંચિત

ચાણસ્મા

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં ગ્રામીણ ડાક સેવક તરીકે ફરજ બજાવતા આશરે ૩ લાખ કર્મચારીઓને પોસ્ટખાતા દ્વારા રોજની સરેરાસ ૩ થી ૫ કલાકની નોકરી હોવા છતાં તેમને માસિક માનદ વેતન સરેરાસ રૂા.૮ થી ૧૦ હજાર જેટલો પગાર મળે છે. અંગ્રેજોના શાસનથી ચાલી આવતી આ ટપાલ પ્રથામાં ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કર્મચારી ગણવામાં આવતા નથી.અને તેમને સરકારી કર્મચારીનો એક પણ લાભ મળતો નથી. અને પગાર ધોરણ સુધારવા વારંવાર સમિતિઓની રચના કરવામાં આવે છે. પરંતુ તેનું કોઈ પરિણામ હજુ સુધી મળ્યુ નથી ઓછા પગારની સામે રાજય અને કેન્દ્ર સરકારની મોટાભાગની યોજનાઓ ગ્રામીણ ડાક સેવકોના માથે ઠોકી બેસાડી દેવામાં આવી છે. તેમ છતાં આ કર્મચારીઓની દયનીય સ્થિતિ માટે હજુ સુધી કેન્દ્ર સરકાર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવ્યા નથી.

દેશભરની ટપાલ કચેરીમાં ગ્રામ્ય વિસ્તારની મોટાભાગની બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં આશરે ૩ લાખ જેટલા કર્મચારીઓ હાલમાં ફરજ બજાવે છે. મોટાભાગના ગ્રામીણ ડાક સેવકોને આશરે ૩ થી ૫ જેટલા ગામોની ટપાલ સેવાની કામગીરી આપવામાં આવી છે. હાલમાં કેટલાક ઈ.ડી.એ રોજબરોજ ૧૫ થી ૨૦ કિલોમીટરનું અંતર કાપી ટપાલ વહેંચણી તેમજ એક ગામથી બીજેગામ ટપાલ લાવવા લઈ જવાનું કામકાજ કરે છે.આ કર્મચારીઓને ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થતાં કોઈ પેન્સન યોજનાનો લાભ મળતો નથી. ગામમાં ચાલતી પોસ્ટ ઓફિસ સ્થાનીક કર્મચારીના માલિકીના મકાનમાં ચલાવવામાં આવે છે. અને સારી સુવિધાવાળા મકાન માટે ભાડું આપવામાં આવતુ નથી દિવાળી બોનસ પણ ફીકસ ચુકવાય છે. ગામડામાં આવેલ પોસ્ટ ઓફિસનું દર ત્રણ માસે, દર વર્ષે તેમજ દર ૧૦ વર્ષે તપાસણી કામકાજ કરવામાં આવે છે.

સરકારના લક્ષ્યાંકોને પાર પાડવા ગ્રામીણ ડાક સેવકોને મહિનામાં એકાદ બે વાર તાલુકા ઓબલીક જિલ્લા કક્ષાએ ફરજીયાત મીટીંગમાં બોલાવવામાં આવે છે. ચાલુ ફરજે મીટીંગમાં બોલાવેલ કર્મચારીને મકાનભાડુ કે ભથ્થું આપવામાં આવતું નથી અને લક્ષ્યાંક પ્રમાણે કામ ન કરનાર કર્મચારીનો પગાર પણ અટકાવી દેવામાં આવે છે. હંગામી કર્મચારીઓ માટે બુટ ચંપલ કે ચોમાસામાં આપવામાં આવતી છત્રીની સહાય પણ બંધ કરી દેવામાં આવી છે. ટપાલ વહેંચણી માટે સાયકલની પણ કોઈ સહાય આ કર્મચારીઓને આપવામાં આવતી નથી કેન્દ્ર સરકારના કેડરમાં આવતા તમામ કર્મચારીઓને સરકારી લાભો આપવામાં આવે છે. જયારે ગામડાની ટપાલ કચેરીમાં ફરજ બજાવતાં કર્મચારીઓ પોસ્ટખાતામાં પાયાનું અંગ છે પરંતુ તેમને કોઈપણ સરકારી લાભ આપવામાં આવતો નથી.

# રાધનપુરમાં ભાજપના પેજ પ્રમુખોની બેઠક મળી

પ્રતિનિધિ રાધનપુર

ભારતીય જનતા પાર્ટીના ઉત્તર ઝોનના પેજ પ્રમુખોનું વિશાળ સંમેલન રાષ્ટ્રિય અધ્યક્ષ અમીત શાહની ઉપસ્થિતિમાં મળવાનું છે. તેના સંદર્ભે પેજ પ્રમુખોને યોગ્ય માર્ગદર્શન મળે એ માટે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં તાલકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહિર તથા બાબુભાઈ ચૌધરી અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




પેજ પ્રમુખોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# બાલારામ નદીમાં ડૂબી જવાથી પાટણના યુવકનું મોત



પાલનપુર

ઉત્તર ગુજરાતના મીની કાશ્મીર ગણાતા પવિત્ર યાત્રાધામ બાલારામ ખાતે નદીમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે બાલારામમાં નદી આવી છે. ત્યારે સહેલાણીઓ સહિત યાત્રિકો નદીનો નજારો માણવા ઉમટી રહ્યા છે. ત્યારે આજે પાટણ જિલ્લાનો અજીમણા ગામ નો ૨૨ વર્ષીય યુવક પ્રવીણભાઈ બળદેવભાઈ ઠાકોર તેના મિત્રો સાથે બાલારામ આવ્યો હતો.

જ્યાં મિત્રો સાથે આ યુવક પણ નદીમાં નાહવા પડ્યો હતો. જ્યાં નદીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું. તરવૈયાઓએ યુવકને નદીમાંથી બહાર કાઢતા તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. દરમિયાન, મૃતકના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પાટણના યુવકના આકસ્મિક મોત ને પગલે તેના મિત્ર વર્તુળમાં રોકકળ મચી ગઈ હતી. આમ, દર વર્ષે બાલારામ નદી માનવ જિંદગી નો ભોગ લે છે. ત્યારે સહેલાણીઓ સતર્કતા દાખવે તથા પ્રશાશન પણ તકેદારીના પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

# થરાદ તાલુકાના ગામોમાં કાયમી ભરાતા પાણીના નિકાલનું નક્કર આયોજન શું ?

### થરાદની નજદીક આવેલાં ત્રણ ગામોમાં ભરાયેલાં પાણી આઠ મહીને ઓસર્યાં હતાં



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના નાગલા ગામમાં તો જુલાઇ ૨૦૧૩ માં એક દિવસમાં ખાબકેલા ૧૦ ઈંચ વરસાદના કારણે ઉપરવાસના ૧૦ થી ૧૨ ગામોનું વહેણ આવતાં ૪ થી ૫ ફૂટ પાણી નાગલામાં ભરાઇ ગયું હતું. જેનો ચાર મહિના સુધી નિકાલ નહીં થતાં ગામના બાવન ખેડૂત પરિવારોને અસર થવા પામી હતી.જ્યારે ૨૦૧૫ના જુલાઈમાં આવેલા પુરમાં તાલુકાના ખાનપુર,નાગલા અને ડોડગામમાં ૧૦૦૦ એકર જેટલા વિસ્તારમાં દસથી પંદર ફુટ પાણી ફરી વળ્યાં હતાં.નાગલાના જ ૭૫૦ જેટલા પરિવારો પૈકી ૪૫૦ જેટલા પરીવારોના અબાલવૃધ્ધો ઊપર આભ અને નિચે ધરતીના સહારે પ્લાસ્ટીકનાં મેણીયાંથી બંધાયેલી છાવણીઓમાં અને બાકીનાઓએ તેમના સગાં સંબંધીઓના ઘેર પોતાના પરીવાર અને ઢોરઢાંખર સાથે ઓશીયાળાના જેમ દિવસો વિતાવ્યા હતા.આવી જ હાલત ડોડગામ અને ખાનપુર ગામોના લોકોની પણ થવા પામી હતી.ચાલુ વર્ષે પણ જે પ્રકારે સામાન્ય વરસાદમાં થરાદ શહેરની થઇ છે એવી જ હાલત થરાદથી પાંચ સાત કિલોમીટરના અંતરે આવેલા થરાદ તાલુકાના ડોડગામ અને નાગલા ગામની પણ થવા પામી છે.શુક્રવાર શનિવારના રોજ પડેલા એક સાથે છ ઈંચ વરસાદના કારણે નાગલા ગામમાં ત્રણથી પાંચ ફુટ પાણી શાળા,દુધમંડળી આજુબાજુ ભરાયાં હતા.નાગલા ગામમાંથી ૩૦ જેટલા અને ડોડગામના ૧૦૦ જેટલા પરિવારોને ખેતરોમાંથી સ્થળાંતર કરવામાં આવ્યું હતું.એકંદરે જાંદલા,નાગલા,ડોડગામ,મલુપુર અને વજેગઢના ૫૦૦ જેટલા પરિવારોને અત્યારે અસર થવા

અનુસંધાન પાના નં.૬



થરાદના ગામોમાં આવતા પાણીને અટકાવવા માટેનું ચોક્કસ નિરાકરણ થવુ જરૂરી છે.આ માટે મે સરકારમાં રજુઆત કરી છે અને ખેડુતોને થયેલા નુકશાનનો પણ સર્વે કરવામાં આવશે.આ માટે સરકાર તરફથી પણ પાણીના રિચાર્જ માટે ટ્યુબવેલો બનાવી શકાય છે. (પરબતભાઈ પટેલ, ધારાસભ્ય,થરાદ)



થરાદની વડગામડા વજેગઢની સીમમાં બિનખેતી પડેલી ૫૦૦ એકર જમીન તથા વડગામડા, મલુપુર, કરણપુરા, કોઠીગામ,ઘેસડા ગામોમાં મોટાં તળાવો બનાવી તેનું પાણી ભુગર્ભમાં રિચાર્જ કરવામાં આવે તો આ પાણી આગળ વધતું અટકી શકે તેમ છે. (જીવરાજકાકા,ચેરમેન,થરાદ તાલુકા સહકારી સંઘ)



અગાઉ અમો ખેડુતો હાઈકોર્ટમાં જતાં એપ્રોચ અને ટેઈલ કેનાલ ખોદવામાં આવી હતી.જેની આગળ રહેલ મીઠા રોડ ચાર મીટર ઉંચો છે.જેના નીચેથી મંજુર કરવામાં આવેલું સાયફન મંજુર થવા છતાં પણ બનાવવામાં આવેલું નથી.જેની કામગીરી સરકાર દ્વારા પુર્ણ કરવામાં આવેતો આ પ્રશ્નનું કાયમી નિરાકરણ આવે તેમછે. (સરદારસિંહ વાઘેલા, પ્રવકતા જિલ્લા કોંગ્રેસ સમિતિ)



એક સાથે વરસાદ આવવાની સાથે જ થરાદ તાલુકાના આ ગામોમાં પાણી ભરાવવાની સમસ્યા કાયમી થઈ પડી છે.આથી આવા પાણીનો તાકીદે નિકાલ કરી શકાય તેવા પ્રકારની હેવી મશીનરી સરકારે ગામોમાં ગોઠવી રાખવી જોઈએ જેથી પાણી સામે નુકશાનથી બચાવી શકાય. (આંબાજી સોલંકી, પ્રમુખ, થરાદ તાલુકા કોંગ્રેસ સમિતી)



થરાદ તાલુકાનાં ઉપરવાસનાં ગામોમાંથી આવતા પાણીના આવરાને અટકાવવામાં આવે એજ એક માત્ર વિકલ્પ મારી દષ્ટીએ ઉચિત છે.જો આવતા પાણીને અટકાવીને બે હજાર ફુટના પેટાળમાં ઉતારી દેવામાં આવે તો પાણીના નિકાલની સાથે ભુગર્ભ જળ પણ રિચાર્જ થઈ શકે તેમ છે. (રૂપસીભાઈ પટેલ, પ્રમુખ, થરાદ તાલુકા ભાજપ)

# ડીસા સહિત જિલ્લામાં ગુરૂપુર્ણિમા પર્વની પારંપરીક ઉજવણી

### ગુરૂમંદિરોમાં ભાવિકોનો ભારે ઘસારો



નરસિંહ દેસાઈ

ડીસા

દરેક વ્યક્તિના જીવનમાં ગુરૂનું યોગદાન અમુલ્ય હોય છે.જીવનમાં ઘડતર સંસ્કારોમાં સિંચનમાં ગુરૂ મહત્વની ભુમિકા ભજવે છે.ત્યારે અષાઢ સુદ પુનમનો દિવસ ધાર્મિક રીતે ભારે મહાત્મય ધરાવતી ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવાય છે.

રવિવારના અષાઢ સુદ પુનમ ગુરૂપૂર્ણિમાનું પર્વ હોવાથી વિવિધ મંદિરો અને આશ્રમોમાં ગુરૂપૂર્ણિમાંની રંગારંગ ઉજવણી થઈ હતી.ગુરૂ અને શિષ્યના પવિત્ર સંબંધને આ દિવસે દરેક લોકોએ યાદ કરી ગુરૂ મહિમાના ગુણગાન કરી આશિષ પ્રાપ્ત કર્યા હતા.જેથી દરેક ગુરૂ મંદિરોમાં ભાવિકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો.

ગુરૂપૂર્ણિમાની જિલ્લાભરના ગુરૂમંદિરો સહિત આશ્રમોમાં તેની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.તો વળી કેટલીક જગ્યાએ ગુરૂભંડારા પણ યોજાયા હતા.સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સંતવાણી જેવા કાર્યક્રમોનું પણ આયોજન થયુ હતું.આ ઉપરાંત ગુરૂઓનું પાદુકાપુજન તથા સકિંર્તન પણ હરિ ભક્તો દ્વારા ઠેર ઠેર કરવામાં આવ્યું હતું તથા ગુરૂમંત્ર જપ પણ અનેક જગ્યાએ યોજવામાં આવ્યા હતા.

ગુરૂપૂર્ણિમાનું પાવન પર્વને લઈને પ્રજાજનો દ્વારા વહેલી સવારે ઉઠીને સ્નાન, પૂજા, આદિકર્મોથી નિવૃત થઈને ઉત્તમ અને શુધ્ધ વસ્ત્ર ધારણ કરીને ગુરૂમંદિરોમાં જલને ફુલોની માળા, વસ્ત્ર, ફળ વગેરે અર્પણ કરી ગુરૂભક્તોનો મહિમા વર્ણવ્યો હતો અને ગુરૂના આશીર્વાદ મેળવ્યા હતા.

# પાલનપુર પંથકમાં ગુરૂપૂર્ણિમાની આસ્થાભેર ઉજવણી કરાઈ



(સંજય જોષી)

પાલનપુર

ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ અને શિષ્ય વચ્ચે અનેરો સબંધ રહેલો છે. ગુરૂ મહિમા વર્ણવતી ગુરૂ પૂર્ણિમાની આજે પાલનપુર પંથકમાં ભારે આસ્થાપૂર્વક ઉજવણી કરાઈ હતી.

માનવ જીવનના કલ્યાણ માટે ગુરૂ એ પથદર્શક છે. ત્યારે ગુરૂ-શિષ્યની પરંપરાને ઉજાગર કરતી ગુરુ પૂર્ણિમાની આજે ઠેરઠેર ઉજવણી થઈ રહી છે. ત્યારે હાથિદ્રા ખાતે પ્રકૃતિની ગોદમાં બિરાજમાન પાંડવકાલીન શ્રી હરગંગેશ્વર મહાદેવ મંદિરમાં પણ ગુરૂ પૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.

હાથિદ્રા ઉપરાંત ઉકરડા અને પાલનપુર ખાતે શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમ, શ્રી રામજી મંદિર, કબીર આશ્રમ ખાતે સુશ્રી સરલાબેનના સાનિધ્યમાં સહિત ઠેરઠેર ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરાઈ હતી. જેમાં લોકોએ ગુરુ પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

# સિદ્ધપુર તાલુકાનું મેથાણમાં ૧૧ જુલાઈ "હીરક જયંતી "માટે નવોઢાની જેમ શણગારાયું

### સિદ્ધપુર તાલુકાના ૨૨ ગામોથી ૫૦૦૦ થી વધુ આગાખાન જમાતના લોકો પોતાના ધર્મ ગુરૂનાં નેતૃત્વને ૬૦ વર્ષ ની ઉજવણી ધામધૂમથી કરશે



(પ્રતિ.) સિધ્ધપુર

વિશ્વમાં ઉમદા વેપારી અને માનવ ગરિમાને જાળવતો વર્ગ એટલે શિયા ઈમામી ઈસ્માઈલી મુસલમાન જમાત, જે વિશ્વના ખૂણે-ખૂણે વસેલી છે. જેમના ૪ ગાદીપતિ પ્રિન્સ કરીમ આગાખાંનના નેતૃત્વ ને ૬૦ વર્ષની ઉજવણી ભારે હર્ષોલ્લાસ થી એમના અનુયાયીઓ ઊજવશે.

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાનાં ૨૨ ગામો મેથાણ ગામે ૫૦૦૦ થી વધુ આગાખાંન જમાતના લોકો એકત્ર થઈ પોતાના ધર્મ ગુરૂનાં નેતૃત્વને ૬૦ વર્ષની ઉજવણી માટે સજીધજી તૈયાર બેઠું છે. જ્યાં શિયા ઈમામી ઈસ્માઈલી મોમીન જમાત આ દિને આપ્તજનોને દાન-ધર્મ કરશે,.

૧૧ જુલાઈ આગાખાંન સમાજ પોતાના સમાજનું ૬૦ વર્ષથી નેતૃત્વ કરનારની ખુશાલી રૂપે ડાયમંડ જ્યુબિલી " હિરક જયંતી " ઊજવશે. મૂળ ફ્રાન્સના પ્રિન્સ કરીમ આગાખાંન ૪થા શિયા ઈમામી ઈસ્માઈલી ઈમામતના ૪૯માં ઈમામ આધ્યાત્મ નેતા છે, વર્તમાન આગાખાંનને તેમના દાદા સર સુલતાન મોહમ્મદ શાહ આગાખાંન ૩જાએ વંશજોમાંથી ઉત્તરાધિકારી પસંદ કરવાનાં વિશેષ અધિકાર મુજબ પોતાનો ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા હતા. હજરતઅલીના વારસાને સ્પર્શતા પયગંબરનાં જમાઈ અને શિયાવાદના પ્રથમ ઈમામ ઈસ્લામી ઈમામને ૧૮૧૮ માં આગાખાંનનું બિરુદ મળ્યું છે, પ્રિન્સ કરીમ આગાખાંન ૪થા એ પોતાના વિશ્વભરમાં વસતાં ૧૫ મિલિયન પોતાના સંપ્રદાયનાં લોકકને શિક્ષણ, આવાસ, તેમજ નવી ટેક્નોલોજી દ્વારા જે પડકાર ઉભા થાય છે તેનાથી માહિતગાર,માત્ર સંપ્રદાયના જ નહિ વિશ્વમાં ક્યાંય પણ કોઈ પણ આપતી સમયે આપ્તજનોની વ્હારે આવુંએ આ સમાજનાં આગેવાનીની પોતાના સંપ્રદાયના લોકોને હાકલ છે.

આગાખાંન સમાજના આધ્યાત્મ અને દૈવી પ્રેરણા પામેલા સાંસારિક ગુરૂ પ્રિન્સ કરીમ આગાખાંન દયા, સહિષ્ણુતા, શૈક્ષણિક સંસ્થાઓ, આર્કિટેક્ચર, હોસ્પિટલો અને સ્વાસ્થ્ય સેવામાં અનુદાન માટે હંમેશા તત્પર રહે છે, આ રીતે જરૂરિયાતમંદોને તેઓ અનેક રીતે સ્પર્શ્યા છે. "યા અલી મદદ".

# ભાભરમાંથી એલ.સી.બી.એ નવ જુગારીઓને ઝડપી લેતાં ફફડાટ

### રોકડ રૂ/.૩૩,૭૮૦, સાત મોબાઈલ, બે બાઈક તથા બે ગાડી મળી કુલ રૂ/. ૪,૪૮,૬૮૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભરમાંથી ગઈકાલે પાલનપુર એલ.સી.બી.પોલીસે એક જુગાર ધામ ઉપર રેઈડ કરતા તીનપત્તીનો જુગાર રમતા નવ ઈસમો પોલીસ હાથે ઝડપાઈ ગયા હતા.પોલીસે રૂ./૪,૪૮,૬૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો ત્યારે પોલીસની કાર્યવાહીથી જુગારીયા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

જિલ્લા પોલીસ વડા નીરજકુમાર બડગુજરની સુચનાથી એલ.સી.બી. પી.આઈ. જે.એચ. સિંઘવ અને તેમની ટીમ ખુમાનસિંહ, પ્રકાશચંદ્ર, મહેશ ભાઈ, નરેશભાઈ, ભરતભાઈ, રાજેશકુમાર, દિગ્વિજયસિંહ, ભરતજી, વિષ્ણુભાઈ, ભગવાનભાઈ, નિકુલસિંહ, હરેશદાનની ટીમે રવિવારે ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન બાતમી આધારે ભાભર જુના

અનુસંધાન પાના નં.૬

### ભાભરમાંથી ઝડપાયેલા જુગારીયાની યાદી

રાઠોડ કિતુભા ઉમેદસિંહ રહે.ભાભર, મીર મહેબુંબ મોરાદભાઈ રહે.ભાભર, લીલાભાઈ ટેકચંદભાઈ રહે.ભાભર, ઠક્કર મહેશ કાનજીભાઈ રહે.ભાભર, નાઈ શૈલેષભાઈ વાલાભાઈ રહે.ભીલડી, સિંધી રજાક રઘુભાઈ રહે.ભીલડી, રાઠોડ મંગુભા બાબુભા રહે.ભાભર, ઘાંચી ઈમામ દાઉદભાઈ રહે.ભાભર, ઘાંચી લાલાભાઈ ઈમામભાઈ રહે.ભાભર.

# ગુજરાત વિધાનસભા અધ્યક્ષએ અંબાજી મુકામે માતાજીના દર્શન કર્યા



### ગરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે અધ્યક્ષશ્રી રમણલાલ વોરાએ પાલનપુર ખાતે જૈનમુનિશ્રીઓના આશીર્વાદ મેળવ્યા

પાલનપુર

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરાએ ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. અધ્યક્ષશ્રીએ ગરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મંદિર પરિસરમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી આર.કે.પટેલે માતાજીની ચુંદડીથી અધ્યક્ષશ્રીનું સ્વાગત કર્યુ હતુ.

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે અધ્યક્ષશ્રી રમણલાલ વોરાએ પાલનપુર મુકામે આવેલ તથાગચ્છ જૈન ઉપાશ્રયમાં જૈન મુનિશ્રી રાજતિલક વિજયજી મહારાજ સાહેબ અને ગુરૂજીશ્રી કલ્યાણસાગર વિજયજી મહારાજ સાહેબના આશીર્વાદ મેળવ્યા હતા. જૈન મુનિશ્રી રાજતિલક વિજયજી મહારાજ સાહેબે અધ્યક્ષશ્રીને આશીર્વાદ પાઠવી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અગ્રણીશ્રી રાજુભાઇ ડાભી સહિત અગ્રણીઓ ઉપસ્થિરત રહ્યા હતા.

### લાઈન સુપરવાઈઝરની બેદરકારીથી

# છાપી યુ.જી.વી.સી.એલ.ના હેલ્પરને વિજકરંટ લાગતાં સારવાર અર્થે ખસેડાયો

### શરીર તેમજ બંને હાથ ઉપર દાઝતાં ૧૦૮ દ્વારા પાલનપુર અને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયો

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી યુ.જી.વી.સી.એલમાં ફરજ બજાવતા હેલ્પરને કોટડી ગામે વિજ કામગીરી દરમ્યાન કરંટ લાગતાં શરીર તેમજ બંને હાથ ઉપર ગંભીર રીતે દાઝતાં સારવાર અર્થે ૧૦૮ દ્વારા પાલનપુર ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાલત ગંભીર જણાતાં વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો.

સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ છાપી યુ.જી.વી.સી.એલમાં માહી ખાતે હેલ્પર તરીકે ફરજ બજાવતા નટુભાઈ વી.રોટ શનિવારે વિજ કામગીરી કરવા કોટડી ગામે ગયા હતા. દરમ્યાન લાઈન ચાલુ હોવાના કારણે કામગીરી દરમ્યાન વીજ કરંટ લાગતાં શરીર તેમજ બંને હાથ ઉપર ગંભીર ઈજાઓ પહોંચવા સાથે સખ્ત રીતે દાઝયા હતા. દરમ્યાન વીજ કામગીરીમાં લાઈન સુપરવાઈઝરની ગંભીર બેદરકારી

અનુસંધાન પાના નં.૬

# બાઈક ચાલકની પ્રમાણિકતા રસ્તા ઉપર પડી ગયેલ બેગ મૂળ માલિકને પરત કરી

પાલનપુર

પાલનપુર ખાતે વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (કવિશ્રી બેખબર) આર.ટી.ઓ કચેરીથી બાઈક લઈને ડીસા હાઈવે ઉપર આવી રહ્યા હતા. ત્યારે તેમના બાઈકના હુક ઉપર લટકાવેલ બેગ રસ્તામાં પડી ગઈ હતી. તે દરમિયાન અન્ય એક બાઈક ચાલકને બેગ ઉપર નજર પડતાં તે વિષ્ણુ પ્રસાદની પાછળ પાછળ બાઈક લઈને આવી તેમને રોકાવી બેગ પરત આપી પ્રમાણિકતાના દર્શન કરાવ્યા હતા. હાલમાં બેગ ઉઠાંતરી અને ચિલઝડપના વધતા જતા બનાવો વચ્ચે બાઈક ચાલકે પોતાનો સમય બગાડી ઈમાનદારીને જીવંત રાખી હતી. બેગમાં સહી કરેલો કોરો ચેક, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, આરસીબુક, એટીએમ કાર્ડ વગેરે હતા.

# વડગામના માહી ગામે જળદેવતાના વધામણા



પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ત્રણ એકરમાં પથરાયેલા વડગામના માહી ગામનું ઐતિહાસિક તળાવ મેઘરાજાની પ્રથમ એન્ટ્રીમાં છલકાઈ જતાં ગતરોજ જળદેવતાના વધામણા કરાયા હતા.બનાસકાંઠા જિલ્લા અનુ.જાતિમોરચા પ્રમુખ ભરતકુમાર ડી.પરમારની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમમાં મહામંત્રી પ્રવિણભાઈ સોલંકી, તા.ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ સકસેના, તા.બી.જે.પી.મંત્રી ભોપાલસિંહ ડાભી, તા.અનુ.જાતિ મોરચા પ્રમુખ ગમાનભાઈ વાગડોદા, રાજુભાઈ પરમાર, દિપકભાઈ પુરબિયા, રતિલાલ પરમાર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડગામ વિસ્તારક કનુભાઈ પરમાર(મેઘરજ), મહંત

અનુસંધાન પાના નં.૬

# બ.કાં. જિલ્લા એસ.ટી. સલાહકાર સમિતિમાં નિમણૂંક



પ્રતિ. લાખણી

રાજયની ભાજપ સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના એસ.ટી નીગમ ની સલાહકાર સમિતિની નીમણુંકો કરવામાં આવેલ છે. જેમાં લાખણી ગામના વતની અને છેલ્લા વીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના સક્રીય કાર્યકર્તા તરીકે સંનીષ્ઠ કામગીરી કરતાં દિલીપભાઈ હેમશંકર પુરોહીતની ગુજરાત સરકારે બનાસકાંઠા જિલ્લાની એસ.ટી. નીગમની સલાહકાર સમિતિમાં નીમણુંક કરેલ છે. જેઓ અગાઉ મીડીયા સેલ જિલ્લા ભાજપમાં કામગીરી કરી ચુકેલ છે. તેમજ (રખેવાળ)ના પ્રેસ રીપોર્ટર છે થોડા સમય પહેલા તેમની ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં બનાસકાંઠા જિલ્લા ભાજપ ચુંટણી કમિશન (પંચ) સંપર્ક વિભાગમાં પણ નીમણુંક થયેલ છે. દિલીપભાઈ પુરોહીત બી.એ,

અનુસંધાન પાના નં.૬

## શ્રધ્ધાંજલિ



સ્વ.લક્ષ્મણભાઈ નાનજીભાઈ જુડાળ
સ્વ.૭/૭/૨૦૧૭

ધી ખોડલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ખોડલામાં કોમ્પ્યુટર કલાર્ક તરીકે ફરજ બજાવતા સ્વ.લક્ષ્મણભાઈ નાનજીભાઈ જુડાળનું તા.૦૭/૦૭/૨૦૧૭ ના રોજ આકસ્મિક થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ.

લિ.

શ્રી એલ.એન.જુડાળ — ચેરમેનશ્રી
શ્રી એલ.કે.જુડાળ — મંત્રીશ્રી

ધી ખોડલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ના કમિટી સભ્યો, સભાસદો તથા કર્મચારી ગણ

